દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 194 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૬ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મોંઘવારી સામે મોદીનો માસ્ટરસ્ટ્રૉક

## દિવાળી સુધીમાં જીએસટી ઘટશે ▸ સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પરથી દેશને સોગાત ▸ આમઆદમી – લઘુ ઉદ્યોગોને બખ્ખાં થશે



નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં જીએસટી (ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ)ના દરમાં ઘટાડો કરવાનો શુક્રવારે નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે સામાન્ય જનતાના હિતાર્થે અને લઘુ ઉદ્યોગોના વિકાસ માટે જીએસટીના દરોમાં ફેરફાર કરાશે.

મોદીએ સ્વાતંત્ર્ય દિને સતત ૧૨મી વખત રાષ્ટ્રને સંબોધતા જણાવ્યું હતું કે 'સમૃદ્ધ ભારત' માટે ફાઇટર જેટ એન્જિનના નિર્માણથી લઇને ઊર્જા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે સ્વાવલંબી બનવું જરૂરી છે. દેશના સંરક્ષણ કવચ 'સુદર્શન ચક્ર' (એસ-૪૦૦)એ તાજેતરના ઑપરેશન સિંદૂરમાં શત્રુઓના હુમલાને રોક્યા હતા.

વડા પ્રધાને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાલ કિલ્લા પરથી ૧૦૩ મિનિટનું પ્રવચન કરતા જણાવ્યું હતું કે અમેરિકા પોતાના હિતાર્થે 'રક્ષણાત્મક' અભિગમ અપનાવી રહ્યું છે ત્યારે ભારતની જનતાએ 'સ્વદેશી' માલસામાન ખરીદવાનો આગ્રહ રાખીને દેશને સમૃદ્ધ અને સ્વાવલંબી બનાવવામાં યોગદાન આપવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે આપણે બીજાની લીટી નાની કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

### બીજું શું બોલ્યા?

'સ્વદેશી' સામાન ખરીદીને દેશને સમૃદ્ધ બનાવો

ભારતીય ઉત્પાદકોનો મંત્ર 'દામ કમ, દમ જ્યાદા' હોવો જોઇએ

ઘૂસણખોરો દેશની સુરક્ષા સામે જોખમ ઊભું કરી રહ્યા છે

## ૯૦% ચીજો સસ્તી થશે

જીએસટીના દર ૫% અને ૧૮% રહેશે, માત્ર સાત જણસ પર જ ૪૦%

નવી દિલ્હીઃ નાણાં મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે અમે જીએસટીના ત્રણ દર – પાંચ ટકા, અઢાર (૧૮) ટકા અને ચાળીસ (૪૦) ટકા રાખવાની દરખાસ્ત રજૂ કરી છે. સામાન્ય વપરાશની ચીજો પર જીએસટીના બે દર (૫ ટકા અને ૧૮ ટકા) જ રાખવાની અને તમાકુના ઉત્પાદનો તેમ જ લક્ઝરી ચીજોનો સમાવેશ કરતી અમુક ચોક્કસ (સાત) ચીજો પર ૪૦ ટકાનો ખાસ દર રાખવાની દરખાસ્ત પ્રધાનોના ગ્રૂપને મોકલી છે.

જીએસટી કાઉન્સિલ નવા કર માળખાને મંજૂરી આપે તે પછી હાલમાં ૧૨ ટકા જીએસટી ધરાવતી ૯૯ ટકા ચીજો પાંચ ટકાના દરમાં આવી જશે અને તે રીતે હાલમાં જેના પર ૨૮ ટકા જીએસટી લાગે છે તેવી અંદાજે ૯૦ ટકા ચીજો પરનો જીએસટીનો દર ઘટીને ૧૮ ટકા થશે. તમાકુના ઉત્પાદનો સહિતની માત્ર સાત ચીજો પર જીએસટીનો ખાસ દર ૪૦ ટકા વસૂલવામાં આવશે, પરંતુ તેવી ચીજો (જુઓ પાનું ૨) ▸▸

## સદીની સેવાયાત્રાઃ સંઘને પીએમની સલામ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષની સરાહના કરતા કહ્યું હતું કે આ વિશ્વના સૌથી મોટા એનજીઓની ભવ્ય ગૌરવપ્રદ યાત્રા છે અને દેશને સમર્પિત સેવા કરવા માટે તેના બધા સ્વયંસેવકોની પ્રશંસા કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી આઝાદી દિનના તેમના સંબોધનમાં કહ્યું હતું કે દેશનું ઘડતર ફક્ત સરકારે કે સત્તામાં રહેલા લોકોએ કર્યું નથી. આના ઘડતરમાં સંતો, ઋષિઓ, વિજ્ઞાનીઓ, શિક્ષકો, ખેડૂતો, શ્રમિકો, વ્યક્તિઓ અને સંસ્થાઓ સહિત કરોડો લોકોનું યોગદાન છે. ભૂતકાળમાં પ્રચારક રહેલા મોદીએ કહ્યું હતું કે આજે હું એક વાત ગર્વ સાથે કહેવા

(જુઓ પાનું ૨) ▸▸

### ઈઝરાયલના આયર્ન ડૉમની જેમ...

## દેશનું સુરક્ષા કવચ બનશે સુદર્શન ચક્ર

નવી દિલ્હીઃ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સ્વતંત્રતા દિવસે અનેક જાહેરાતો કરી છે. જેમાં પીએમ મોદીએ દેશની સુરક્ષા મુદ્દે મોટી જાહેરાત કરી છે. તેમણે મિશન સુદર્શન ચક્ર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે ભારતના સુરક્ષા કવચ તરીકે કામ કરશે. જેમાં દેશની મહત્ત્વના સ્થાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે વર્ષ ૨૦૩૫ સુધી દેશના મહત્ત્વના સ્થાનોમાં જાહેર સ્થળોમાં હોસ્પિટલ, રેલવે સ્ટેશન અને આસ્થાના

(જુઓ પાનું ૨) ▸▸

## પહેલી નોકરી મેળવનારને સરકાર ૧૫,૦૦૦ આપશે

### ખાનગી કંપનીઓને પણ પ્રોત્સાહન આપવા રકમ ચૂકવાશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પરથી જાહેર કરેલી 'પ્રધાન મંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' હેઠળ ખાનગી ક્ષેત્રની કંપનીમાં પહેલી નોકરી મેળવનારા યુવાન પુરુષો અને મહિલાઓને સરકાર દ્વારા રૂપિયા ૧૫,૦૦૦ સીધા આપવાનો અને રોજગારીની તક ઊભી કરતી કંપનીઓને પણ પ્રોત્સાહન તરીકે અમુક રકમ આપવાનો સમાવેશ થાય છે.

મોદીએ જણાવ્યું હતું કે સરકારે રોજગારી

(જુઓ પાનું ૨) ▸▸



ઘડાકો જબરજસ્તઃ બેંગલૂરુમાં શુક્રવારે થયેલા મોટા સિલિન્ડર વિસ્ફોટમાં આખું મકાન જ તૂટી પડ્યું હતું. આમાં એક દસ વર્ષના છોકરાનું મૃત્યુ થયું હતું. (એજન્સી)






## આતંકવાદીઓના આશ્રયદાતાઓને નહીં બક્ષીએઃ પાકિસ્તાનને ચેતવણી

નવી દિલ્હીઃ લાલ કિલ્લાના મંચ પરથી પાકિસ્તાનીઓને સ્પષ્ટ ચેતવણી આપતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે આતંકવાદીઓ અને તેમને સલામત સ્વર્ગ પૂરું પાડનારાંઓ સાથે પણ સમાન વર્તન થશે.

પાકિસ્તાન ભવિષ્યમાં પણ આવું દુઃસાહસ કરશે તો ભારતીય સેના તેનો જડબાતોડ જવાબ આપશે, એમ તેમણે કહ્યું હતું.

ભારતના ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે દેશને સંબોધન કરતાં ઑપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરી મોદીએ કહ્યું હતું કે ભારતીય સેનાએ દુશ્મન દેશને તેમની કલ્પના બહારની સજા આપી હતી અને સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે પાકિસ્તાન દ્વારા

(જુઓ પાનું ૨) ▸▸

## 'સ્થૂળતા મોટો પડકાર'

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે દેશમાં સ્થૂળતા એ મોટો પડકાર છે અને દરેક ભારતીયે આ પડકાર સામેની લડતમાં યોગદાન આપવું જ જોઈએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૭૯મા આઝાદી દિનના તેમના સંબોધનમાં કહ્યું હતું કે નિષ્ણાતો એવી ચેતવણી આપે છે કે આગામી વર્ષમાં ત્રણ વ્યક્તિમાંથી એક મેદસ્વી હશે. તેમણે તેમના અગાઉના સૂચનને દોહરાવ્યું હતું કે રસોઈ માટે ૧૦ ટકા ઓછું તેલ વાપરો. મોદીએ કહ્યું હતું કે હું જ્યારે ફિટનેસ અને ખેલકૂદ પર વાત કરું છું ત્યારે હું એક ચિંતાની બાબત પર વાત કરવા માગું છું. આપણા દેશ માટે સ્થૂળતા ગંભીર કટોકટી બની છે અને આપણા દેશના દરેક કુટુંબને આ વાત ગંભીરતાથી લેજો. મેદસ્વી રોકવા માટે ઘણાં પગલાં લેવા જ જોઈએ. મારું

(જુઓ પાનું ૨) ▸▸

## પશ્ચિમ બંગાળમાં અકસ્માતઃ ૧૦નાં મોત

બર્દવાનઃ પશ્ચિમ બંગાળના પૂર્વ બર્દવાન જિલ્લામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયા છે અને ૩૫ લોકો ઘાયલ થયા છે. જેમાં વહેલી સવારે એક પેસેન્જર બસ એક ટ્રેક્ટર સાથે અથડાઈ હતી. આ બસ બર્દવાનથી બિહારના દુર્ગાપુર જઇ રહી હતી.આ ખાનગી પેસેન્જર બસ પાર્ક કરેલા ટ્રેક્ટરના પાછળના ભાગ સાથે અથડાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત પૂર્વ બર્દવાનમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૧૯ના નાલા ફેરી ઘાટ પર થયો હતો.

આ અંગે મળેલી માહિતી મુજબ આ તમામ લોકો બિહારના છે. તેમજ ગંગા સ્નાન કરીને પરત જઇ રહ્યા હતા. આ બસમાંછ બાળકો સહિત ૪૫ લોકો સવાર હતા. જેમાં તમામ ૬ બાળકો ઘાયલ થયા છે. ઇજાગ્રસ્ત લોકોની સંખ્યા ૩૫ છે. આ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોમાં ૮ પુરુષ અને બે મહિલા છે. જ્યારે તમામ ઇજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દુર્ઘટના બાદ સ્થાનિક લોકો, પોલીસ અને વહીવટીતંત્રએ ઘાયલોને આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જેમાં અનેક ઘાયલોની સ્થિતી નાજુક છે. જેના લીધે મૃતકોની સંખ્યા વધી શકે છે. પ્રારંભિક માહિતી મુજબ બસના ડ્રાઇવરે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવ્યો હતો. જેના લીધે આ અકસ્માત સર્જાયો હતો.

## સંઘની પ્રશંસા ડાબેરીઓને ખૂંચી

નવી દિલ્હી : ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી)ના મહાસચિવ એમએ બેબીએ શુક્રવારે કહ્યું કે તે ''ખૂબ જ દુઃખદ'' છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં આરએસએસની પ્રશંસા કરવાનું પસંદ કર્યું અને તેને શંકાસ્પદ ઐતિહાસિક રેકોર્ડ ધરાવતું સંગઠન ગણાવ્યું હતું. વડા પ્રધાન મોદીએ શુક્રવારે આરએસએસના ૧૦૦ વર્ષના કાર્યકાળને વિશ્વના સૌથી મોટા એનજીઓની ખૂબ જ ગર્વ અને ગૌરવશાળી સફર ગણાવી અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત સેવા માટે તેના તમામ સ્વયંસેવકોની પ્રશંસા કરી હતી. ૭૯મા સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રને શુભેચ્છા પાઠવતા સંદેશમાં બેબીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીની હત્યા બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને ઇતિહાસકારોએ કોમી રમખાણો ભડકાવવામાં સંગઠનની ભૂમિકાનું દસ્તાવેજીકરણ કર્યું છે.

૭૯મા સ્વતંત્રતા દિવસ પર મારી હાર્દિક શુભેચ્છાઓ. વસાહતી શાસનથી મુક્તિ મેળવવાની ભારતની સફર લાંબી અને કઠિન હતી. શહીદ ભગતસિંહ અને અશફાકુલ્લાહ ખાન જેવા શહીદો ફક્ત આજે જ નહીં, પરંતુ દરરોજ આપણી યાદોમાં જીવે છે, એમ બેબીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું.

## મૅલબર્નમાં આઝાદી દિનની ઉજવણીના રંગમાં ભંગ પાડ્યો ખાલિસ્તાની ટેકેદારોએ

મૅલબર્નઃ ઑસ્ટ્રેલિયામાં શુક્રવારે ભારતના ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ખાલિસ્તાનતરફી ટેકેદારોના જૂથે અવરોધ ઊભો કર્યો હતો. મૅલબર્નસ્થિત ભારતીય એલચી કચેરીની બહાર આ ઘટના બની હતી.

એક અહેવાલ મુજબ ખાલિસ્તાન તરફી જૂથના ટેકેદારોએ ભારતીય સમુદાય દ્વારા ભારતના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં અવરોધ ઊભો કરી તેને ખોરવી નાખી હતી.

ભારતીય સમુદાયના લોકો તિરંગો લહેરાવીને રાષ્ટ્રગીત ગાઈ રહ્યાં હતાં તે સમયે ખાલિસ્તાનતરફી ટેકેદારો ખાલિસ્તાનનો ધ્વજ લહેરાવી રહ્યા હોવાનું વીડિયોમાં જોઈ શકાતું હતું. સ્થાનિક વહીવટીકર્તાઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતિને વધુ વણસતી અટકાવી હતી. આ ઘટનાને ઑસ્ટ્રેલિયામાં ખાલિસ્તાનતરફી વધી રહેલી પ્રવૃત્તિના ભાગરૂપ જોવામાં આવે છે. ગયા મહિને મૅલબર્નસ્થિત સ્વામીનારાયણ મંદિર અને એશિયન રૅસ્ટોરાંમાં ધિક્કારપૂર્ણ લખાણ જોવા મળ્યું હોવાનાં એક જ દિવસ અગાઉ ઍડેલેઈડમાં પાર્કિંગને લગતા વિવાદને મામલે એક ભારતીય પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જીએસટીમાં ઘટાડાથી મોંઘવારી ઘટશે, સામાન્ય લોકોને ફાયદો

**ભારતનો** સ્વાતંત્ર્ય દિન ઉજવાઈ ગયો ને દર વરસની જેમ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવીને ભાષણ પણ ફટકારી દીધું. મોદીએ અત્યાર સુધી સ્વાતંત્ર્ય દિને કરેલાં ભાષણોમાં સૌથી લાંબું ૧૦૩ મિનિટનું ભાષણ આ વખતે કર્યું. આ ભાષણમાં મોટા ભાગનો સમય સરકારની સિધ્ધીઓની બડાઈ મારવામાં જ ગયો પણ ત્રણ બાબતો અત્યંત મહત્વની છે કેમ કે લોકોને સીધી સ્પર્શે છે. પહેલી બાબત દેશમાં મહત્ત્વનાં સ્થાનો માટે સુરક્ષા કવચ બનાવવા માટે સુદર્શન ચક્ર મિશન છે. બીજી બાબત દેશના યુવાઓને જંગી પ્રમાણમાં રોજગારી આપવા માટે ૧ લાખ કરોડના ફંડની જાહેરાત છે અને ત્રીજી બાબત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના દરોમાં જંગી કાપની જાહેરાત છે. જીએસટીના દરોમાં ઘટાડાથી ચીજોના ભાવ ઘટશે ને મોંઘવારી ઘટશે તેથી સામાન્ય લોકોને મોટો ફાયદો થશે.

સુદર્શન ચક્ર મિશન યોજના મહત્ત્વની છે કેમ કે આ યોજના દેશની સુરક્ષા સાથે જોડાયેલી છે. ભારતને એવા પાડોશીઓ મળ્યા છે કે જે ભારતને મેથી મારવાની કોઈ તક છોડતા નથી. ભારતની બજાવવા માટે નવાં નવાં સમીકરણો પણ રચાયા કરે છે તેથી ભારતે સિક્યુરિટીના મામલે ભારત પર ખતરો વધતો જ જાય છે. આ ઓછું હોય તેમ જૂનાં લવરિયાં અમેરિકા અને પાકિસ્તાન પાછાં એક થઈ રહ્યાં છે. આ કારણે પાકિસ્તાન પાછું છાકટું થવા માંડ્યું છે ને પાકિસ્તાન છાકટું થાય એટલે આતંકવાદીઓ પણ છાકટા થવાના જ તેથી ભારતને આ પ્રકારના મિશનની જરૂર છે જ.

પાકિસ્તાનના તો આર્મી ચીફ આસીમ મુનીર પણ ભારતમાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વનાં સ્થળો પર મિસાઈલો છોડવાની ખુલ્લી ધમકી આપી રહ્યા છે. આ કારણે ભારત પોતાની સુરક્ષા વધારવા માટે જે કંઈ કરે એટલું ઓછું છે. સુદર્શન ચક્ર મિશન ઈઝરાયલના આયર્ન ડોમ પ્રોજેક્ટમાંથી પ્રેરણા લઈને હાથ ધરાયો છે. હમાસ અને ઈરાને ઈઝરાયલને ખેદાનમેદાન કરવા માટે કરેલા હુમલામાં આયર્ન ડોમનું સુરક્ષા કવચ અકસીર સાબિત થયું હતું. ઈઝરાયલ પોતાના પાવર પ્લાન્ટ્સ સહિતનાં મહત્ત્વનાં સ્થળોને નિશાન બનાવીને કરાયેલા હુમલાને નાકામ કરી શક્યું તેનો યશ આયર્ન ડોમને જાય છે. ભારત પર પણ ઈઝરાયલ જેટલો જ ખતરો છે તેથી ભારતે પણ સુદર્શન ચક્ર બનાવવું જ જોઈએ. ભારત આ પ્રોજેક્ટ ૨૦૩૫ સુધીમાં પૂરો કરવાનું છે ને આશા રાખીએ કે સમયસર આ પ્રોજેક્ટ પૂરો થઈ જાય કેમ કે ભારત સામેની ઉગ્રતા વધી રહી છે.

મોદીએ યુવાઓને રોજગારી આપવા માટે પ્રધાનમંત્રી વિકસિત ભારત યોજનાની જાહેરાત કરી એ પણ મહત્ત્વની છે. આ યોજના હેઠળ મોદી સરકાર ૧ લાખ કરોડ રૂપિયા વાપરવાની છે અને પહેલી વાર નોકરી કરનારા યુવાઓને ૧૫ હજાર રૂપિયા આપશે. દેશના લગભગ સાડા ત્રણ કરોડ યુવાઓને આ સ્કીમનો લાભ મળશે. મતલબ કે સાડા ત્રણ કરોડ પરિવારોનું ભલું થશે.

આ સ્કીમ કરોડો પરિવારોને ફાયદો કરાવશે જ પણ યુવાઓને પણ બેકાર બેસી રહેવાના બદલે નોકરી કરવા માટે પ્રોત્સાહિત કરશે અને યુવાઓમાં કામ કરવાની આદત પણ પાડશે. તેનું કારણ એ કે, મોદી સરકાર કોઈ યુવાન નોકરીએ જોડાય કે તરત તેના હાથમાં ૧૫ હજાર રૂપિયા પકડાવી દેવાની નથી પણ નોકરીના છ મહિના પૂરા થાય એટલે સાડા સાત હજાર રૂપિયાનો પહેલો હપ્તો આપશે ને વરસ પૂરું થાય એટલે સાડા સાત હજાર રૂપિયાનો બીજો હપ્તો આપશે. મતલબ કે, સરકાર પાસેથી પૂરા ૧૫ હજાર રૂપિયા જોઈતા હોય તો બાર મહિના નોકરી કરવી જ પડે. યુવાઓને નોકરી આપનારી કંપનીઓને પણ સરકાર સબસિડી અને ઈન્સેન્ટિવ્સ આપવાની છે તેથી કંપનીઓને પણ યુવાઓને નોકરી આપવામાં રસ પડશે. ભારતમાં રોજગારીની સમસ્યા બહુ મોટી છે. આ સ્કીમના કારણે સમસ્યા થોડી હળવી થશે એવી આશા રાખી શકાય. મોદી સરકારે તાત્કાલિક રીતે આ સ્કીમનો અમલ શરૂ પણ કરી દીધો છે.

મોદીની જીએસટીના દરોમાં ઘટાડાની જાહેરાત સૌથી મહત્ત્વની છે કેમ કે તેનો ફાયદો દેશના દરેક પરિવારને મળશે. ભારતમાં સરકારી આંકડામાં મોંઘવારી દેખાતી નથી પણ ભાવો બેફામ વધ્યા છે અને સામાન્ય માણસનો મરો થઈ જ રહ્યો છે. સરકારી આંકડામાં મોંઘવારીનો દર દોઢ-બે ટકા બતાવાય છે એ વાસ્તવિક નથી. વાસ્તવિક રીતે મોંઘવારી બહુ વધારે છે ને જીવનજરૂરી ચીજોની ખરીદી પણ સામાન્ય માણસની પહોંચની બહાર જતી રહી છે.

ભારતમાં મોંઘવારી સૌથી મોટી સમસ્યા છે પણ કોઈ સરકાર તેને નાથી શકતી નથી. સત્તામાં આવતાં પહેલાં દરેક પક્ષ મોંઘવારી નાથીને લોકોને રાહત આપવાની વાતો કરે છે પણ સત્તામાં આવ્યા પછી કશું કરતો નથી, મોદી સરકારનો ટ્રેક રેકોર્ડ પણ એવો જ છે પણ મોડે મોડે પણ મોદી સરકાર મોંઘવારીને નાથવાની દિશામાં નક્કર પગલાં લેવાની દિશામાં આગળ વધતી હોય તો તેની પ્રશંસા કરવી જ જોઈએ.

મોદી સરકારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના માળખામાં ત્રિસ્તરીય સુધારાની બ્લુ-પ્રિન્ટ બનાવી છે. તેના આધારે મોદીએ સ્વાતંત્ર્ય દિને વચન આપ્યું છે કે સામાન્ય ઉપયોગની વસ્તુઓ પરના કરમાં મોટા પાયે ઘટાડો કરવામાં આવશે. કેન્દ્ર સરકારે બનાવેલી બ્લુપ્રિન્ટ બે વધુ ચર્ચા માટે મંત્રીઓના ગ્રૂપ (જીઓએમ)ને મોકલવામાં આવી છે અને આવતા મહિને જીએસટી કાઉન્સિલની બેઠકમાં ચર્ચા કરીને દિવાળી પહેલાં તેનો અમલ કરીને લોકોને દિવાળીની ગિફ્ટ આપવાની મોદી સરકારની યોજના છે.

મોદી સરકારની બ્લુ-પ્રિન્ટમાં મહત્ત્વની ચીજો પર કર ઘટાડવા ઉપરાંત માળખાકીય સુધારા પણ કરાશે અને સ્ટાર્ટ અપ્સને વધારે પ્રોત્સાહન અપાશે. મોદી સરકાર ચોક્કસ ક્ષેત્રોમાં ડ્યૂટી સ્ટ્રક્ચરમાં સુધારા કરવાની છે કે જેથી તેમના પરનો કરબોજ ઘટે અને આ ક્ષેત્રોમાં તેજી આવે. આ સિવાય સ્ટાર્ટ અપ્સ માટે ખાસ ડ્યૂટી સ્ટ્રક્ચર સહિતનાં પગલાં પણ ભરાશે તેથી તેમને પણ પ્રોત્સાહન મળશે.

ભારત માટે આ સુધારા જરૂરી છે કેમ કે અમેરિકાના ટૅરિફ પછી ભારતીય કંપનીઓને પડનારા ફટકાને સરભર કરવા માટે તેમને રાહતો આપવી જ પડે પણ સામાન્ય લોકોને રાહત મળશે એ મોટી વાત છે.

મોદી સરકાર જીએસટી સ્ટ્રક્ચરમાં કેવા ફેરફાર કરશે એ ખબર નથી પણ જીવન જરૂરિયાતની ચીજો પર સરેરાશ પાંચેક ટકા પણ ઘટાડો કરે તો લોકોને બહુ મોટી રાહત મળશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧૬-૮-૨૦૨૫, કાલાષ્ટમી, ગોપાલકાલા

- ભારતીય દિનાંક ૨૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૮ (તા. ૧૭મી) સુધી, રોહિણી
- ચંદ્ર મેષમાં સવારે ક. ૧૧-૪૩ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૮ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૧૦-૨૭, રાત્રે ક. ૨૩-૧૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – અષ્ટમી. અશ્વત્થ મારુતિ પૂજન, કાલાષ્ટમી, ગોપાલકાલા, મન્વાદિ, સૂર્ય અને મહાનક્ષત્ર મઘા અને સિંહમાં બપોરે ક. ૨૫-૫૧, મું. ૩૦. સામ્યાર્ઘ. વાહન દેડકો (સંયોગિયું નથી) શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ (પ્રયાણે વર્જ્ય) મધ્યરાત્રિ પછી ૨૮-૩૯થી સૂર્યોદય.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય-શનિ દેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ઉંબરાનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પીપળો અને મહાબલી હનુમાનજી પૂજન, તીર્થમાં તર્પણ શ્રાદ્ધ, શિવ પાર્વતી પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર-હર્ષલ યુતિ મૌલિક વિચારના, શુક્ર-રાહુ ત્રિકોણ સ્થિર પ્રકૃત્તિના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ યુતિ, શુક્ર-રાહુ ત્રિકોણ (તા. ૧૭). ચંદ્ર-કૃતિકા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક/સિંહ મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# કિશ્તવાડમાં મરણાંક ૬૦ પર પહોંચ્યો

નવી દિલ્હી/કિશ્તવાડઃ જમ્મુ કાશ્મીરના કિશ્તવાડમાં વાદળ ફાટવાના કારણે અત્યાર સુધીમાં ૬૦ લોકોના મોતની પુષ્ટી થઈ છે અને ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા અને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા સાથે વાત કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મોદીએ અબ્દુલ્લા અને સિન્હા સાથે વાતચીત કરી હતી અને સ્થિતિની જાણકારી મેળવી હતી. 'એક્સ' પર પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે "કિશ્તવાડમાં વાદળ ફાટવા અને પૂરને પગલે પરિસ્થિતિ અંગે જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાજી અને મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાજી સાથે વાત કરી.

અધિકારીઓ અસરગ્રસ્તોને મદદ કરવા માટે જમીન પર કામ કરી રહ્યા છે. અગાઉ શ્રીનગરના બક્ષી સ્ટેડિયમમાં સ્વતંત્રતા દિવસના કાર્યક્રમને સંબોધતા અબ્દુલ્લાએ કહ્યું હતું કે આ દુઃખદ ઘટનામાં ઓછામાં ઓછા ૬૦ લોકો માર્યા ગયા છે અને ૧૦૦થી વધુ ઘાયલ થયા છે. મૃતકોમાં બે સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ) ના કર્મચારીઓ હતા. મૃતકોની ઓળખ માટે અધિકારીઓએ અસરગ્રસ્ત પરિવારો સાથે વોટ્સએપ ગ્રુપ દ્વારા તેમના ફોટા શેર કર્યા જેના પરિણામે ૩૦ લોકોની ઓળખ થઈ હતી.

અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમાંથી ૩૮ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધી શકે છે કારણ કે વધુ લોકો ફસાયેલા હોવાનું માનવામાં આવે છે. ■

# પાકિસ્તાનમાં વરસાદે વિનાશ વેર્યોઃ ૧૫૪ મોત

પેશાવર/ઇસ્લામાબાદઃ પાકિસ્તાન અને પીઓકેના અનેક ભાગોમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદે વિનાશ વેર્યો હતો. ભારે વરસાદને કારણે ૧૫૪ લોકોનાં મોત નીપજ્યા હતા અને અનેક લોકો ગુમ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ શુક્રવારે આપી હતી. બચાવકાર્ય કરી રહેલું એક હેલિકૉપ્ટર પણ તૂટી પડતાં પાંચ જણનાં મોત થયા હતા. બચાવ અધિકારીઓના જણાવ્યા અનુસાર ગુરુવારે રાત્રે પડેલા મુશળધાર વરસાદને કારણે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના લોઅર દીર, બાજૌર અને અબોટાબાદ સહિત અનેક જિલ્લાઓમાં અચાનક પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ બની હતી. જેમાં ૧૬ લોકોના મોત થયા હતા. જ્યારે આઠ લોકો ઘાયલ થયા હતા.

# વરસતા વરસાદમાં રાહુલનું ધ્વજવંદન

નવી દિલ્હીઃ દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે પણ પાર્ટી અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગેએ તિરંગો લહેરાવ્યો હતો.

આ દરમિયાન કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જોકે, આ સમયે વરસાદ પડી રહ્યો હતો. તેમજ રાહુલ ગાંધીએ વરસાદમાં ભીંજાતા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ત્યારે તેમની આ તસવીર સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ રહી છે.

જોકે, ધ્વજ વંદન દરમિયાન મહત્ત્વની વાત એ હતી કે તિરંગો એટલો ઉંચો લગાવ્યો હતો કે તેને રિમોટની મદદથી ફરકાવવો પડ્યો હતો. રાહુલ ગાંધીએ એક્સ પર દેશવાસીઓને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ■

# દિલ્હીમાં દરગાહની દીવાલ તૂટી પડતાં પાંચનાં મોત

નવી દિલ્હીઃ દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં હુમાયુના મકબરા નજીક આવેલી એક દરગાહની દીવાલ તૂટી પડતાં પાંચ જણનાં મોત થયાં હોવાનું પોલીસે કહ્યું હતું. કુલ નવ ઈજાગ્રસ્તને ઍઈમ્સના ટ્રોમા સેન્ટરમાં તો એક વ્યક્તિને એલએનજેપી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. એઈમ્સના ટ્રોમા સેન્ટરમાં સારવાર લઈ રહેલાઓમાંથી પાંચ જણનાં મોત થયા હતા તો બાકીના હજુ સારવાર હેઠળ છે, એમ તેમણે કહ્યું હતું. ■

# સ્વતંત્રતા બલિદાન માગે છેઃ ભાગવત

ભુવનેશ્વરઃ ભારતીયોએ સ્વતંત્રતા પ્રત્યે આત્મસંતુષ્ટ ન રહેવું જોઈએ તે નોંધતા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે કહ્યું કે તેમણે તેને 'જીવંત' રાખવા માટે સખત મહેનત અને બલિદાન આપવાની જરૂર છે અને વિશ્વની સમૃદ્ધિ અને શાંતિમાં પણ યોગદાન આપવાની જરૂર છે.

ભાગવતે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભુવનેશ્વરમાં આરએસએસ કાર્યાલયમાં એક સભાને સંબોધતા આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે સ્વતંત્ર ભારતનું પણ સમગ્ર વિશ્વ પ્રત્યે પોતાનું કર્તવ્ય છે, જે ૨૦૦૦ વર્ષથી અસંખ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે અને તેને દૂર કરવામાં અસમર્થ છે. આપણા પૂર્વજોએ સર્વોચ્ચ બલિદાન આપીને ભારતની સ્વતંત્રતા સુનિશ્ચિત કરી હતી. આપણે પણ તેમના જેવા મહેનતુ બનવાની જરૂર છે અને તેને જીવંત રાખવા અને દેશને આત્મવિશ્વાસ અપાવવા અને ઝઘડામાં ફસાયેલી દુનિયાને માર્ગદર્શન આપવા માટે 'વિશ્વ ગુરુ' તરીકે ઉભરી આવવાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું.

ભાગવતે કહ્યું કે, ભારતીયોએ સ્વતંત્રતા મેળવવા માટે તેમના પૂર્વજોની જેમ ત્રણ પેઢીઓ સુધી સખત મહેનત કરવી જોઈએ, અને ઉમેર્યું હતું કે, આ ભારતના ધર્મ અને બુદ્ધિના આધારે થવું જોઈએ.

તેમણે કહ્યું કે, ભારતીયોએ પણ વિશ્વને માર્ગદર્શન આપવાની જરૂર છે.

તેમણે કહ્યું કે ભારત વિશ્વમાં શાંતિ અને ખુશી લાવવા અને તેના ધર્મને અન્ય લોકો સાથે શેર કરવાનો પ્રયાસ કરે છે. ■

# સરકારની ઍક્સની પૉસ્ટમાંથી નહેરુ, પટેલ આઉટ અને સાવરકર ઇન, શું કામ?

નવી દિલ્હીઃ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ઓફિસિયલ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જે પોસ્ટ કરવામાં આવી છે તે વિવાદનું કારણ બની છે. વિગતે વાત કરવામાં આવે તો, એક્સ પર જે પોસ્ટર શેર કરવામાં આવ્યું છે તેમાં સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુ જોવા નથી મળ્યાં, તેમની જગ્યાએ સાવરકરને સ્થાન આપવામાં આવ્યું છે. હવે આમાં પ્રશ્ન એ નથી કે, સાવરકરને શા માટે સ્થાન આપવામાં આવ્યું? પરંતુ પ્રશ્ન એ છે કે, સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુની બાદબાકી શા માટે કરવામાં આવી? પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પ્રધાન અત્યારે હરદીપ સિંહ પુરી છે. શું તેમને આ પોસ્ટર વિશે જાણકારી છે કે પછી તેમની જાણ બહાર આ પોસ્ટ શેર કરી દેવામાં આવી છે? તેવા સવાલો અત્યારે થઈ રહ્યાં છે. ■

# લાલ કિલ્લાના કાર્યક્રમમાં રાહુલ, ખડગે શું કામ ગેરહાજર?

નવી દિલ્હી : સમગ્ર દેશમાં આજે ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લાલ કિલ્લા પરથી સતત ૧૨ મી વખત તિરંગો ફરકાવ્યો હતો. આ પ્રસંગે તેમણે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. આ પ્રસંગે અંદાજે ૫૦૦૦ થી પણ વધારે મહેમાન હાજર રહ્યા હતા. જોકે, આ કાર્યક્રમમાં દેશના મહત્વના બે નેતા સાંસદ રાહુલ ગાંધી અને કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાઅર્જુન ખડગે ગેરહાજર રહ્યા હતા. જોકે, તેની પર ભાજપે આકરો પ્રહાર કર્યો છે.

રાહુલ ગાંધી અને મલ્લિકાઅર્જુન ખડગે લાલ કિલ્લામાં આયોજિત સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કાર્યક્રમમાં હાજર નહોતા રહ્યા. પરંતુ કોંગ્રેસ પક્ષના કાર્યાલય પર આયોજિત કાર્યક્રમમાં તમામ કોંગ્રેસ નેતાઓ સામેલ થયા હતા. ■

પહેલા પાનાનું ચાલુ

## મોંઘવારી સામે

પોતાની શક્તિ વાપરવાને બદલે આપણી લીટી જ લાંબી કરવામાં વાપરવી જોઇએ.

મોદીએ સ્વાતંત્ર્ય દિને દેશના અન્ય ભૂતપૂર્વ વડા પ્રધાનો કરતાં વધુ લાંબા રાષ્ટ્રજોગ પ્રવચનમાં ઘણી મહત્ત્વની જાહેરાત પણ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે દેશના વિજ્ઞાનીઓ દરિયાની ઊંડાઇએ વિવિધ મિશન હાથ ધરી રહ્યા છે અને આપણે ઊર્જા ક્ષેત્રે પણ સ્વાવલંબી બન્યા છીએ.

મોદીએ જણાવ્યું હતું કે પાડોશી દેશો (ખાસ કરીને બાંગ્લાદેશ)માંથી થતી ઘૂસણખોરીને લીધે ઘણાં રાજ્યની જનસંખ્યામાં મોટા ફેરફાર થયા છે અને આ સમસ્યા ઉકેલવા અમારી સરકાર બનતા દરેક પ્રયાસ કરી રહી છે. ઘૂસણખોરોને લગતી સમસ્યા દેશની સુરક્ષા, એકતા અને અખંડતા સામે મોટું જોખમ છે. ઘૂસણખોરો દેશના યુવાનોની રોજગારી છીનવી રહ્યા છે, જમીન હડપી રહ્યા છે અને દીકરીઓને લલચાવી રહ્યા છે. કોઇ પણ દેશ આવું ચલાવી ન લે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ભારતથી આયાત કરાતા માલસામાન પર પચાસ ટકા ટૅરિફ લાદી છે એવા સમયે દેશ સૅમિકન્ડક્ટર, સોશ્યલ મીડિયા, ખાતર, ઔષધ જેવા વિવિધ ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે અને કોઇના દબાણને વશ નહિ થાય.

તેમણે જણાવ્યું હતું કે ભારતના નાગરિકો સ્થાનિક બજારમાંથી 'સ્વદેશી' માલસામાન જ ખરીદવાનો આગ્રહ રાખશે, તો દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બની જશે. ભારતીય ઉત્પાદકોનો મંત્ર 'દામ કમ, દમ જ્યાદા' (ભાવ ઓછો, પણ ગુણવત્તા સારી) હોવો જોઇએ.

વડા પ્રધાને જણાવ્યું હતું કે અનેક પેઢીના બલિદાનથી દેશને સ્વતંત્રતા મળી હતી અને હવે હાલની પેઢી દેશને 'સમૃદ્ધ ભારત' બનાવવા કટિબદ્ધ છે.

મોદીએ ૨૦ ઑક્ટોબરે આવતી દિવાળી સુધીમાં જીએસટીના દર ઘટાડવાનો નિર્દેશ આપ્યો હતો.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ૧૦૦મા સ્થાપના દિનને ધ્યાનમાં રાખીને વડા પ્રધાને તેની દેશસેવાની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે સંઘ વિશ્વનું સૌથી મોટું એનજીઓ બન્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ત્રાસવાદીઓ અને તેઓને આશ્રય આપનારા લોકોને ભારતીય લશ્કરે ઑપરેશન સિંદૂર દ્વારા ભાવિ દુઃસાહસ કરવા સામે ચેતવણી આપી હતી. ભારત કોઇ પણ દુશ્મન દેશની અણુબૉમ્બની ધમકીથી નહિ ડરે. ભારત સિંધુ જળ કરારને હાલના સ્વરૂપમાં નહિ સ્વીકારે. આ કરાર મુજબ ભારતીય ખેડૂતોના હકનું પાણી પાકિસ્તાન પહોંચાડાતું હતું.

તેમણે જણાવ્યું હતું કે ભગવાન કૃષ્ણ જેવી ભારતની સુરક્ષા-કવચ સિસ્ટમ 'સુદર્શન ચક્ર' દ્વારા દેશે દુશ્મનોના હુમલા રોક્યા હતા અને શત્રુઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે દેશમાં ૧૯૭૫માં કટોકટી લાદનારાઓ બંધારણને મુદ્દે ખોટો હોબાળો કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રે અબજો રૂપિયાનું રોકાણ કરી રહ્યું છે. અણુઊર્જાની ક્ષમતા અનેક ગણી વધારી રહ્યું છે અને દેશમાં મહત્ત્વના દુર્લભ ખનિજ માટે અનેક જગ્યાએ ખનન દ્વારા શોધખોળ થઇ રહી છે. સરકાર ઊર્જા અને ખાતરના ઉત્પાદન માટે મોટું રોકાણ કરી રહી છે. (એજન્સી) ■

## ૯૦% ચીજો

પરનો હાલનો કુલ કરભાર ૮૮ ટકા ચાલુ રખાશે.

સરકાર ચાલુ નાણાકીય વર્ષમાં દૈનિક વપરાશની ચીજો સસ્તી કરવા ટૂંક સમયમાં 'આગામી પેઢીના' જીએસટી દરમાં સુધારા કરવાની દિશામાં આગળ વધી રહી છે.

કેન્દ્રની રાજ્યોના નાણાં પ્રધાનોની સમિતિને મોકલાયેલી દરખાસ્તમાં જણાવાયું હતું કે ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)ના બે સ્લૅબ જ હોવા જોઇએ અને તેમાં ગુડ્સ (માલસામાન) અને સર્વિસીસ (સેવા)નું 'સ્ટાન્ડર્ડ' અને 'મૅરિટ' તરીકે વર્ગીકરણ થવું જોઇએ. આ ઉપરાંત ચોક્કસ ચીજો માટે જીએસટીના ખાસ દર રાખવા જોઇએ.

હાલમાં જીએસટીના ચાર દર - પાંચ ટકા, બાર ટકા, અઢાર ટકા અને અઠ્યાવીસ ટકા છે. ઘણી જીવનાવશ્યક ચીજોને જીએસટીમાંથી મુક્તિ અપાઇ છે અથવા તેના પર ઓછો દર લગાવાય છે, જ્યારે જનતાના સ્વાસ્થ્ય માટે જોખમી અને લક્ઝરી ચીજો પર ઊંચો દર લેવાય છે. પાન મસાલા જેવી સ્વાસ્થ્ય માટે જોખમી અને કાર જેવી લક્ઝરી ચીજો પર કૉમ્પેન્સેશન સેસના અલગ દર વસૂલવામાં આવે છે.

કૉમ્પેન્સેશન સેસ લગાવવાની મુદત ૨૦૨૬ની ૩૧ માર્ચે પૂરી થતી હોવાથી જીએસટી કાઉન્સિલે જે માલસામાન પર હાલમાં આ સેસ લગાવાય છે, તેના પરના ટૅક્સના નવા દર પણ નક્કી કરવા પડશે.

દેશનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને રાજ્યોના નાણાં પ્રધાનોનો સમાવેશ કરતી જીએસટી કાઉન્સિલની સપ્ટેમ્બરમાં મળનારી બેઠકમાં નવા જીએસટી દર અંગે નિર્ણય લેવાય એવી શક્યતા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જીએસટી દરમાં ઘટાડો કરવાનો નિર્દેશ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગ પ્રવચન કરતા આપ્યો હતો. (એજન્સી) ■

## દેશનું સુરક્ષા કવચ

કેન્દ્રોને એક આધુનિક સુરક્ષા કવચથી રક્ષિત કરવામાં આવશે. જેમાં દરેક નાગરિકો સુરક્ષિત મહેસુસ કરી શકશે. આ સ્થળોને ટેક્નોલોજીના નવા માધ્યમ દ્વારા સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવશે. તેમજ આ સુરક્ષા કવચ સતત વિસ્તૃત થશે. તેમજ જેના લીધે દેશનું સુરક્ષા કવચ વધુ આધુનિક બનશે. આ સુરક્ષા ક્વચ રક્ષણ પણ કરશે અને એટેક પણ કરશે. હું આને વર્ષ ૨૦૩૫ સુધી તેને સમગ્ર દેશના વિસ્તારવા માંગુ છું. જે રીતે ભગવાન શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર હતું તે જ રીતે આ ચક્રની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે શ્રી કૃષ્ણે સુદર્શન ચક્રથી સુર્ય પ્રકાશને રોકી દીધો હતો અને દિવસમાં અંધારું કરી દીધું હતું. ત્યારે જ અર્જુને જયદ્રથના વધ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને તેને પૂર્ણ કરી હતી. જે સુદર્શન ચક્રની મદદથી થયું હતું. તેથી દેશ મિશન સુદર્શન ચક્ર લોન્ચ કરશે. ■

## સદીની સેવાયાત્રા

માગું છું કે ૧૦૦ વર્ષ પહેલાં એક સંસ્થા-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો જન્મ થયો હતો. તેની ૧૦૦ વર્ષની રાષ્ટ્રીય સેવા ગૌરવપ્રદ પ્રકરણ રહ્યું હતું. છેલ્લાં ૧૦૦ વર્ષથી આરએસએસના સ્વયંસેવકે વ્યક્તિ નિર્માણ, રાષ્ટ્રનિર્માણ અને માતૃભૂમિનું કલ્યાણના સંકલ્પ પૂરો કરવા તેમનું જીવન સમર્પિત થયું હતું. આજે લાલ કિલ્લા પરથી હું બધા સ્વયંસેવકોને યાદ કરું છું. આરએસએસની ઓળખ સેવા, સમર્પણ, સંગઠન અને અપૂર્વ શિસ્ત છે. સંઘ એક રીતે વિશ્વની સૌથી મોટી નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન છે. આ વખતે કદાચ પહેલી વાર મોદીએ આઝાદી દિનના પ્રવચનમાં પહેલી વાર સંઘ વિશે વાતચીત કરી હતી. ■

## આતંકવાદીઓના

કરવામાં આવતાં ન્યૂક્લિઅર બ્લૅકમેઈલને ભારત હવે સહન નહીં કરે તેમ જ તેનો યોગ્ય જવાબ આપશે. પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે પરમાણુ શસ્ત્રો વાપરવાની ધમકી આપ્યાને પગલે મોદીએ આ નિવેદન કર્યું હતું. પહલગામ આતંકવાદી હુમલાને પગલે ઈન્ડસ વૉટર ટ્રીટી (આઈડબ્લ્યુટી) રદ કરવાનાં ભારતનાં પગલાંને મોદીએ ન્યાયી લેખાવ્યું હતું. મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે લોહી અને પાણી બંને એકસાથે નહીં વહે. (એજન્સી) ■

## પહેલી નોકરી

ઊભી કરવા માટેની આ યોજના માટે રૂપિયા એક લાખ કરોડ ફાળવ્યા છે. આ યોજનાનો અમલ આજથી એટલે કે ૧૫ ઑગસ્ટથી શરૂ કરાયો છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે પ્રધાન મંત્રી વિકસિત ભારત રોજગાર યોજના દ્વારા અંદાજે ૩.૫ કરોડ યુવાનોને નવી નોકરી મળવાની આશા છે. આ યોજનાથી યુવાન બેરોજગારોને વધુ આર્થિક લાભ થશે અને નોકરી આપતી કંપનીઓને પણ પ્રોત્સાહક રકમ ચૂકવાશે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં સૅમિકન્ડક્ટરની ફેક્ટરી શરૂ કરવા ૫૦ (પચાસ) થી ૬૦ વર્ષ પહેલાં રજૂઆત કરાઇ હતી, પરંતુ તેનું 'બાળમરણ' થયું હતું. (એજન્સી) ■

## 'સ્થૂળતા

નાનું સૂચન છે કે તેલ લેતા હોય એના કરતાં ૧૦ ટકા ઓછું લો. મોદીએ વધુમાં કહ્યું હતું કે આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજનાએ લોકને બીમારીમાંથી મુક્ત કર્યા છે. અમે સિનિયર સિટિઝનને તેમની આરોગ્ય જરૂરિયાત માટે રૂપિયા ૫,૦૦,૦૦૦ની મદદ કરીએ છીએ. (એજન્સી) ■

# અમૂલ ડેરીની ૧૨ બેઠક માટે ૧૦ સપ્ટેમ્બરે ચૂંટણી, ભાજપ વિરુદ્ધ સહકાર પેનલના જંગનાં એંધાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ અમૂલ ડેરીની ચૂંટણી માટે ૧૫ નવા મતદારોના વધારા સાથે ૧૨૧૦ મતદારોની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવાઈ છે. આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના ૧૨ બ્લોક તેમજ એક વ્યક્તિગત વિભાગની મળીને કુલ ૧૩ બેઠક માટે ૧૦ સપ્ટેમ્બરે મતદાન યોજાશે. તા. ૧૨મી સપ્ટેમ્બરે મતગણતરી થશે.

આ વખતે ૧૨ બેઠકની ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે રસાકસી થશે. અમૂલ ડેરીની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય ગરમાવો આવ્યો છે. ભાજપ પ્રેરિત પેનલ સામે ભાજપ અને કૉંગ્રેસના અસંતુષ્ટ દાવેદારો સહકાર પેનલ ઉતારે તેમ હોવાથી અમૂલ ડેરીની ચૂંટણીનો જંગ જામે તેવી શક્યતા છે. આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના ૧૨ બ્લોક તેમજ એક વ્યક્તિગત વિભાગની ચૂંટણી અંતર્ગત ૩૦ જુલાઈએ કાચી મતદાર યાદીમાં ૧૧૯૫ મતદારોની યાદી પ્રસિદ્ધ કરાઈ હતી. ૬૧ વાંધા અરજી બાબતે સુનાવણી કર્યા બાદ આખરી મતદાર યાદી જાહેર કરાઈ હતી. અમૂલ ડેરીની ૧૨ બેઠકો પૈકી સૌથી વધુ ૧૧૨ મતદારો કપડવંજ બ્લોકમાં અને સૌથી ઓછા ૮૯ મતદારો પેટલાદ બ્લોકમાં નોંધાયા છે. ૧૩માં બ્લોક તરીકે વ્યક્તિગત સભાસદ વિભાગમાં ૨૩ મતદારો નોંધાયા છે.

કૉંગ્રેસ સમર્થકો દ્વારા ભાજપના સાત અગ્રણીઓ સામે થયેલી વાંધા અરજી નામંજૂર કરાઈ છે. આણંદના ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલ, ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમાર, વાઇસ ચેરમેન કાંતિ સોઢા પરમાર, આણંદ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ જશવંતસિંહ સોલંકી, સહકારી અગ્રણી વિપુલ પટેલનાં પત્ની હેતલબેનનો મતદાર યાદીમાં સમાવેશ કરાયો છે. પેટલાદ અને ઠાસરા બ્લોક મહિલા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવ્યા છે.

ભાજપ દ્વારા ૧૨ બેઠકો ઉપર ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવશે, પરંતુ ભાજપનું નિશાન આપવામાં નહીં આવે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. ભાજપની પેનલના ઉમેદવારોના નિશાન એક સરખા રાખવામાં આવશે. ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

અમૂલ ડેરીની ચૂંટણીની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થતા વિપક્ષી જૂથે નારાજગી વ્યક્ત કરી છે. ૫ થી ૭ દૂધ મંડળીઓએ હાઇકોર્ટમાં જવાની તૈયારી કરી છે. કપડવંજ બ્લોકમાં ૭ અને નડિયાદ બ્લોકમાં ૩ ઉમેદવારોને 'ક' વર્ગમાં મૂકવામાં આવ્યા છે. જેથી 'ક' વર્ગની યાદીને હાઇ કોર્ટમાં પડકારવામાં આવી છે. જેની ૧૯ ઓગસ્ટે સુનાવણી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અમૂલ ડેરીની પ્રાથમિક મતદાર યાદીમાં કેટલાંક નામો બાકાત કરાતાં હોબાળો મચ્યો હતો ચૂંટણી લડવા ઇચ્છુક દાવેદારોના ૪૧થી વધુ મતદારોના નામ બાકાત કરી દેવામાં આવ્યાનો આક્ષેપ કરાયો હતો. ૨૯ ઓગસ્ટના રોજ મુદત પૂર્ણ થતી હોવાથી ચૂંટણી યોજવાના ભાગરૂપે ૧૨૫૮ દૂધ મંડળીઓ પાસે ઠરાવો મગાવ્યા હતા. જેમાંથી ૧૨૩૪ ઠરાવો આવ્યા હતા. તેના આધારે અ,બ,ક અને ડ પ્રમાણે મતદાર યાદી તૈયાર કરી હતી. નડિયાદ બ્લોકમાંથી ભારતસિંહ પરમાર સહિત કેટલાંકના નામ બાકાત કરી દેવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમૂલ ડેરીની ૧૨ બેઠક માટે ૨૦ થી ૨૮ ઓગસ્ટ ફોર્મ ભરી શકાશે. ૨૯ ઓગસ્ટે ફોર્મ ચકાસણી કરાશે. ૩૦ ઓગસ્ટે ફોર્મ પરત ખેંચી શકાશે. હરીફ ઉમેદવારની આખરી યાદી જાહેર કરાશે. ૧૦ સપ્ટેમ્બરે બેલેટ પેપરથી મતદાન થશે અને ૧૨ સપ્ટેમ્બરે સવારે નવ વાગ્યાથી મત ગણતરી યોજાશે. ■

# વડોદરામાં ૧૫ સપ્ટેમ્બરથી હેલ્મેટ ફરજિયાત, ડીલરોને વાહન સાથે બે હેલ્મેટ આપવાની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર પોલીસે તારીખ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫થી તમામ ટૂ-વ્હિલર સવારો (જેમાં પાછળ બેસનારા સવારો પણ સામેલ છે) માટે હેલ્મેટનો ઉપયોગ ફરજિયાત બનાવવા માટે કડક પગલાં શરૂ કર્યા છે. આ પગલું માર્ગ સલામતીનાં ધોરણોનું પાલન ન કરવાને કારણે થતા ભયાનક માર્ગ અકસ્માતો અને ગંભીર ઇજાઓનો સામનો કરવાનો છે.

વડોદરા પોલીસ કમિશનર નરસિંહ કોમરે એક જનજાગૃતિ કાર્યક્રમમાં આ નીતિની જાહેરાત કરી હતી. નાગરિકોને હેલ્મેટના મહત્વ વિશે શિક્ષિત કરવા માટે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરી હતી . ૧૫ સપ્ટેમ્બરથી હેલ્મેટ નિયમ ઝીરો ટોલરન્સ પૉલિસી સાથે લાગુ કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉલ્લંઘન કરનારાઓને અનિવાર્ય દંડ અને કડક કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. કોમરે રહેવાસીઓને તાત્કાલિક હેલ્મેટનો ઉપયોગ શરૂ કરવા અને ખાતરી કરવા માટે પણ અપીલ કરી હતી કે તેમના હેલ્મેટ ભારતીય સલામતી ધોરણોને પૂર્ણ કરે છે. વધુમાં તેમણે ટૂ-વ્હિલર ડીલરોને વેચાણ થતા દરેક નવા વાહન સાથે હેલ્મેટ પ્રદાન કરવા વિનંતી કરી હતી. તે ઉપરાંત નિયમભંગ કરનારા વાહનચાલકો માટે મુક્તિ માંગનારા રાજકીય નેતાઓના કોલને પણ અવગણવામાં આવશે. વાહન ડીલરોને ખાતરી કરવાનું કામ સોંપવામાં આવ્યું છે કે દરેક નવા ટૂ-વ્હિલરને આવા બે હેલ્મેટ સાથે વેચવામાં આવે. આ પગલાનો ઉદ્દેશ્ય હલકીગુણવત્તાવાળા, બિન-પ્રમાણિત હેલ્મેટના પ્રસાર અને ઉપયોગને દૂર કરવાનો છે જે અકસ્માતની સ્થિતિમાં પૂરતું રક્ષણ પૂરું પાડવામાં નિષ્ફળ જાય છે. ■

# અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના ગાદીપતિના પુત્રની પત્નીના કુટુંબીજનોએ ૧૦૦ કરોડ રૂપિયા માગ્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કાલુપુર વિસ્તારમાં આવેલા વિશ્વના સૌપ્રથમ સ્વામિનારાયણ મંદિરના ગાદીપતિના પુત્રએ તેમની જ પત્ની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી ગયો છે. કાલુપુર સ્વામિનારાયણ મંદિરના ગાદીપતી કૌશલેન્દ્ર મહારાજના પુત્ર વ્રજેન્દ્ર પ્રસાદે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં પત્ની અને તેના પરિવારજનોએ ૧૦૦ કરોડ રૂપિયા માગ્યાનો આરોપ લગાવ્યો હતો. વ્રજેન્દ્ર પ્રસાદે ઘાટલોડિયા કાલુપુર પોલીસ સ્ટેશનમાં પત્ની અવંતિકા શુક્લા અને તેના કુટુંબના કુલ છ જણ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વ્રજેન્દ્ર પ્રસાદ દ્વારા અવંતિકા શુક્લ, અજયશંકર શુક્લ, વૈશાલી શુક્લ, ગોકુલભાઈ શુક્લ, શશીકાંત તિવારી અને ગોપાલ પાંડે સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બાબત દર્શાવે છે કે મામલો કેટલો ગંભીર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્રજેન્દ્ર પ્રસાદના લગ્નને લગભગ બે વર્ષ જેટલો સમય થયો છે અને લગ્ન બાદ તેઓ હનીમૂન પર પણ ગયાં હતાં, જો કે બંને વચ્ચે તે સમયથી વિખવાદ ચાલતો હતો.

પ્રારંભમાં તો કૌટુંબિક ધોરણે સમાધાનના પ્રયત્નો થયા હતા, જેમા સફળતા મળી ન હતી. તેના પછી મધ્યસ્થીઓ દ્વારા પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આમ છતાં આ વાતનો કોઈ નીવેડો ન આવતા છેવટે વાત પોલીસ સ્ટેશન સુધી પહોંચી છે. આગામી દિવસોમાં આ કેસમાં અનેક નવા વિવાદો સર્જાય તેવી આશંકા છે. ■

# બરોડા ડેરીની વાર્ષિક સાધારણ સભા પહેલા રાજકારણ ગરમાયું

## પ્રમુખ દિનુ મામાએ કેતન ઈનામદારને પડકાર ફેંક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૪ સપ્ટેમ્બરે બરોડા ડેરીની વાર્ષિક સાધારણ સભા યોજાશે. આ પહેલા જ રાજકારણ ગરમાયું છે. ડેરીના પ્રમુખ દિનેશ પટેલે (દિનુ મામા) વિરોધીઓને પડકાર ફેંક્યો હતો કે તેઓ એક મંચ પર આવીને તેમના આક્ષેપો સાબિત કરે, નહીં તો કોર્ટનો સામનો કરવા તૈયાર રહે.દિનુમામાએ જણાવ્યું કે ૨૦૧૨ પહેલા કૉંગ્રેસના શાસનમાં ડેરીનું ટર્નઓવર ₹૬૩૩ કરોડ હતું, જ્યારે આજે ૧૩ વર્ષ પછી દૂધ મંડળીઓની સંખ્યા ૯૦૦થી વધીને ૧૧૫૬ થઈ છે. તેમણે કહ્યું કે ડેરી વિરુદ્ધ મળેલા ૧૫૩ લેટરપેડમાંથી ૧૦૨ સાવલીના છે અને તેમાં એક જ પ્રકારનું લખાણ છે. તેમણે વિરોધીઓને પડકાર આપ્યો કે તેઓ આરોપો સાબિત કરે અથવા કોર્ટમાં જવાબ આપવા તૈયાર રહે. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે દિનેશ પટેલનો પડકાર સ્વીકાર્યો હતો. તેમણે કહ્યું કે દિનુ મામા જ્યાં પણ સમય, તારીખ અને સ્થળ નક્કી કરે, તેઓ તમામ કામ છોડીને ત્યાં હાજર રહેશે. ઈનામદારે કહ્યું કે આ કોઈ રાજકીય બાબત નથી, પરંતુ લાખો પશુપાલકોની સંસ્થાનો મુદ્દો છે. ■

# જન્માષ્ટમી ટાણે જ દ્વારકાધીશને માખણ મિશ્રી ચઢાવાના નામે ઓનલાઇન ફ્રોડનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ દ્વારકાનાં જગતમંદિરનાં નામે કેટલાક લેભાગુ તત્ત્વો બનાવટી વેબસાઇટ તથા એપ્લિકેશનનાં માધ્યમથી ઓનલાઈન છેતરપિંડી કરી રહ્યા હોવાની ઘટનાઓ તાજેતરમાં બહાર આવી હતી. જે પછી ફરી એક વખત હાલમાં જન્માષ્ટમી પર્વ પર જગતમંદિરે ભગવાન શ્રી દ્વારકાધીશને ચડાવા-ભેટ તથા મોણ-મિશ્રીનાં ભોગ સહિતની સેવાઓ અર્પણ કરવાનો દાવો કરતી એક ઓનલાઈન એપ્લિકેશન પ્રકાશમાં આવતા ખળભળાટ મચી ગયો છે. દેવસ્થાન સમિતિએ પણ આ ફેક વેબસાઈટ હોવાનો ખુલાસો કર્યો હતો.

ઘરમંદિર નામની શંકાસ્પદ એપ્લિકેશન દ્વારા જન્માષ્ટમી પર્વ પર જગતમંદિરે ભક્તોનાં નામે વિવિધ સેવાઓ અર્પણ કરવાનાં નામે રૂ. ૧૫૧, રૂ. ૨૦૧, રૂ.૩૦૧ સુધીની રકમ ઓનલાઈન વસૂલવામાં આવી રહી છે. ઈન્સ્ટાગ્રામમાં પણ આ નામનું એકાઉન્ટ કાર્યરત છે. જે એકાઉન્ટ પરથી ભાવિકોને સીધા એપ્લિકેશન પર ડાયવર્ટ કરવામાં આવે છે. આ મામલે દ્વારકાધીશ મંદિર દેવસ્થાન સમિતિ વતી વ્યવસ્થાપક હિમાંશુ ચૌહાણે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, 'જગતમંદિરે આવી કોઈ સેવા ઉપલબ્ધ નથી. આ મામલે એસ.પી.ને લેખિત ફરિયાદ કરી છે. આવી બનાવટી એપ્લિકેશન અને સોશ્યલ મીડિયા આઇડીથી સાવધાન રહેવા અપીલ છે.'

જન્માષ્ટમી પર્વ પર શ્રીકૃષ્ણ જન્મોત્સવનો લાભ લેવા લાખો શ્રદ્ધાળુઓ દ્વારકા આવે છે, પરંતુ કરોડો ભક્તો એવા પણ હોય છે જે દ્વારકા નથી આવી શકતા ત્યારે જન્માષ્ટમી પર્વ પર આવી બનાવટી વેબસાઈટ દ્વારા જગતમંદિરનાં નામે ભક્તો સાથે કરોડોની છેતરપિંડી થઈ શકે છે. જન્માષ્ટમી પર્વ પર અનેક લોકો આ છેતરપિંડીનો ભોગ બને એ પહેલા જ આ કેસમાં પોલીસે જાતે ફરિયાદી બનીને આ બનાવટી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ચલાવનારા ઠગબાજોને ઝડપી લેવા જોઈએ. ■

# ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે સી. આર. પાટીલને એક્સટેન્શન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે કોના નામની જાહેરાત થશે તેની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જોકે કોઈ કારણોસર પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત સતત પાછળ ઠેલાતી આવે છે. રાજ્યમાં આગામી થોડા મહિનામાં થનારી શહેરી વિસ્તારોની ચૂંટણીઓ વર્તમાન અધ્યક્ષ સી. આર. પાટીલના નેતૃત્વમાં જ લડવામાં આવશે.

ભાજપ હાઈકમાન્ડ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં વ્યસ્ત હોવા અને ત્યારબાદ બિહાર વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, હાલમાં જે.પી. નડ્ડા જ રાષ્ટ્રીય અધ્યક્ષ રહેશે તેવી વાત કહેવામાં આવી રહી છે.

ઉપરાષ્ટ્રપતિ માટે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું નામ પણ ચર્ચામાં છે. આવી સ્થિતિમાં, એવી શક્યતા ઊભી થઈ રહી છે કે ભાજપ ગુજરાતમાં તેના સૌથી સફળ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને જ વધુ કેટલાક મહિનાઓ સુધી જવાબદારી સોંપી શકે છે. નવસારીના સાંસદ અને કેન્દ્રમાં જળ શક્તિ પ્રધાન સી.આર. પાટીલે ૨૦૨૨ની ચૂંટણીમાં તમામ રેકોર્ડ તોડીને ભાજપને ૧૫૬ બેઠકો અપાવી હતી. આવી સ્થિતિમાં, શહેરોની નવી સરકારની ચૂંટણીમાં પટેલ-પાટીલની જોડી જળવાઈ રહી શકે છે. ■

# પોરબંદરમાં મુખ્ય પ્રધાનના હસ્તે ધ્વજવંદનઃ હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરમાં રાજ્ય કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી થઈ હતી. રાજ્ય કક્ષાનો સ્વતંત્રતા દિવસનો મુખ્ય કાર્યક્રમ માધવાણી કૉલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો, જેમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. આ પ્રસંગે તેમણે 'હર ઘર તિરંગા'ની સાથે 'હર ઘર સ્વચ્છતા અભિયાન'માં જોડાવા સૌને અપીલ કરી હતી.

આ કાર્યક્રમની થીમ ''બાપુના પગલે તિરંગા ભારત'' રાખવામાં આવી હતી. જેમાં ૧૫૦ કલાકારોએ પોતાની કળાથી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. બાઇક સ્ટંટ અને તલવાર રાસના પ્રદર્શને લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ સમયગાળામાં ચાર મોટી ઉજવણીઓ થઈ રહી છે. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, બંધારણના ૭૫ વર્ષ અને ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મ શતાબ્દીનો સમાવેશ થાય છે. આ બધી ઉજવણીઓ આપણને દેશ માટે કામ કરવાની અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવાની પ્રેરણા આપે છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાતના યુવાનો હવે નોકરી શોધવાને બદલે નોકરી આપનારા બની રહ્યા છે. મહિલાઓના સશક્તીકરણ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે 'નમો લક્ષ્મી યોજના'નો લાભ અત્યાર સુધીમાં ૧૦ લાખ દીકરીઓને મળ્યો છે. આ ઉપરાંત, દરિયાકાંઠાના વિસ્તારોના વિકાસ અને માછીમારોની પ્રગતિ માટે ₹૩૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ બધા પગલાં ગુજરાતના વિકાસને વેગ આપશે. ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજ્યમાં સવારે ૯ વાગ્યે એકસાથે તમામ જિલ્લાઓમાં ધ્વજવંદન કાર્યક્રમો યોજાયા હતા, જેણે આઝાદીના આ પર્વની ભવ્યતા વધારી હતી. ■

# વડા પ્રધાન મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે, અમદાવાદમાં સભા સંબોધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઓગસ્ટના અંતમાં ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ ૨૪-૨૫ ઓગસ્ટના રોજ બે દિવસ માટે ગુજરાતમાં રહેશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રવાસ દરમિયાન તેઓ અમદાવાદમાં પાટીદારોની બહુમતી ધરાવતાં નિકોલ વિસ્તારમાં જાહેર સભાને સંબોધશે. આ ઉપરાંત, તેઓ બેચરાજી અને વડનગરમાં પણ કાર્યક્રમોમાં હાજરી આપશે.

પીએમના પ્રવાસને લઈને સરકારી તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગાંધીનગરમાં ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ યોજાઈ હતી. નિકોલમાં યોજાનારી જાહેર સભા રાજકીય રીતે પણ મહત્ત્વની માનવામાં આવે છે, કારણ કે આગામી ડિસેમ્બર કે જાન્યુઆરી મહિનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાવાની છે. પૂર્વ અમદાવાદમાં આ સભાનું આયોજન થવાથી નરોડા, ઠક્કર બાપાનગર, નિકોલ અને દસ્ક્રોઈ જેવી વિધાનસભા બેઠકો પર તેની અસર જોવા મળી શકે છે.

વડા પ્રધાન મોદી ગુજરાતના પ્રવાસ દરમિયાન બેચરાજી અને વડનગર જશે. વડનગરમાં તેઓ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબનું ઉદ્‌ઘાટન કરી શકે છે. જ્યારે બેચરાજીમાં તેઓ સુઝુકી મોટર્સના પ્લાન્ટની મુલાકાત લેશે અને ત્યાં કંપનીનાં નવાં બેટરીથી ચાલતાં વાહનોનાં પ્રોડક્શન યુનિટનું ઉદ્‌ઘાટન કરે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લે મે ૨૦૨૫માં ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવાના કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, તેમણે ગુજરાત અર્બન ગ્રોથ સ્ટોરીના ૨૦ વર્ષની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો. ■

# અમદાવાદના ધોળકામાં કોંગો ફીવરથી પશુપાલકના મોતથી લોકોમાં ફફડાટ

અમદાવાદઃ જિલ્લાના ધોળકા તાલુકાના પીસવાડા ગામમાં પશુઓમાં ફેલાતા કોંગો ફીવરના કારણે એક પુરુષનું મૃત્યુ થયું હતું. જેના કારણે ગામમાં ફફડાટ ફેલાયો હતો. પીસાવાડા ગામના ભરવાડ વાસમાં રહેતા ૫૦ વર્ષીય પશુપાલક રાઘુભાઈ ભરવાડનું સીસીએફઓફ રોગના કારણે મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય વિભાગ અને તાલુકાની ટીમો તાત્કાલિક ધોરણે પીસાવાડા ગામ પહોંચી ગઈ હતી. આરોગ્ય વિભાગની પાંચ ટીમોએ ગામમાં સર્વેલન્સ હાથ ધર્યું હતું. અત્યાર સુધીમાં ૧૬૮ ઘરોની મુલાકાત લઈ ૯૦૦ લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જે ઘરમાં સીસીએફઓફનો કેસ નોંધાયો હતો તેની આસપાસના ૩૬ ઘરોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાવીસ જેટલા પશુઓના વાડાઓની સફાઈ અને દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા પશુઓમાં આ રોગનો ફેલાવો અટકાવવા માટે પણ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યાં હતાં. ■

# નવસારીના આતશ બહેરામમાં પારસી સમાજે પતેતી અને નૂતનવર્ષની ઉજવણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીમાં વસતા પારસી પરિવારોએ શુક્રવારે પવિત્ર તહેવાર પતેતી અને પારસી નૂતનવર્ષની ઉમંગભેર ઉજવણી કરી હતી. નવસારીની ૨૫૦ વર્ષ જૂની પારસી અગિયારીમાં સમાજના લોકોએ પવિત્ર આતશ બહેરામનાં દર્શન કરી, પુષ્પ અને સુખડના લાકડાં અર્પણ કરીને પારસી કેલેન્ડર ૧૩૯૫ના નવા વર્ષની શરૂઆત કરી હતી. આ દિવસે પારસીઓએ એકબીજાને નવરોઝની શુભેચ્છાઓ પાઠવી, મીઠાઈઓનું વિતરણ કર્યું હતું.

પારસી સમાજ માટે પતેતી પર્વ એ ભૂલોનો પશ્ચાતાપ કરી મનને શુદ્ધ કરવાનો દિવસ છે. આ પ્રસંગે તેઓ પોતાના ઘર અને આતશ બેહરામના આંગણામાં સાથિયા પૂરે છે અને આસોપાલવના તોરણથી શણગાર કરે છે. નવસારી ઉપરાંત ઉદવાડા અને ભરૂચમાં પણ પારસીઓએ પવિત્ર અગ્નિની પૂજા કરી અને એકબીજાને નવરોઝ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી. ભરૂચના વેજલપુર પારસીવાડ અને કોટ પારસીવાડમાં આવેલી ચાર અગિયારીઓમાં સવારથી જ ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ હતી.

પારસી સમાજના અગ્રણી બોમી જાગીરદારે જણાવ્યું હતું કે નવરોઝના દિવસે પારસીઓ અગિયારીમાં જઈને આતશ બહેરામને સુખડ અને ચંદન અર્પણ કરે છે અને દીવા પ્રગટાવે છે. જેમ દીવો અંધકારને પ્રકાશમાં બદલે છે, તેમ પારસીઓના વિચારો પણ અંધકાર દૂર કરી પ્રકાશમય જીવન તરફ દોરી જાય છે. આ દિવસે પારસીઓ એકબીજાના ઘરે જઈને શુભેચ્છાઓ આપે છે અને મીઠાઈઓનું વિતરણ કરે છે. ઘરે બનાવેલી દાલપૂરી, સેવ અને રવો જેવી મીઠાઈઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર હોય છે.

બોમી જાગીરદારે વધુમાં જણાવ્યું હતું કે, નવરોઝના એક દિવસ પહેલાંનો દિવસ પારસી સમાજ માટે વર્ષનો અંતિમ દિવસ હોય છે, જેને 'પતેતી' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પારસીઓ આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલો માટે પ્રાયશ્ચિત કરે છે. આતશ બહેરામની સાક્ષીએ પ્રાર્થના કરી પારસીઓ નવા વર્ષની શરૂઆત શુદ્ધ મન અને નવા સંકલ્પો સાથે કરે છે. ■

# માજી સૈનિકોનું ૧૯ દિવસથી આંદોલન યથાવત્: ૧૯ ઑગસ્ટે મહારેલીની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરમાં માજી સૈનિકો દ્વારા ચલાવવામાં આવી રહેલું 'ઓપરેશન અનામત' આંદોલન ૧૯મા દિવસે પણ યથાવત રહ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયેલા માજી સૈનિકો અને 'ગુજરાત માજી સૈનિક સંગઠન' દ્વારા ૭૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પાંચ સૈનિકો પ્રતીક ઉપવાસ પર બેઠા છે. અત્રે ઉલ્લેખનીય કે, માજી સૈનિકો લાંબા સમયથી સરકારી ભરતીમાં અનામત બેઠક સહિતની વિવિધ પડતર માગણીઓને લઈને લડત ચલાવી રહ્યા છે. તેમનો મુદ્દો હતો કે, તેમના માટે અનામત રાખવામાં આવેલી બેઠકો કોઈ અન્ય કેટેગરીમાં ફાળવવામાં ન આવે. આ વિશે તેમણે અનેકવાર સરકારમાં રજૂઆત કરી, પરંતુ કોઈ નક્કર ઉકેલ ન મળતાં અંતે આંદોલનનો રસ્તો અપનાવ્યો છે.

માજી સૈનિકોની મુખ્ય માગણી સરકારી નોકરીઓમાં અનામતના અમલીકરણની છે. આ ઉપરાંત ખેતી અને પ્લોટિંગ માટે જમીન, હથિયાર લાઇસન્સ અને પગાર રક્ષણ જેવા મુદ્દાઓ પર પણ તેઓ સરકાર સમક્ષ ન્યાયની માંગ કરી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે આ નિયમો હોવા છતાં તેનું યોગ્ય પાલન થતું નથી, જેના કારણે વિસંગતતાઓ સર્જાય છે.

માજી સૈનિક સેવા સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતે જણાવ્યું હતું કે, આજે અમારા આંદોલનને ૧૯ દિવસ પૂરા થયા છે. અનામતના અમલીકરણને લઈને અમે ધરણા પર બેઠા છીએ. સરકાર સાથે વાતચીત ચાલુ છે, પરંતુ હજુ સુધી કોઈ સુખદ નિરાકરણ આવ્યું નથી.

તેમણે ઉમેર્યું હતું કે, આથી અમારા પાંચ સૈનિક આજે પ્રતીક ઉપવાસ પર બેઠા છે. અમે સરકારને વિનંતી કરીએ છીએ કે આ સૈનિકોને રોડ પર બેસવું ન પડે અને વહેલી તકે આ મુદ્દાનું નિરાકરણ લાવવામાં આવે, કારણ કે આ ગુજરાત માટે એક કલંક છે.

નિમાવતે વધુમાં જાહેરાત કરી કે, જો આગામી દિવસોમાં તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે, તો તારીખ ૧૯ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ એક મહારેલીનું આયોજન કરવામાં આવશે, જેમાં અંદાજે ત્રણથી ચાર હજાર ભૂતપૂર્વ સૈનિકો જોડાશે. જો આ પછી પણ નિરાકરણ નહીં આવે, તો અન્ય સંગઠનો અને આમ જનતાના સહયોગથી સમગ્ર ગુજરાતમાં એક વિશાળ જનમેદની ભેગી કરીને સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ■

# રાજ્યની જેલોમાં કેદ બંદીવાનોના બાળકો તથા વયસ્ક કેદીઓ માટે 'વિકાસદીપ' યોજનાની જાહેરાત

અમદાવાદઃ ગુજરાતની જેલોમાં રાખવામાં આવેલા બંદીવાનોના બાળકો માટે અને જેલોમાં રહેલા વૃદ્ધ તથા બીમાર કેદીઓ માટે મહત્ત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી. બંદીવાનોના બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તેમજ રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા ''વિકાસદીપ'' યોજના અંતર્ગત રોકડ ઇનામ અને પુરસ્કારો આપવાના નિર્ણયો લેવામાં આવ્યો હતો.

સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા પર બંદીવાનના બાળકોને કુલ ત્રણ સ્તરે ઇનામો મળશે, જેમાં પ્રીલિમિનરી પરીક્ષા પાસ કરવા બદલ રૂ.૫,૦૦૧ અને પ્રમાણપત્ર, મેઇન્સ/લખિત પરીક્ષા પાસ કરવા બદલ રૂ.૧૦,૦૦૧ અને પ્રમાણપત્ર તેમજ અંતિમ પસંદગી અને નિમણૂક બદલ રૂ.૧૫,૦૦૧, મોમેન્ટો અને પ્રમાણપત્ર બંદીવાનના બાળકોને સિદ્ધિ બદલ આપવામાં આવશે.

બીજી તરફ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રમત-ગમત ક્ષેત્રે વિજેતા બનેલા બાળકોને પણ ઇનામો આપવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સ્તરે બ્રોન્ઝ મેડલ માટે ₹૩,૦૦૧ અને પ્રમાણપત્ર, સિલ્વર મેડલ માટે ₹૫,૦૦૧ અને પ્રમાણપત્ર તથા ગોલ્ડ મેડલ માટે ₹૭,૦૦૧, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ■

# સુરત પોલીસે ધ્વજવંદન દરમિયાન ટ્રાફિક સુધારણા અને સાયબર ક્રાઈમ પર ભાર મૂક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર સહિત રાજ્યભરમાં ૭૯મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સુરત પોલીસે સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર એક મોટો કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ધ્વજ ફરકાવ્યો અને બધાને સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે સુરત પોલીસ ગુનાઓ ઉકેલવામાં ખૂબ આગળ છે. રાષ્ટ્રપતિ તરફથી સન્માન મેળવનાર ગુજરાતના ૨૧ પોલીસ કર્મચારીઓમાંથી ૬ પોલીસકર્મીઓ સુરતના છે, જે એક ગર્વની વાત છે. ગયા વર્ષે ટ્રાફિક નિયમો કડક બનાવ્યા બાદ સુરતની જનતાના સહકારથી હેલ્મેટ ન પહેરવાના કારણે થતા માથાના ગંભીર અકસ્માતોમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે અને જીવલેણ અકસ્માતો પણ ઓછા થયા છે. ■

## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) મુજિબુન | ૭૪ | ૩૦,૦૦૦ |
| ૨) માલાવાતી દેવી | ૫૪ | ૫૦,૦૦૦ |
| ૩) મોજનું પ્રદનાં | ૪૨ | ૧૯,૦૦,૦૦૦ |
| ૪) મફિઝુલ એસ કે | ૫૮ | ૧,૫૦,૦૦૦ |
| ૫) મનીષા પોઈ | ૪૫ | ૧૫,૦૦૦ |
| ૬) માલા સિંહ | ૫૭ | ૮૦,૦૦૦ |
| ૭) મૌનપી રોય બર્મન | ૨૯ | ૫૦,૦૦૦ |
| ૮) મંજુ કોલેય | ૫૨ | ૧,૦૦,૦૦૦ |
| ૯) મનિકા ગોયલા | ૨૮ | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) માગિયા બીબી | ૪૬ | ૧,૨૦,૦૦૦ |
| ૧૧) મોવિના શેખ | ૬૯ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) મોફેજ શેખ | ૩૫ | ૭૦,૦૦૦ |
| ૧૩) મહેશ ચંદ્ર | ૬૦ | ૩૦,૦૦૦ |
| ૧૪) મેનોકે ખાતુન બીબી | ૩૨ | ૧,૧૦,૦૦૦ |
| ૧૫) મકસૂદ અલી | ૪૬ | ૧,૮૭,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હિતાંશી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૬) માધવી કીની | ૩૦ | ૫,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૭) મુમતાજ મોહડ સુલેમાની | ૨૧ | ૧,૫૦,૦૦૦ |
| ૧૮) મુફીસ અલી ખાન | ૬૮ | ૨૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ માસીના હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૯) મધુબેન દીપક સોલંકી | ૬૨ | ૩,૦૦,૦૦૦ |
| ૨૦) મોહડ અસ્લમ સત્તોર ખાન | ૫૩ | ૩,૧૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# કાલબાદેવીના ઝવેરીના ત્રણ કરોડનાં મંગળસૂત્ર હડપઃ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાલબાદેવીલના ઝવેરીનાં ત્રણ કરોડ રૂપિયાનાં સોનાનાં મંગળસૂત્ર વેપારીઓને વેચી તેની રકમ ચાંઉ કરી જનારા સેલ્સમૅનના ભાઈની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓએ છેતરપિંડીથી મેળવેલીમ રકમમાંથી ભિવંડીમાં ઘર ખરીદ્યું હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

એલ. ટી. માર્ગ પોલીસે ગુરુવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ વિક્રમ સંપતરામ જૈન (૪૪) તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

આ કેસમાં પોલીસે ગયા સપ્તાહે વિક્રમના ભાઈ દિલીપ જૈનની ધરપકડ કરી હતી. દિલીપ કાલબાદેવીના ઝવેરી પાસે ૨૦૧૮થી સેલમૅન તરીકે નોકરી કરતો હતો. ફરિયાદીના કારખાનામાં બનાવવામાં આવતાં સોનાનાં મંગળસૂત્ર મુંબઈ, આંધ્ર પ્રદેશ અને તેલંગણાના વેપારીઓને દેખાડી તેમને વેચવાનું કામ દિલીપને સોંપાયું હતું. આ માટે દિલીપ સાથે રાજારામ નામનો અન્ય એક સેલ્સમૅન પણ જતો હતો. વેપારીઓને વેચવામાં આવેલાં મંગળસૂત્રની રકમ કંપનીના બૅન્ક ખાતામાં જમા થતી હતી.પોલીસ ફરિયાદ અનુસાર ચાલુ મહિનાના માર્ચ એન્ડિંગમાં ૨૦૨૪-૨૫ના વર્ષમાં થયેલી લે-વેચનો હિસાબકિતાબ કરવામાં આવ્યો ત્યારે ઘણો તફાવત જણાયો હતો. આ વર્ષ દરમિયાન દિલીપ સાતથી આઠ વખત આંધ્ર પદેશ અને તેલંગણા મંગળસૂત્રો લઈને ગયો હતો. જેટલાં મંગળસૂત્ર વેપારીને દેખાડવા માટે લઈ જવાયાં હતાં તેમાંથી ન વેચાયેલાં મંગળસૂત્ર ગુમ હોવાનું જણાયું હતું. લગભગ ત્રણ કરોડ રૂપિયાનાં મંગળસૂત્ર હડપ કરાયાનું ઝવેરીના ધ્યાનમાં આવ્યું હતું.

આ બાબતે દિલીપે ફરિયાદીને જણાવ્યું હતું કે વેપારીઓએ પહેલી એપ્રિલ પછી બિલ બનાવી આપવાનું કહ્યું છે. પહેલી એપ્રિલ બાદ ફરિયાદીએ ફરી પૂછપરછ કરતાં બે વખત બસમાંથી મંગળસૂત્રનાં પાર્સલ ગુમ થયાં હોવાનું જુઠ્ઠાણું દિલીપે ચલાવ્યું હતું. જોકે તેના સાથી રાજારામે આ બાબતે તેને કોઈ જાણકારી ન હોવાનું કહ્યું હતું. પરિણામે ઝવેરીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ તપાસમાં જણાયું હતું કે વીતેલા આર્થિક વર્ષમાં દિલીપના બૅન્ક ખાતામાંથી ૧.૩૫ કરોડ રૂપિયાના આર્થિક વ્યવહાર થયા હતા. ૧૧ વેપારી સાથે મંગળસૂત્રના વ્યવહાર કરીને મળેલી રોકડ દિલીપે પોતાના ખાતામાં જમા કરાવી હતી અને પછી તે રકમ ભાઈ વિક્રમના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. વિક્રમને આ રકમ ક્યાંથી આવી તેની જાણ હતી, એવો દાવો પોલીસે કર્યો હતો.

બન્ને ભાઈએ આ રકમમાંથી ભિવંડીમાં ઘર ખરીદ્યું હતું. ધરપકડ કરાયેલા દિલીપનું સ્વાસ્થ્ય લથડતાં ગુરુવારે તેને સારવાર માટે જે. જે. હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

## પારસી મરણ

લીલી રૂસી મિસ્ત્રી તે મરહુમ રૂસી દાનશા મિસ્ત્રીના વિધવા. તે મરહુમો શેહેરૂ તથા રૂસ્તમજી ખાનસાહેબના દિકરી. તે જીમી રૂસી મિસ્ત્રી ને જેસમીન બરજીસ દારૂવાલાના માતાજી. તે ડેલના તથા બરજીસના સાસુ. તે મરહુમ ફેઝર, જાલુ, ફેની, ગુલ, વીરાફ ને બેપસીના બહેન. તે માલકમ, ફરાહ ને નાયરાહના મમયજી. તે પર્લ નાટાલીયા ને ફરહાનના બપઇજી. (ઉં. વ. ૭૭) રે. ઠે. ડેલા ટાવર, ૧૧મો માળ, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : રવિવાર, તા.૧૭-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે રૂસ્તમ ફરામની અગિયારી દાદર.

મીનુ સોરાબજી ડુમસીયા તે મેહરૂના ધની. તે મરહુમો મેહેરબાઇ સોરાબજી ડુમસીયાના દીકરા. તે યઝદના પપા. તે નતાશાના સસરા. તે મરહુમો મની, નરગીશ ને સામના ભાઇ. તે આરઝાનના મમાવાજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. ૭૬૪/સી, બાલીવાળા બિલ્ડિંગ, એમ. જોશી રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪.

આઇરસ ફિરોઝ જીજીભોઇ તે પરવી જીજીભોઇના ધની. તે મ. ફિરોઝ ને ધન જીજીભોઇના દીકરા. તે ડાલઝીન ને હોશનેરના પિતાજી. તે પરસીસ ને અસપીના ભાઇ. તે ખોરશેદ ને મ. એરચ કાકા ને જમાઇ. (ઉં. વ. ૭૧) રે. ઠે. જે. એ. વાડીયા બિલ્ડિંગ નં-૭, ફલેટ નં.૬, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨.

## હિન્દુ મરણ

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ મુંબઇ સ્વ. મનસુખલાલ નરભેરામ વાઘજી વાઘાણીના સુપુત્ર સ્વ. નવીનના ધર્મપત્ની શિલા. તે ચારુલતા, કલ્પના, કિરણના માતુશ્રી. સચિનકુમાર, સમીર, નેહાના સાસુ. આરુશી અને ખુશના દાદી. સ્વ. ચુનીલાલ પ્રભુદાસ ઝવેરીની દીકરી તા. ૧૨-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ગઢશીશાના સ્વ. રૂક્ષમણીબેન કાનજીભાઇ પુંજાણીના પૌત્ર. ગં. સ્વ . પુષ્પાબેન પ્રતાપભાઇ પુંજાણીના પુત્ર સ્વ. સમીર પુંજાણી (ઉં. વ. ૫૦) તે નિશાના પતિ. હેતા અને કાવ્યાના પિતા. અ. સૌ. દિપા દિનેશભાઇ કોઠારીના ભાઇ. સ્વ. કિર્તીભાઇ, ખીમજીભાઇ દોશી ગામ મહુવાવાળાના જમાઇ ૧૩ ઓગસ્ટ ૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭ ઓગસ્ટ ૨૫ના રવિવારે ૧૦થી ૧૧.૩૦. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગામ કોઠારા હાલ મુલુંડ ગં. સ્વ. મંજુલાબેન (ઝવેરબેન) મહેન્દ્ર રત્નેશ્વર (ઉં.વ.૯૨) તા. ૧૪-૮-૨૫ ગુરુવારે રામશરણ પામેલ છે. તે ભાગચંદ કેશવજી રત્નેશ્વરની પુત્રવધૂ. સ્વ. મુલજી ઘેલાભાઇ જેઠાની પુત્રી. કાદમ્બરી, સ્વ. દેવયાની, પ્રજ્ઞા, યોગેશના માતુશ્રી. હર્ષિતાના સાસુ. દેવાંશી, સારંગના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૮-૨૫ના શનિવારે ૫થી ૭. ઠે. સારસ્વતવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, મુલુંડ (વેસ્ટ).

**નવગામ ભાટીયા**

મોરબી નિવાસી હાલ મુંબઇ અ. સૌ. કૌશલ્યા (ઉં. વ. ૭૦) તે પ્રદીપ ધીરજલાલ રાયગગલાના ધર્મપત્ની. તે કરણના માતા. તે અ. સૌ. પૂજાના સાસુ. તે જયાબેન ભગવાનદાસ આશરના પુત્રી. તે જયંત, કમલેશ, તથા અ. સૌ. કિરણબેન કૃષ્ણરાજ આશરના ભાઇના પત્ની. તે સ્વ. જગદીશભાઇ તથા અ. સૌ. લીનાબેન અશોક સંપટના બેન ગુરુવાર, તા. ૧૪-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સુંદરબેન ગોપાલજી ભગદે (બાબુભાઇ મોટા) કોનશવાલા હાલ મુલુંડની પુત્રવધૂ અ. સૌ. ઇન્દુમતી (ઉં. વ. ૭૫) તે શામજીભાઇ ગોપાલજીના ધર્મપત્ની. તે સ્વ. કમળાબેન ચાંપસી જેરામ કતીરાની સુપુત્રી. તે પંકજ, પ્રજ્ઞેશ તથા મીનલના માતુશ્રી. તે રોહિતભાઇ દાવડા, ગીતાબેન, વંદનાબેનના સાસુ. મૌલીક, ઇરાના દાદીમા ગુરુવાર, તા. ૧૪-૮-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૭-૮-૨૫ના ૫થી ૭. ઠે. કાલીદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી**

ગારીયાધાર નિવાસી હાલ બોરીવલી બીપીનભાઇ લીલાચંદ શાહના ધર્મપત્ની મધુબેન શાહ (ઉં. વ. ૬૭) અવસાન થયેલ છે. જે સુમીતભાઇ શાહના માતુશ્રી. ફાલ્ગુનીબેન સુમીતભાઇ શાહના સાસુ. જીહાન તથા વિહાનાના દાદી. નલીનીબેન ઉદયકુમાર દોશી. સ્વ. જયોતિબેન જવાહરભાઇ મહેતા, ચંદ્રાબેન કુમુદભાઇ દોશી, હર્ષાબેન ભરતભાઇ તુરખીયા, ભાવનાબેન દીપકભાઇ ભાયાણી, ગીતાબેન દિનેશકુમાર ફાફડિયાના ભાભી. પિયર પક્ષે ધારી નિવાસી સવિતાબેન મગનલાલ જસાણીના પુત્રી. માતૃવંદના તા. ૧૭-૮-૨૫ રવિવારના ૯.૩૦થી ૧૨.૩૦. ઠે. મુકિત કમલ હોલ, દહીંસર જૈન દેરાસર પાસે, દહીંસર (વેસ્ટ).

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના હેમકુંવરબેન મણીલાલ ભેદા (ઉં. વ. ૮૪) તા. ૧૩-૮-૨૫ના અવસાન પામેલ છે. જીવીબેન નાનજીના પુત્રવધુ. મણીલાલના પત્ની. સાકરબેન લાલજીના પુત્રી. રતાડીયા ગણેશ મમતાના માતા. કારાઘોઘા વિનયચંદ, મંજુલા, પુષ્પા, કુસુમના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મમતા વીરા, ૭૦૨/એ, જયોતિ કો. ઓ. હા. સો., તિલક નગર, મુંબઇ-૮૯.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સ્વ. કનૈયાલાલ વિરચંદ શાહ પાલિતાણાવાળાના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૭) તા. ૧૪-૮-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે મીતા શાહના પતિ. મીનાબેન અરુણભાઇ શેઠ અને પંકજભાઇના ભાઇ. ફોરમ ચિંતન દોશી અને હેના નૈતિક શાહના પિતા. નાનાલાલ હઠીચંદ શાહના જમાઇ. સ્વ. ચીમનભાઇ, હર્ષદભાઇ, નરેન્દ્રભાઇ અને દિલીપભાઇના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ મુલુંડ સ્વ. ઈન્દુબેન મહીપતરાય સલોતના સુપુત્ર હરેશ સલોત (ઉં. વ. ૫૯) ગુરુવાર, તા. ૧૪-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મનીષાબેનના પતિ. નિતીનભાઈ, નયનાબેન તથા અલ્પાબેનના ભાઈ. અદિતી અને યશના પિતા. હાર્દિકકુમાર તથા મોક્ષાના સસરા. સસુરપક્ષે સાવરકુંડલાવાળા સ્વ. શાંતિભાઈ નરોત્તમદાસ શેઠના જમાઈ. બંને પક્ષની સાદડી તા. ૧૭-૮-૨૫ રવિવારના ૩ થી ૫. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વે.)

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

દુધાળા નિવાસી હાલ બોરીવલી સ્વ. લલિતાબેન જયંતીલાલ મહેતાના સુપુત્ર રાજેશભાઇ (ઉં. વ. ૬૮) તા. ૧૪-૮-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે પારુલબેનના પતિ. અંકિત, ઉર્વશીના પિતાશ્રી. બોની, ગૌરાંગના સસરા. ક્રિષિકાના નાના. સ્વ. કપિલભાઇ, દેવેશના ભાઇ. પોરબંદર નિવાસી સ્વ. રમેશચંદ્ર મથુરાદાસ ભણશાલીના જમાઇ. ભાવયાત્રા રવિવારના તા. ૧૭-૮-૨૫ના વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, (મોટો ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ), સવારના ૧૦થી ૧૨.

નવમા પાનાનું ચાલુ

### વિક્રોલીમાં બેસ્ટની

અને કંડકટરે સમયસૂચકતા વાપરીને તમામ પૅસેન્જરને તેમાંથી ઊતારી દીધા હતા.

બસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ બેસ્ટના અધિકારીના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

મહિના અગાઉ બરોબર ૧૫ જુલાઈના ઈલેક્ટ્રિક ડબલ ડેકર પ્રવાસીઓથી ભરેલી બસ દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં હતી ત્યારે તેમાં આગ ફાટી નીકળી હતી. તમામ પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

બેસ્ટ અંડરટેકિંગ પાસે ૨,૭૦૦ બસનો કાફલો છે, તેમાંથી ૫૦૦ બસ તેની માલિકીની છે.

બાકીની ભાડામાં પર લીધેલી છે. લગભગ ૧,૦૦૦થી વધુ ઈલેક્ટ્રિક બસ જુદા જુદા ઓપરેટર પાસેથી ભાડા પર લીધેલી છે. બેસ્ટની બસમાં પ્રતિદિન ૨૫ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરે છે. મે મહિનામાં બેસ્ટની બસનું મિનિમમ ભાડું પાંચ રૂપિયા પરથી ૧૦ રૂપિયા કરવામાં આવ્યા બાદ બેસ્ટની બસમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે.

### મધ્ય રેલવેમાં આજે

રવિવારે અને મધ્ય રેલવેની મેઈન લાઈનમાં શનિવારે રાતના બ્લોક હાથ ધરવામાં આવશે, પરંતુ રવિવારે દિવસ દરમિયાન બ્લોક રહેશે નહીં.

મધ્ય રેલવેમાં વિદ્યાવિહાર અને થાણે વચ્ચે પાંચમી-છઠ્ઠી લાઈનમાં આજે રાતના ૧૨.૪૦ વાગ્યાથી વહેલી સવારના ૪.૪૦ વાગ્યા સુધી ચાર કલાકનો બ્લોક રહેશે. બ્લોક દરમિયાન પાંચમી લાઈનમાં વિદ્યાવિહારથી થાણે/કલ્યાણ વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈનમાં ડાઈવર્ટ કરવામાં આવશે, જ્યારે છઠ્ઠી લાઈનમાં કલ્યાણ/દીવા અને વિદ્યાવિહારની વચ્ચે અપ ફાસ્ટ લાઈનમાં ડાઈવર્ટ કરવામાં આવશે.

બ્લોક દરમિયાન લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવાને અસર થશે, જ્યારે લોકલ ટ્રેનની સર્વિસ પણ પંદરથી વીસ મિનિટ મોડી પડી શકે છે.

પશ્ચિમ રેલવેમાં રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણા માટે પાંચ કલાકનો બ્લોક રવિવારે હાથ ધરવામાં આવશે.

બોરીવલી અને ગોરેગાંવ વચ્ચે રવિવારે સવારના દસ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી અપ એન્ડ ડાઉન ફાસ્ટ લાઈનમાં પાંચ કલાકનો બ્લોક રહેશે.

બ્લોક દરમિયાન હાર્બર લાઈનની બોરીવલી અને અંધેરીની અમુક લોકલ ટ્રેનો રદ રહેશે, જેથી પ્રવાસીઓએ બિનજરૂરી પ્રવાસ કરવાનું ટાળવું, જેથી લોકલ ટ્રેનની હાલાકીનો સામનો કરવો પડે નહીં.

### પ્રધાનોને પાણીચું

(યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે વિવાદાસ્પદ પ્રધાનો સામે કાર્યવાહી ન કરી શકવાને ફડણવીસની લાચારી ગણાવી રહ્યા છે અને સાર્વજનિક મંચ પરથી ફડણવીસની 'દયા ખાઈ' રહ્યા છે.

આ બધા વિશે ભાજપના કેટલાક સિનિયર નેતાઓ સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે કહ્યું હતું કે નિતેશ રાણે સામે કાર્યવાહી થવાની શક્યતા ઘણી ઓછી છે કેમ કે તેઓ અત્યારે ફક્ત હિન્દુત્વનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. બાકીના નેતાઓ સામે કાર્યવાહી થશે અને ચોક્કસ થશે, પરંતુ તેનો સમય દેવેન્દ્ર ફડણવીસ પોતે નક્કી કરશે.

ભાજપના કેટલાક નેતાઓના માનવા મુજબ અત્યારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે રાજ્યના કોઈપણ પ્રધાન સામે કાર્યવાહી કરવાનો સીધો અર્થ એવો થશે કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં પગ પર કુહાડો મારવો, કેમ કે આ બધા જ પ્રધાનો પોતાના જિલ્લા/સમાજમાં ખાસ્સી પકડ ધરાવે છે. આવી સ્થિતિમાં નુકસાનનો સોદો કરી શકાય નહીં.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ નવેમ્બર મહિના સુધીમાં પૂરી થઈ જવાની શક્યતા છે. સૌથી છેલ્લે મુંબઈ મનપાની ચૂંટણી થવાની છે. આ ચૂંટણીઓ પૂરી થઈ ગયા બાદ ડિસેમ્બરમાં સરકારનો એક વર્ષનો કાર્યકાળ પૂરો થવાનો છે અને અગાઉથી જણાવ્યા મુજબ એક વર્ષના કાર્યકાળનું મુલ્યાંકન કરીને બિનકાર્યક્ષમ/વિવાદાસ્પદ નેતાઓને પ્રધાનમંડળમાંથી પડતા મૂકવામાં આવશે અથવા તો તેમના ખાતાની બદલી કરવામાં આવશે, એવું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

રાજ્યના અનેક મહામંડળોના અધ્યક્ષની પસંદગી પણ આ જ કારણોસર રોકી રાખવામાં આવી હોવાનું જણાવતાં આ સૂત્રોએ કહ્યું હતું કે મહામંડળોમાં અધ્યક્ષપદ મળવાની લાલસાએ બધા જ નેતાઓ કમર કસીને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં કામ કરશે અને તેનો ફાયદો મહાયુતિને જ થશે.

એકનાથ શિંદેના પ્રધાનોને દિલ્હીનું રક્ષણ હોવાની જે અટકળો ચાલી રહી છે તે સાચી જ હોવાની પુષ્ટિ કરતાં ભાજપના દિલ્હીમાં સ્થિત એક નેતાએ જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ પોતાની બે દિલ્હીની મુલાકાતોમાં અમિત શાહ સામે રીતસરની નાકલીટી તાણીને એવી ખાતરી આપી છે કે તેમના નેતાઓ હવે કોઈ વિવાદાસ્પદ નિવેદનો કે કામ નહીં કરે. અહીં ઉલ્લેખનીય છે કે એકનાથ શિંદેએ દિલ્હીમાંથી આવીને પોતાના નેતાઓ પર એવો કડપ બેસાડ્યો છે કે હવે બધા નેતાઓની બોલતી બંધ કરી નાખી છે.

### કૉન્ટ્રેક્ટરોના

ત્રણ-ચાર વખત વિનંતી પત્રો આપવામાં આવ્યા છે, પરંતુ હજી સુધી કોઈ નક્કર ખાતરી સરકાર તરફથી મળી ન હોવાથી આ સાત કરોડ લોકોની આજિવિકાની સમસ્યા ગંભીર બની છે.

મહારાષ્ટ્ર રાજ્ય કોન્ટ્રાક્ટર ફેડરેશનના પ્રમુખ મિલિંદ ભોંસલેએ જણાવ્યું હતું કે ચૂંટણી વર્ષમાં પીડબ્લ્યુડી અને ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવેલા રોડ કોન્ટ્રાક્ટ અભૂતપૂર્વ હતા.

'એ સાચું છે કે મોટાભાગના પ્રોજેક્ટ્સ અધવચ્ચે છોડી દેવામાં આવ્યા છે, જેના કારણે રસ્તાઓ ખરાબ સ્થિતિમાં છે. બાકી બિલો અને આ વર્ષે માર્ચથી કોઈપણ ચૂકવણી થઈ ન હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે.

આ સરકારની બિનઅસરકારક નીતિને કારણે, એક કોન્ટ્રાક્ટર એન્જિનિયર ભાઈએ પોતાનું જીવન સમાપ્ત કરી દીધું, જે રાજ્યના કોન્ટ્રાક્ટરો માટે એક મોટો આઘાત હતો. આ કારણે, રાજ્યના ઘણા કોન્ટ્રાક્ટરોએ હતાશામાં ૧૫ ઓગસ્ટે આત્મદહન કરવાની જાહેરાત કરી હતી, જેમને પરાવૃત કરવામાં એસોસિયેશનને સફળતા મળી હતી, એમ મિલિંદ ભોસલેએ જણાવ્યું હતું.

એક દાખલા તરીકે ૨૦૨૪-૨૫ માટે પીડબ્લ્યુડીનું વાર્ષિક બજેટ રૂ. ૨૭,૦૦૦ કરોડ હતું, જેમાંથી રૂ. ૧૫,૦૦૦ કરોડ રસ્તાના બાંધકામ માટે ખર્ચ કરવાના હતા જ્યારે બાકીની રકમ ઇમારતોના બાંધકામ અને જાળવણી માટે હતી.

ચૂંટણી પહેલા રૂ. ૬૪,૦૦૦ ના રસ્તા પ્રોજેક્ટ્સને મંજૂરી મળ્યા બાદ, રૂ. ૧૩,૫૨૭ કરોડનું કામ પૂર્ણ થયું હતું, જેના બિલ હજુ પણ વિભાગ પાસે બાકી છે. આવી જ રીતે લાતુર જિલ્લાનો આઉટલે ફક્ત ૨૦૦-૨૫૦ કરોડનો છે ત્યાં રૂ. ૧,૬૦૦ કરોડના કામ આપવામાં આવ્યા હતા.

ચૂંટણીમાં વિજય સુનિશ્ચિત કરવા માટે એકનાથ શિંદેની સરકારે દરેક જિલ્લાના લોકો અને નેતાઓને ખુશ કરવા માટે કામની લ્હાણી કરી હતી અને તેને કારણે આજની સ્થિતિ સર્જાઈ છે.

હવે એવી હાલત થઈ છે કે રાજ્યમાં નવા કોઈ કામ શરૂ નથી થઈ રહ્યા. ગુરુવારે ત્રણેય રાજ્ય સંગઠનોની બેઠક ઓનલાઈન યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં, સરકારી કોન્ટ્રાક્ટરો દ્વારા બાકી ચૂકવણી ન ચૂકવવા અને અન્ય ઘણા મુદ્દાઓ પર નિર્ણય લેવામાં નિષ્ફળતાના વિરોધમાં, મહારાષ્ટ્રના ૩૫ જિલ્લાઓમાં મંગળવાર, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જિલ્લા કલેક્ટર કચેરીઓ સામે ધરણા અને આંદોલન કરવામાં આવશે. મહારાષ્ટ્ર સ્ટેટ કોન્ટ્રાક્ટર્સ ફેડરેશન, સ્ટેટ એન્જિનિયર્સ એસોસિએશન અને મહારાષ્ટ્ર સ્ટેટ વોટર સપ્લાય કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન આ આંદોલનમાં સહભાગી છે.

તેમણે રાજ્ય સરકાર પાસેથી કૉન્ટ્રેક્ટરની લેણી નીકળતી રકમની વિગતો આપતાં કહ્યું હતું કે કુલ ૮૯,૦૦૦ કરોડની રકમ સરકાર પાસેથી લેણી નીકળે છે, જેમાંથી ૪૬,૦૦૦ કરોડ પીડબ્લ્યુડી (જાહેર બાંધકામ ખાતા)ના છે. ગ્રામવિકાસ ખાતાના ૧૨,૦૦૦ કરોડ, જલજીવન ખાતાના ૧૨,૫૦૦ કરોડ, વિશેષ નિધિ હેઠળના ૪,૫૦૦ -૫૦૦૦ કરોડ, જળસંધારણ ખાતાના ૮,૫૦૦ કરોડ, ડીપીડીસીના ૩૫૦૦-૪૫૦૦ કરોડ જુલાઈ-૨૦૨૪થી લેવાના બાકી છે.

માર્ચ મહિનામાં કૉન્ટ્રેક્ટરોને છેલ્લો હપ્તો મળ્યો હતો, ત્યારથી એકેય પૈસો મળ્યો નથી. રાજ્ય સરકારે ડીપીડીસી અને આમદાર ફંડ હેઠળના બધા જ કામ બંધ કરી નાખ્યા છે. અત્યાર સુધીમાં મુખ્ય પ્રધાનને પાંચ પત્ર આપ્યા હતા. હજી સુધી મુલાકાતનો સમય નથી મળ્યો. સુધીર મુનગંટીવાર, ચંદ્રશેખર બાવનકુળે, ગિરીશ મહાજન જેવા નેતાઓ સાથે પણ આ મુદ્દે મુલાકાતો થઈ છે અને મુખ્ય પ્રધાન કચેરીમાં પણ ત્રણ વખત વ્યક્તિગત રીતે જઈને આવ્યા હોવા છતાં અમારી સમસ્યાનું નિરાકરણ ન થયું હોવાથી આંદોલનનો રસ્તો અપનાવવો પડ્યો છે.

લાડકી બહિન યોજના પર વાર્ષિક રૂ. ૪૮,૦૦૦ કરોડના મોટા ખર્ચને કારણે સરકાર બાકીના બિલો ચૂકવી શકતી નથી. ચૂંટણીના વર્ષ દરમિયાન વધુ પડતી મંજૂરીઓને કારણે સરકાર નવા રસ્તાઓને મંજૂરી આપી શકી નથી અથવા ૨૦૨૫-૨૬ના બજેટમાં કોઈપણ જોગવાઈઓ કરી શકી નથી અથવા જૂનમાં રજૂ કરાયેલી પૂરક માગણીઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના કારણે હાલના રસ્તાઓની સ્થિતિ વધુ ખરાબ થશે, એવી માહિતી રાજ્ય સરકારના એક અધિકારીએ આપી હતી.

અપવાદ તરીકે, રાજ્ય સરકારે આ વર્ષે ફક્ત ત્રણ રાજ્ય માર્ગ પ્રોજેક્ટ્સ માટે ભંડોળ ફાળવ્યું છે, એવી માહિતી આપતાં નાણા વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ આગામી કુંભ મેળા માટે નાસિકમાં રૂ. ૧,૫૦૦ કરોડના રસ્તાઓ, ગઢચિરોલી માઇનિંગ કોરિડોરમાં રૂ. ૬૦૦ કરોડના રસ્તાઓ અને ચંદ્રપુરમાં રૂ. ૪૦૦ કરોડના રસ્તાઓ સાથે સંબંધિત હતા.

બીજી તરફ પીડબ્લ્યુડી ખાતાના પ્રધાન શિવેન્દ્ર રાજે ભોસલેએ જણાવ્યું હતું કે, અમે બાકી બિલોને ચૂકવવા માટે તબક્કાવાર બજેટ જોગવાઈઓ કરી રહ્યા છીએ.

પીડબ્લ્યુડીના રોડ કોન્ટ્રાક્ટ સંબંધિત બાકી રકમ ઉપરાંત, રાજ્ય સરકાર ગ્રામીણ વિકાસ, પાણી પુરવઠા અને જિલ્લા આયોજન વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા કામના બિલના નાણાં ચૂકવવાના બાકી છે.

### અવિવાહિત, વિધવા

હતી. જોકે ટ્રાયલ કોર્ટે અવલોકન કર્યું હતું કે ૧૯૫૬ પહેલાં તેમના પિતાની સંપત્તિમાં પુત્રીઓના અધિકારોને માન્યતા આપવામાં આવી ન હતી અને તેમણે ઠરાવ્યું હતું કે અરજદારોને તેમના પિતાની સંપત્તિમાં અધિકાર નથી.

અરજદારોએ આ ચુકાદાને હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. વળી ૧૯૫૬માં હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમમાં સુધારો કરીને તમામ દીકરીઓને તેમના પિતાની સંપત્તિમાં સમાન અધિકાર આપવામાં આવ્યો હતો. અરજદારોએ દાવો કર્યો હતો કે આ કાયદો ૧૯૫૬ પહેલા મૃત્યુ પામેલા લોકોની પુત્રીઓને પણ લાગુ પડે છે. અરજદારોએ એવી દલીલ પણ કરી હતી કે તેમને પણ તેમના પિતાના ઘરે રહેવાનો અધિકાર છે અને તેને છોડી દેવાનું ન કહી શકાય.

ન્યાયમૂર્તિ ગૌરી ગોડસેની એક જજની ખંડપીઠે અરજદારોની દલીલને માન્ય રાખી હતી અને નીચલી અદાલતના નિર્ણયને બાજુએ મૂકીને રાહત આપી હતી. કોર્ટે એવું પણ અવલોકન કર્યું હતું કે મૃતક પતિએ બહેનોને ઘરમાં રહેવાની મંજૂરી આપી હતી ત્યારે પ્રતિવાદીએ તેમને ઘર છોડવાનું કહ્યું હતું તે આઘાતજનક છે. વળી, અરજદારોનો પણ ઘર પર અધિકાર છે. કોર્ટે પ્રતિવાદીની દલીલને પણ નકારી કાઢી હતી કે દીકરીઓ ભાડું ચૂકવ્યા વિના ઘરમાં રહેતી હતી.

### ગોરેગામની પૉશ

પુત્રી હોવાનું જણાવી એક અધિકારીએ વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો.

મળતી માહિતી અનુસાર સગીરાનો પરિવાર ૫૪ માળની ઈમારતના ૨૩મા માળે આવેલા ડુપ્લેક્સ ફ્લૅટમાં રહે છે. ગુરુવારે બપોરે સગીરા તેના બેડરૂમમાં એકલી હતી. પિતા કામ નિમિત્તે બહાર ગયા હતા ત્યારે ફ્લૅટમાં માતા અને દાદા-દાદી હતાં. હતાશામાં સગીરાએ બેડરૂમની બારીમાંથી કૂદકો માર્યો હતો. જમીન પર પટકાયેલી સગીરાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

બનાવની જાણ થતાં આરે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ભણતરને કારણે વિદ્યાર્થિની ડિપ્રેશનમાં આવી હતી. અંધેરીની જાણીતી હૉસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી, એવું પરિવારજનોએ પોલીસને કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ જ કૉમ્પ્લેક્સની અલગ અલગ ઈમારતમાં છેલ્લા છ મહિનામાં આત્મહત્યાના ચાર બનાવ બન્યા હતા. અગાઉ ૨૮ મેના રોજ ૧૭ વર્ષની વિદ્યાર્થિનીએ ૪૫મા માળેથી પડતું મૂક્યું હતું.

### મુંબઈમાં બે દિવસ

ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ જોકે વીકએન્ડમાં વરસાદ વધુ જોર પકડશે. તેથી જ શનિવાર અને રવિવાર માટે મુંબઈમાં ઓરેન્જ અલર્ટ રહેશે અને થાણે તથા પાલઘરમાં મંગળવાર સુધી ઓરેન્જ અલર્ટ રહેશે. સોમવારથી મુંબઈમાં વરસાદનું જોર ફરી ઘટશે.

હવામાન વિભાગના અધિકારી શુભાંગુ ભૂતેએ જણાવ્યું હતું કે બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં હાલ વરસાદ પડી રહ્યો છે. બંગાળની ખાડીમાં બનેલ લો પ્રેશરને કારણે બંગાળની ખાડીથી અરબી સમુદ્ર સુધી પૂર્વ-પશ્ચિમ શીયર ઝોન એવો એક ટ્રફ સર્જાયો છે. આ સિસ્ટમની અસર કોંકણ રિજન અનુભવશે.

### દિવા-સીએસએમટી

સુવિધાઓનો અભાવ છે. દિવાના નાગરિકોને હંમેશા ખીચોખીચ ભરેલી ટ્રેનોમાં મુસાફરી કરવી પડે છે. જો તેઓ લોકલ ટ્રેનમાં ચઢી જાય તો તેમને દરવાજા પર લટકીને પોતાનો જીવ જોખમમાં મૂકવો પડે છે.

આ અસુરક્ષિત મુસાફરી ટાળવા માટે દિવાના મુસાફરો ૨૦૧૪ થી દિવા અને સીએસએમટી વચ્ચે લોકલ સેવા શરૂ કરવાની માગ કરી રહ્યા છે. ત્યાંના મુસાફરોએ એકઠા થઈને ઘણી વખત આ સેવા શરૂ કરવા માટે મધ્ય રેલવેના જનરલ મેનેજરને રજૂઆતો કરી છે. જોકે તેને હંમેશા અવગણવામાં આવી છે. તેથી અરજદાર અમોલ કેન્દ્રે તેમની અરજીમાં દાવો કર્યો છે કે તેમણે છેલ્લા ઉપાય તરીકે હાઈ કોર્ટનો સંપર્ક કર્યો છે.

### સ્વાતંત્ર્ય દિને

ઊંધું થઈ ગયું છે. પહેલા જેવું રહ્યું નથી. હવે રજાના દિવસે ડબલ લોકો પ્રવાસ કરે છે. સામાન્ય દિવસ કરતા પણ વધારે હોલિડે અથવા રવિવારના દિવસે લોકો મુસાફરી કરે છે, પણ એ દિવસે રેલવે ઓછી ટ્રેન દોડાવતા ટ્રેનોમાં ભીડ વધે છે. ટ્રેનમાં ભીડ વધવાની સાથે ધક્કામુક્કીથી અકસ્માતો વધે છે, પણ એ બાબત અંગે રેલવે આંખ આડા કાન કરે છે.

રજાના દિવસે પીક અવર્સમાં પ્રવાસીઓની સંખ્યા કરતા નોન-પીક અવર્સમાં ડબલ પ્રવાસીઓ જોવા મળ્યા હતા. સબર્બન સેક્શનમાં બોરીવલી, અંધેરી, બાંદ્રા અને દાદર સહિત મધ્ય રેલવેમાં કુર્લા, ઘાટકોપર, થાણે અને ડોંબિવલી-કલ્યાણ સ્ટેશને પ્રવાસીઓની જોરદાર ભીડ જોવા મળી હતી.

બપોર પછી રેગ્યુલર કરતા પણ વધારે પ્રવાસીઓ હોવાથી મોટા ભાગની ટ્રેનો પ્રવાસીઓથી ભરેલી હતી. રવિવારના શેડ્યૂલ પ્રમાણે ટ્રેન નહીં દોડાવવાની પ્રવાસી સંગઠન દ્વારા ભલામણ કરી છે, પરંતુ અધિકારીઓ ધ્યાન આપતા નથી.

પંદરમી ઓગસ્ટના સ્વતંત્રતા દિવસ નિમિત્તે રવિવારની રજાના શેડયૂલને કારણે મધ્ય રેલવેમાં ૩૫૦થી વધુ ટ્રેન રદ કરી હતી, પરિણામે બપોર પછી મોટા ભાગના સ્ટેશન પર પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી. રેગ્યુલર પ્રવાસીઓને પણ ટ્રેનમાં મુસાફરી કરવામાં અગવડ પડી હતી. આ મુદ્દે રેલવેનો પણ એક જવાબ હોય છે જેમ કે હોલિડે શેડ્યૂલમાં ઓછો સ્ટાફ હોય છે, જ્યારે સ્ટાફને પણ રજા આપવાનું જરૂરી હોય છે. વર્ષોની સિસ્ટમને અમલમાં મૂકી છે, જેથી રજાના દિવસ ઓછા લોકો ટ્રાવેલ કરે છે, તેથી ઓછી ટ્રેન દોડાવાય છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# વીક ઍન્ડ


સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા

feedback@bombaysamachar.com


## રણમેદાનમાં જીતી ગયા હવે રનમેદાન પર હરાવજો

### નવમી સપ્ટેમ્બરથી એશિયા કપઃ મે મહિનાના યુદ્ધ પછી ભારત-પાકિસ્તાન વચ્ચે પહેલી વાર થશે ટક્કર

ગયા વર્ષે નવમી જૂને ન્યૂ યૉર્કમાં ભારતે પાકિસ્તાનની ટી-૨૦ ટીમ સામે વર્લ્ડ કપના મુકાબલામાં છ રનથી રોમાંચક વિજય મેળવ્યો એ અરસા સુધી તો આ દુશ્મન દેશની કરતૂત સરહદ પરથી ભારતમાં આતંકવાદીઓને ઘૂસાડવા સુધી સીમિત હતી, પરંતુ આ વર્ષની બાવીસમી એપ્રિલે નફ્ફટ પાકિસ્તાને હદ વટાવી દીધી હતી અને કાશ્મીરના પહલગામમાં સહેલાણીઓ પર આતંકવાદીઓના હાથે જીવલેણ હુમલો કરાવ્યો હતો જેમાં ૨૬ હિન્દુ નાગરિકોના મૃત્યુ થયા હતા. એ ગોઝારી ઘટના પછી બન્ને દેશ વચ્ચે ટૂંકુ યુદ્ધ પણ થઈ ગયું જેમાં ભારત સામે પાકિસ્તાનની શર્મનાક હાર થઈ હતી અને એ બાદ પહેલી વાર બન્ને દેશના ક્રિકેટરો સામસામે આવવાના છે.

આગામી નવમી સપ્ટેમ્બરે યુએઇમાં ટી-૨૦ ફૉર્મેટનો એશિયા કપ શરૂ થશે અને એમાં ભારત-પાકિસ્તાન વચ્ચે જોરદાર ટક્કર થવાની છે. ૧૪મી તારીખને ભારત-પાકિસ્તાન મુકાબલા સાથે લેણું છે. ૨૦૨૩ની ૧૪મી ઑક્ટોબરે અમદાવાદમાં વન-ડે વર્લ્ડ કપમાં બન્ને કટ્ટર દેશ વચ્ચે મૅચ રમાઈ હતી જે ભારતે જીતી લીધી હતી અને હવે ફરી વાર ૧૪મી તારીખે (૧૪મી સપ્ટેમ્બરે) તેઓ દુબઈના મેદાન પર આમનેસામને જોવા મળશે.

ગયા મે મહિનામાં ભારતે રણમેદાનમાં બદમાશ પાકિસ્તાનને જોરદાર પછડાટ આપી ત્યાર બાદ હવે દુબઈના રનમેદાન પર ભારતીયોએ વિજયીડંકો વગાડવાનો છે.

ભારતીય સશસ્ત્ર સૈનિકોએ ડિફેન્સ સિસ્ટમ મજબૂત રાખીને પહેલાં તો આતંકવાદીઓના અડ્ડાઓ પર અને પછી પાકિસ્તાની હવાઈ દળના મથકો પર સર્જિકલ સ્ટ્રાઇક કરી હતી. મજબૂત ડિફેન્સ સિસ્ટમને લીધે ભારતનો વાળ પણ વાંકો નહોતો થયો. આપણા સંરક્ષણ મથકો પરની રડાર સિસ્ટમ પણ પ્રબળ હતી જેને લીધે એમાં ઝડપાઈ જતા પ્રત્યેક પાકિસ્તાની હુમલાને ખાળવામાં આવ્યો હતો. દુશ્મન દેશના ડ્રૉન અને મિસાઇલને ભારતે તોડી પાડ્યા હતા અથવા નાકામિયાબ બનાવ્યા હતા તેમ જ બ્રહ્મોસ મિસાઇલથી પાકિસ્તાનને પાયમાલ કરી નાખ્યું હતું. આ બધું માત્ર ત્રણ જ દિવસમાં (૭૨ કલાકમાં) બની ગયું હતું.

હવે એશિયા કપમાં ભારતે ત્રણ જ દિવસમાં દુશ્મન દેશના ક્રિકેટરોનો ખેલ ખતમ કરવાનો છે. ૧૪મી સપ્ટેમ્બરે તો લીગ મૅચમાં મુકાબલો થવાનો જ છે, ૨૧મી સપ્ટેમ્બરે સુપર-ફોર રાઉન્ડમાં પણ બન્ને દેશની હાઈ-પ્રૉફાઇલ ટક્કર થશે અને ૨૮મી સપ્ટેમ્બરની ફાઇનલમાં પણ બન્ને દેશ સામસામે આવી શકે. એ રીતે, ફરી ત્રણ દિવસમાં ભારતીય ક્રિકેટ ટીમે દુબઈના મેદાન પર પાકિસ્તાનીઓ પર સર્જિકલ સ્ટ્રાઇક કરવાની છે.

મોટા ભાગે સૂર્યકુમાર યાદવના સુકાનમાં જ ભારતીય ટીમ એશિયા કપ માટે યુએઈ જશે. રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે સાંજે ૭.૦૦ વાગ્યે ટૉસ ઉછાળવામાં આવે અને પછી ૭.૩૦ વાગ્યે મૅચ શરૂ થાય એ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમે ડિફેન્સ સિસ્ટમ સ્ટ્રૉન્ગ બનાવવી લેવી પડશે કે જેથી સલમાન આગા (કે બીજા કોઈના) સુકાનમાં રમનારી પાકિસ્તાની ટીમનો ભારત પરનો દરેક હુમલો નિષ્ફળ જાય. પાકિસ્તાનના સૌથી ખતરારૂપ બૅટ્સમેનો ભારતના રડારમાં આવી જાય એ પછી તેમના પર આપણા બોલર્સે ડ્રૉન તથા મિસાઇલરૂપી યૉર્કર, ઇનસ્વિંગર, આઉટસ્વિંગર, ગૂગલી, લેગબ્રેક, ઑફબ્રેક, કૅરમ બૉલ કે શૉર્ટ પિચ્ડ બૉલથી હુમલા કરવાનું સતત ચાલુ રાખવું પડશે. આ આક્રમણ વચ્ચે બુમરાહના બ્રહ્મોસ પણ ધમાલ મચાવશે. જસપ્રીત બુમરાહ એશિયા કપમાં કદાચ નહીં રમે એવી અટકળ છે, પરંતુ ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે મૅન ઑફ ધ મૅચ બુમરાહના ત્રણ વિકેટના જોરે જ પાકિસ્તાનને હરાવ્યું હતું એ જોતાં તે એશિયા કપમાં કમસે કમ પાકિસ્તાન સામે તો રમશે જ એવું માની શકાય. ટૂંકમાં, દુબઈમાં પાકિસ્તાની ક્રિકેટ ટીમ પર ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતની સર્જિકલ સ્ટ્રાઇક એવી હોવી જોઈશે કે રનમેદાન પર પણ પાકિસ્તાનીઓનો દમ નીકળી જાય અને એવી પછડાટ ખાય કે તેમણે સ્વદેશ પાછા જવાનું ભારે પડી જાય.■

**એશિયા કપમાં ક્યારેય ભારત-પાકિસ્તાન ફાઇનલ નથી રમાઈ**

ભારત અને પાકિસ્તાન એશિયન ક્રિકેટના બે સૌથી મોટા દેશ છે, પરંતુ નવાઈની વાત એ છે કે એશિયા કપમાં ક્યારેય આ બે દેશ વચ્ચે ફાઇનલ નથી રમાઈ. આ વખતે એશિયા કપમાં લીગ મૅચમાં અને સુપર-ફોર રાઉન્ડના મુકાબલા પછી જો બન્ને દેશ ફાઇનલમાં પહોંચશે તો પહેલી વાર આ એશિયન સ્પર્ધામાં તેમની વચ્ચે પ્રથમ ફાઇનલ જોવા મળશે.

**ભારત ૧૯માંથી ૧૦ મૅચમાં જીત્યું છે**

એશિયા કપમાં વન-ડે અને ટી-૨૦ બન્ને ફૉર્મેટમાં સ્પર્ધા યોજાઈ ચૂકી છે અને એમાં ભારત-પાકિસ્તાન વચ્ચે કુલ ૧૯ મુકાબલા થયા છે. એમાંથી ૧૦ મૅચ ભારતે અને માત્ર ૬ મૅચ પાકિસ્તાને જીતી છે. બાકીની ત્રણ મૅચ અનિર્ણીત રહી છે. છેલ્લે ૨૦૨૩ની ૧૦મી સપ્ટેમ્બરે કોલંબોમાં ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને ૨૨૮ રનથી કચડી નાખ્યું હતું.



ગ્રાફિક્સ : ચેતન ટી. પટેલ


અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી

pratiksha.thanki@bombaysamachar.com


## લેક કાવાગુચિકો - ફુજીના વ્યૂ વિના પણ મજેદાર...



એક વાર કાવાગુચિકોની ટ્રેન પર ચઢ્યાં ત્યારથી ફુજી દેખાવાનો શરૂ થયો હતો, તે પછી તો જાણે આ અનોખો પહાડ અમારો પીછો કરી રહ્યો હોય તેવું લાગતું હતું. એવામાં રોપવેથી નીચે આવતાં થોડી વાર ફુજીને બદલે માત્ર લેક જોવાનું મન થયું. ફુજીથી કંટાળ્યા તો ન હતાં, પણ ત્યાં બીજી દિશાઓમાં પણ કુદરત મહેરબાન છે જ, એ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. લેક કાવાગુચિકો તડકામાં એવું ચમકી રહ્યું હતું કે અહીં ફુજી બિલકુલ ન હોત તો પણ આવવાનું સાર્થક બની રહ્યું હોત. આ લેકનો શેપ અને સેટ-અપ જોઈને એમ પણ થયું કે આ લૉકેશન ક્યાંક યુરોપમાં છે એવું કહેવામાં આવે તો પણ કોઈને નવાઈ ન લાગે. નોર્થ યુરોપિયન વેધર ભલે હોય, અહીંનો માહોલ ફુલ જાપાનીઝ હતો. એક વાર રોપવેમાં બેઠાં પછી જોયું કે ત્યાં દરવાજો ખોલવા અને બંધ કરવાવાળો છોકરો એકદમ નમીને પારંપરિક જાપાનીઝ નમન કરી રહ્યો હતો અને તે દરેક રોપવેના રાઉન્ડ પર જાણે જાપાની રિચ્યુઅલનો અનુભવ કરાવી રહ્યો હતો.

નીચે આવીને પહેલાં તો ભૂખ લાગી હતી. અહીં ગૂગલ મેપ નજીકમાં ભારતીય રેસ્ટોરાં પણ બતાવતું હતું, પણ અમે તે વિસ્તારનાં હાઇએસ્ટ રેટેડ રામેન રેસ્ટોરાં પર પહોંચી ગયાં. અને બાકીના જાપાનની જેમ ત્યાં પણ લાઈન લગાવવી પડી. થોડું થાક્યાં પણ હતાં અને બીજે ક્યાંય જવાનું મન ન હતું. ધીરજથી ત્યાં રહ્યાં અને એક પછી એક અમારી આગળનાં ગ્રુપ્સને જગ્યા મળવા લાગી. હવે અમે બહારથી જ કોણ શું ખાઈ રહ્યું હતું, અમે શું મંગાવીશુંની સાથે વિગન અને વેજિટેરિયન રામેન આટલી મજેદાર કઈ રીતે હોય છે તે માન્યામાં ન હતું આવતું. અંતે અમારો વારો આવ્યો અને અમે બેસવાની સાથે જ ઓર્ડર પણ કરી જ દીધો. અત્યાર સુધીમાં ઘણી રામેન ખાઈ ચૂક્યાં હતાં, પણ છતાંય આ રામેનનો સ્વાદ હજી પણ યાદ રહી ગયો છે. છેલ્લે ફુજી એપ્પલની કેક ખાધાને ઘણા કલાકો થયેલા. હવે જ્યારે રામેન હાથમાં આવી, ત્યાંથી ઊભાં થવાનું મન નહોતું થતું.

રામેનને પચાવવા હવે અમે કાવાગુચિકો લેક તરફ નીકળ્યાં. આ આખું ગામ હિલ સ્ટેશનના વાઈબવાળું હતું. થોડાં રેસ્ટોરાં, કાફે, હોટલ, સુવિનિયર સ્ટોર અને છૂટાંછવાયાં ઘરો સિવાય કશું નજરે પડતું ન હતું. ઘણાં અહીં લાંબું રોકાયાં હોય તેવું પણ લાગતું હતું. જોકે આસપાસમાં લગભગ દરેક સામે મળતું ગ્રુપ ટૂરિસ્ટનું જ હોય તે નક્કી હતું. ધીમે ધીમે લેક નજીક આવ્યું અને ત્યાં પિકનિક કરવાં ગોઠવાયેલાં લોકો પણ દેખાયાં. અહીં પેડલ બોટ લઈને ટાઇમ પાસ કરનારાં લોકો મજાથી પાણીમાં કલાકો વિતાવી રહ્યાં હતાં. અને કેમ ન હોય, ત્યાં થોડું આગળ જઈને લેક પરથી ફુજીનો વ્યૂ પણ જોવા મળી જતો હતો. અમને પણ ઇચ્છા તો થઈ આવી કે શાંતિથી સ્વાન શેપની પેડલ બોટમાં ધીરે ધીરે આ સરોવર પણ સરકવાની, પણ અમે પહેલેથી જ વળતી ટિકિટ લઈ ચૂક્યાં હતાં. એવામાં પાણી પરથી ફુજી જોવાનો મોકો જતો થોડો કરાય, અમે પેડલ બોટને બદલે સ્પીડ બોટ લીધી અને અડધા કલાકમાં લેક અને ફુજી વ્યૂ, બંનેની મજા લઈ લીધી.

કોને ખબર હતી ફુજીના વ્યૂ માટે ગયાં હોઈએ તે લેક પર આટલા બધા બીજા અનુભવો પણ સાથે આવવાના હતા. ખાસ તો કાવાગુચિકો મ્યુઝિક ફોરેસ્ટ સુધી પહોંચ્યાં પછી તો લાગ્યું કે આ રિજનમાં ફુજી ભલે હાઈલાઈટ હોય, અહીં માત્ર એક દિવસ આવવાની ભૂલ ન કરવી. અમે પણ ભવિષ્યમાં ફુજીની હાઈક સાથે બીજે ક્યાં વધુ સમય વિતાવવાનો છે તેનું લિસ્ટ તૈયાર કરી લીધું હતું. જોકે મ્યુઝિક ફોરેસ્ટનો અનુભવ અમે ભવિષ્ય પર છોડવાને બદલે ત્યાં જ લઈ લીધો. ત્યાં પહોંચવામાં જરા લાંબાં થઈ ગયેલાં અને રિટર્ન બસ પકડવા માટે સ્ટેશન સુધી ટેક્સી પણ લેવી પડી. જોકે ત્યાં સુધી જવામાં રસ્તામાં કેબલ, રેન્ડમ ઇમારતો અને ગલીઓ વચ્ચેથી ફુજીને જોવામાં ઘણાં સધારણ દૃશ્યો અનોખાં બની જતાં હતાં.

જાપાનીઝ ગાર્ડન્સનો કોનસેપ્ટ આમ પણ દુનિયાભરમાં જાણીતો છે. આ મ્યુઝિક ફોરેસ્ટને પણ આમ જોવા જાઓ તો કોઈ મોટા ઝેન ગાર્ડન સાથે સરખાવી શકાય. જાપાન તેમનાં ટૂરિસ્ટને ભરપૂર અનુભવો કરાવવાનું કામ એટલું ગંભીરતાથી લે છે કે ત્યાં પણ દર થોડા થોડા પગલે કોઈ ને કોઈ મ્યુઝિકલ વાજિંત્ર, ગીત કે ધૂન સાંભળવા મળી જતી હતી. આ મ્યુઝિક ફોરેસ્ટ, નામે જંગલ કહેવાતું, દેખાતું હતું ગાર્ડન જેવું અને ખરેખર હતું એક મ્યુઝિયમ. અંતે તો ત્યાં યુરોપિયન સ્ટાઇલ વૂડન જ્યુક બોક્સ જ હતાં. અંદર ઓર્ગન હોલમાં અવારનવાર કોનસર્ટ યોજાઈ જતાં. અને વિવિધ વાજિંત્રોનાં જાપાનીઝ વર્ઝનનો અવાજ ફુજીના બેકગ્રાઉન્ડમાં સાંભળીને આખો અનુભવ જરા આર્ટિફિશિયલ લાગવા માંડેલો. તે દિવસે ફુજી થોડી વાર માટે પણ વાદળોમાં ન છુપાયો. અહીંથી પણ તેનો પીછો છોડાવી શકાય તેમ ન હતું. અમે કાવાગુચિકો લેક પાસે તો ઘણા જલસા કરી જ લીધા. સાથે બીજાં ચાર લેક્સ તેની સાથે જોડાયેલાં છે. તે બધાં ફાઈવ લેક્સ ઓફ માઉન્ટ ફુજી અને જાપાનીઝમાં ફુજીગોકો તરીકે ઓળખાય છે.

પાંચેયમાં કાવાગુચિકો સૌથી લોકપ્રિય અને ટૂરિસ્ટ માટે સૌથી અનુકૂળ આવે તેવું છે. અને સૌથી મોટું છે લેક યામાનાકાકો. તે ફુજીથી સૌથી નજીક પણ છે. જો આ રિજનમાં લાંબું રહેવાનું થાય તો યામાનાકાકો પાસે જ રહેવું. કેમ્પિંગ અને લેક પરની એક્ટિવિટી માટે લેક સાઇકો વધુ જાણીતું છે. સૌથી નાનકડા લેક શોજી પાસે ભીડ પણ પ્રમાણમાં ઓછી હોય છે. જોકે જાપાનમાં ભીડની તો આદત જ પડી જાય છે. ખાસ કરીને ટોક્યોની ભીડ તો મુંબઈની ભીડને કોમ્પિટિશન આપે તેવી છે. કાવાગુચિકોમાં શક્ય એટલા બધા અનુભવો પછી જ્યારે ટોક્યોની બસ લીધી, તે પછી શરૂઆતની દસેક મિનિટ પછી ફુજી દેખાતો બંધ થઈ ગયો. હવે જેટલી વાર દિવસ દરમ્યાન ફુજીને ઇગ્નોર કર્યો હતો તે વાત પર અફસોસ થતો હતો. કોણ જાણે હવે આ અનોખો પહાડ અને તેની આસપાસનો જાદુ ફરી ક્યારે અનુભવવા મળશે. કાવાગુચિકો ફુજી વિના તો મજેદાર છે જ, પણ ફુજીના વ્યૂ માટે તેનાથી સારો બીજો કોઈ ઓપ્શન જાપાનમાં ન હોઈ શકે. ■







## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

### અમેરિકન સત્તાવાળાને પજવે એક પ્રશ્ન :

# શહેરોમાં વધી રહ્યા છે.. બેઘર લોકો!

માણસની મૂળભૂત જરૂરિયાત એટલે રોટી, કપડા ઔર મકાન. અમેરિકાના ગ્લેમરસ શહેરોમાં આ ત્રણેય ચીજની જબરદસ્ત તંગી છે. એ સિવાયની બીજી આનુષંગિક સમસ્યાઓ ય એટલી ઝડપે ફેલાઈ રહી છે કે શહેરના અમુક વિસ્તારો નર્કસમાન બનતા જાય છે. થોડા વર્ષો પછી કેવી પરિસ્થિતિ પેદા થશે એની કલ્પના ય મુશ્કેલ છે. સ્થાનિક સત્તાવાળા જે પ્રયત્ન કરે છે એ હજી અપૂરતા જ છે.





ન્યૂ યોર્કમાં ડ્રગ્સનું સેવન કરનારાઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. અંગત જીવનમાં વધી રહેલો તણાવ, સામાજિક સમસ્યાઓ અને પરિવારનો અભાવ વધુને વધુ ડ્રગ એડીક્ટ્સ પેદા કરવામાં નિમિત્ત બને છે. 'ધી સ્ટ્રીટ્સ ઓફ ન્યૂયોર્ક એટ નાઈટ...' ડોક્યુમેન્ટરી નશાની હાલતમાં ઝોમ્બીની જેમ શહેરની સડકો પર ફરતા ઢગલો લોકોની દશા વર્ણવે છે. પહેલા આ બધું રાતના સમયે દેખાતું, હવે દિવસની પ્રકાશમાં પણ લથડિયા ખાતા કે ફૂટપાથ પર પડી રહેલા લોકો દેખાય છે.

સૌથી મોટો પ્રશ્ન છે સેંકડો લોકોનું બેઘર હોવું. રીઅલ એસ્ટેટના ભાવો એટલા ઊંચા છે કે લોકોની વાસ્તવિક કમાણી સાથે એનો મેળ જ ખાય એમ નથી. ઉચ્ચ મધ્યમવર્ગ હવે મધ્યમવર્ગ બની રહ્યો છે અને મધ્યમ વર્ગ લગભગ ગરીબીની રેખા નીચે ધકેલાઈ રહ્યો છે.

શહેરની મધ્યમાં આવેલ બિઝનેસ હબ સમાન વિસ્તાર વિદેશોમાં 'ડાઉનટાઉન' તરીકે ઓળખાય છે, પણ લોસ એન્જલસ ડાઉનટાઉનનો સેન્ટ્રલ ઈસ્ટ વિસ્તાર હવે 'સ્કીડ રો' (Skid Row) ગરીબોના વિસ્તાર તરીકે કુખ્યાત થઇ ગયો છે. એલએ જેવા ગ્લેમરસ સિટીનું ડાઉનટાઉન હોમલેસ પીપલને કારણે ઓળખાય એ કેવી વિટંબણા! અહીંની ફૂટપાથો પર અનેક સ્થળોએ બેઘર લોકો તાડપત્રી કે તંબુ બાંધીને રહે છે! ભૂતકાળમાં આપણે ક્યારેય આવા અમેરિકન શહેરોની કલ્પના નથી કરી. આજકાલ આ જ સત્ય છે. અમુક સ્ટ્રીટસમાં તો ફૂટપાથ પર ચાલવાની જગ્યા ન મળે, એ હદે લોકોની ભીડ વસવાટ કરે છે. ઈલેક્ટ્રિસિટી અને પાણીપુરવઠા વિના આ લોકો કઈ રીતે જીવતા હશે? અહેવાલ મુજબ અહીં ૨,૦૦૦ લોકો વચ્ચે માત્ર ૯ ટોઇલેટ્સ છે, જેમાં ટોઇલેટ પેપરની હંમેશાં તાણ રહે છે! આ બધું વાંચીને તમને પ્રાથમિક વિચાર એવો આવશે કે આ બધા બેઘર લોકો પૈકી મોટા ભાગના યેન કેન પ્રકારેણ અમેરિકામાં ઘૂસી ગયેલા ઇમિગ્રન્ટ્સ વધુ હશે.ના એ માન્યતા ખોટી છે. પ્રાપ્ય ડેટા કહે છે કે શહેરમાં ૭૨,૦૦૦ લોકો બેઘર અવસ્થામાં ફૂટપાથ પર જીવે છે. આ પૈકીના ૫૩.૧ ટકા તો મૂળે કેલિફોર્નિયાના જ છે! ૨૭ ટકા લોકો યુએસએના બીજા રાજ્યોમાંથી આવેલા અમેરિકન્સ જ છે. બાકીના અઢાર-વીસ ટકા જ બીજા દેશોમાંથી આવ્યા છે. આ બધામાં ય સૌથી વધુ લોકો ૨૫ થી ૫૪ વર્ષના વયજૂથમાં આવે છે. માણસ જીવનના આ કાળમાં જ સૌથી વધુ પ્રોડક્ટિવ સાબિત થતો હોય છે, ત્યાં આ લોકો લાચાર અવસ્થામાં રખડે છે-સબડે છે!

અહીં બીજો પ્રશ્ન એ થાય કે જો મોટા ભાગના લોકો અમેરિકન્સ જ હોય તો એ લોકો સરકારી શેલ્ટર હોમ્સમાં રહેવા શા માટે નથી જતા? તકલીફ એ છે કે શેલ્ટર હોમ્સ તો પહેલેથી જ હાઉસ ફૂલ થઇ ગયા છે. વળી ફૂટપાથ વાસીઓ પાસે પોતાના કોઈ ડોક્યુમેન્ટ્સ નથી હોતા. કેટલાક નસીબદાર લોકોને શેલ્ટર હોમમાં જગ્યા મળી જાય તો ય એમણે જેલના કેદીની માફક વસવાટ કરવો પડે છે. એમાં વળી સામાન ચોરી થઇ જવાની ઘટના તો સાવ સામાન્ય ગણાય!

ન્યાય ખાતર કહેવું જોઈએ કે સ્થાનિક સરકારે આ પ્રશ્નના ઉકેલ માટે અબજો ડોલર્સ ખર્ચી નાખ્યા છે, તેમ છતાં આ સમસ્યાનો સંપૂર્ણ હલ મળી શક્યો નથી. હા, છેલ્લા બે વર્ષથી હોમલેસ પીપલની સંખ્યામાં થોડો ઘટાડો જરૂર થયો છે. કોરોનાકાળ વખતે બેકારીને કારણે ઘરવિહોણા લોકોની સંખ્યામાં ઉછાળો આવેલો. એ સમયે લોકો પાસે વિવિધ બિલ્સ અને હોમ રેન્ટ ભરવા માટે નાણા જ નહોતા, એટલે માથે છાપરુ ક્યાંથી પરવડે! જો ફરી કોઈક મોટી મંદી આવશે તો ઘરવિહોણા લોકોની સમસ્યા લોસ એન્જલસ સામે ફરી મોં ફાડીને ઊભી રહેશે એ નક્કી છે.

ન્યૂયોર્ક અને લોસ એન્જલસ જેવા ઇન્ટરનેશનલ મહત્ત્વ ધરાવતા મેગા સિટીઝ જ નહિ, પણ એરિઝોનાના ફિનીક્સ સિટીમાં પણ આ જ પ્રકારના પ્રશ્નો માથાનો દુખાવો બની ચૂક્યા છે. કેટલાક લોકો આજકાલ ફિનીક્સને 'સિટી ઓફ ટેન્ટ્સ' અને 'સિટી ઓફ ઘોસ્ટ્સ'ની ઉપમા આપી રહ્યા છે. લેટેસ્ટ સર્વેના આંકડાઓ મુજબ અહીં નોકરીઓ અને નાણાના અભાવે આશરે દસેક હજાર લોકો બેઘર અવસ્થામાં જીવી રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષોમાં આ સમસ્યાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. મોટા ભાગના બેઘર લોકો 'ધ ઝોન' તરીકે ઓળખાતા વિસ્તારમાં રહે છે. અહીં વારંવાર ઝગડા, હિંસા, અનૈતિક પ્રવૃત્તિઓ વગેરેની ફરિયાદ ચાલુ જ રહે છે.

અમેરિકન શહેરોની બેઘરપણાની સમસ્યાએ બીજી કેટલીક જટિલ સમસ્યાઓને જન્મ આપ્યો છે. એમાં ડ્રગ્સ

અને વેશ્યાવૃત્તિ મુખ્ય છે. પેટનો ખાડો ભરવા અને નશાની લત સંતોષવા આ ફૂટપાથિયા લોકો આસાનીથી ડ્રગ પેડલર બનવા તૈયાર થઇ જાય છે. સ્ત્રીઓ માટે તો દેહવ્યાપારનો વિકલ્પ હાથવગો હોવાનો જ. પરિણામે આ વિસ્તારમાં

જેન્યુઈન રીતે ચાલતી બીજી આર્થિક પ્રવૃત્તિઓને અસર થઇ રહી છે. અહીંની દુકાનોમાં વારંવાર ચોરી-લૂંટફાટ થતા જ રહે છે. સવાર પડતાની સાથે જ દુનિયા આખીની ચિંતા કરતા ને ચોતરફ, ટૅરિફની ફેંકાફેંક કરતા ટ્રમ્પબાબુને ય અમેરિકન શહેરોમાં વિકરાળ બની રહેલી ઘરવિહોણા લોકોની સમસ્યા વિશે જાણ હશે જ ને? ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com


# ચીનનું સ્વાન લેક બ્રિજ હાઉસ દૃઢ ભૌમિતિક સાદગી

ટ્રેસ આર્કિટેક્ચર ઓફિસ દ્વારા સન ૨૦૧૮માં બનાવાય આ ૨૭૫ ચોરસ મીટર જેટલાં બાંધકામનું સ્વાન લેક બ્રિજ હાઉસ તેની ભૌમિતિક દૃઢતા તથા સાદગી માટે વખણાય છે.

આ એક કોફી-શોપ તથા અવલોકન ટાવરવાળી રચના છે. ભલે તેનાં નામમાં હાઉસ હોય પણ તે ઘર નથી. આ એક વિરામ સ્થાન છે જ્યાંથી આજુબાજુનું કુદરતી સૌંદર્ય માણી શકાય. અહીં એક કુદરતી સપાટ અને વિશાળ વેટલેન્ડ છે જેનો દૃશ્ય નજારો અદ્ભુત હોય છે. કહેવાય છે કે અહીં સાઇબિરીયાથી સ્થળાંતર કરીને પક્ષીઓ દર ઓક્ટોબર મહિનામાં આવતાં હોય છે. આ પક્ષીઓ તથા આજુબાજુની કુદરતી પરિસ્થિતિને માણવા માટેની આ રચના છે. કોફી-શોપ તો માત્ર વધારાની સવલત છે. કોફી-શોપને સમાવવા એક લાંબુ મકાન છે, જેની કાચની દીવાલો મારફતે કે તેના વરંડામાંથી બહાર જોઈ શકાય છે. સાથે સાથે અહીં ઉપરના સ્તરેથી કુદરતના સૌંદર્યને માણવા માટે એક ખાસ અવલોકન ટાવરની રચના પણ કરાઈ છે. આ મકાનનો મુખ્ય હેતુ કુદરત સાથેનું સંધાન છે.







આનું મુખ્ય મકાન, કોફી-શોપ, પહોળાઈ તથા ઊંચાઈમાં ઓછું અને તેની સરખામણીમાં લાંબુ હોવાથી તે પુલ સમાન ભાસે છે. આ મકાન ૭૧ મીટર લાંબુ અને લગભગ તેના દસમાં ભાગનું, અર્થાત ૭ મીટર જેટલું પહોળું છે, જે કુદરત સાથે વિનમ્ર વિરોધાભાસ ઊભો કરે છે. આ મકાન સીધી રેખાઓ થકી કોન્ક્રીટ અને કાચમાંથી બનાવ્યું છે જ્યારે અવલોકન ટાવર ગોળાકાર છે અને તેનાં બાંધકામમાં પથ્થર અને લાકડાનો ઉપયોગ પણ કરાયો છે. અહીં પણ વિરોધાભાસ છે. કોફી-શોપના મકાનની જે અનુભૂતિ છે તેની સરખામણીમાં અવલોકન ટાવરની અનુભૂતિ સાવ ભિન્ન છે. કોફી-શોપ આડું છે તો અવલોકન ટાવર ઊભું. કોફી-શોપ પારદર્શિતા દર્શાવે છે તો અવલોકન ટાવર બંધિયારપણું, કોફી-શોપ લંબીય ભૂમિતિને અનુસરે છે તો અવલોકન ટાવર ગોળાકાર રચના છે. કોફી-શોપ સાથે અન્ય ઉપયોગીતા પણ વણાયેલી છે જ્યારે અવલોકન ટાવરની ઉપયોગીતા બહુ મર્યાદિત છે. એમ પણ કહી શકાય કે કોફી-શોપ બહિર્મુખી છે જ્યારે અવલોકન ટાવર અંતર્મુખી છે. મારી સમજ પ્રમાણે આ બંને વચ્ચે તંદુરસ્ત સંવાદ નથી સ્થપાતો, આ બંને પોતાની વાત કહેતી વખતે અન્યની વાતની અવગણના કરે છે. એક દૃષ્ટિકોણથી એમ પણ કહી શકાય કે આ બંને આકસ્મિક રીતે સાથે આવી ગયાં છે.

કુદરત સાથેનું રસપ્રદ જોડાણ, કોઈપણ પ્રકારની જટિલતાના અભાવે ઉદ્ભવતી શાંતિની અનુભૂતિ, સમગ્ર રચનામાં સ્થાપિત થતી સાદગી, લાંબા આકારને કારણે જરૂરી બનતું અને યોગ્ય રીતે નિર્ધારિત કરાયેલું સ્થાન વિભાજન, ચોક્કસ ઋતુમાં મુલાકાતે આવતા પક્ષીઓને ખલેલ ન પહોંચે તે પ્રકારની સ્થાપત્યકિય વ્યવસ્થા, મકાનની રચનાના પ્રકાર વડે જમીન અને પાણી વચ્ચે ઉદ્ભવતું સર્જનાત્મક સમીકરણ, પ્રકૃતિનાં વિવિધ પરિબળોને અનુરૂપ રચના, લગભગ ૧૬ મીટર જેટલા ઊંચા અવલોકન ટાવરની રચનામાં બાંધકામની પરંપરાગત સામગ્રીને વિગતિકરણ દ્વારા અપાયેલ મહત્ત્વ, એક નવાં જ પ્રકારની આશ્ચર્યજનક પણ સ્વીકૃત અનુભૂતિની સંભાવના, પેનોરેમિક કહી શકાય તેવી સંલગ્નતાની શક્યતા - આ અને આવી બાબતો આ મકાનને આગવું બનાવે છે.

અહીં કોફી-શોપમાં બંને તરફ અલગ-અલગ વાતાવરણ સાથે અલગ-અલગ રીતે સંપર્ક સાધી શકે તેવા અર્ધ ખુલ્લાં કોરિડોર - આંતરિક માર્ગ છે, જેમાંનો પૂર્વ તરફનો કોરિડોર અંતર્મુખી અને શાંત છે જ્યારે પશ્ચિમ તરફનો વેટલેન્ડ તરફનો કોરિડોર બહિર્મુખ, વધુ મોકળાશ વાળો અને ખુલ્લો છે. આ બંને કોરિડોર આ બંને જુદી જુદી પરિસ્થિતિને સફળતાથી સંબોધે છે. આ કોફી-શોપમાં દક્ષિણ છેડે કાફે છે જ્યારે ઉત્તર તરફ સંરચનાકીય સવલતો જેવી કે શૌચાલય રખાઈ છે. આ બંનેની વચમાં ચોક જેવી ખુલ્લી જગ્યામાં છત પર જવા માટે સીધી નિસરણી રાખવામાં આવી છે.

સ્વાન લેક બ્રિજ હાઉસ એક આકર્ષક મકાન છે જેની સરળતા અને ત્યાં અનુભવાતી શાંતિ માટે નોંધપાત્ર બને છે. એક રીતે જોતાં આ બ્રિજ છે તો અન્ય દૃષ્ટિકોણથી તે મકાન છે. અર્થાત અહીં બ્રિજમાં મકાન છે અને મકાન બ્રિજ સમાન છે. બ્રિજ અને મકાનનું આ રસપ્રદ એકીકરણ છે. ભૌમિતિક દ્રષ્ટિએ વિચારીએ તો આ કુદરત સાથેના વિરોધાભાસ સમાન છે પરંતુ તેની માત્ર લંબાઈ વધુ હોવાથી દૃશ્ય-અનુભૂતિ માટે તે અવરોધ ઊભું કરતું નથી અને તે સ્વીકૃત બની જાય છે. આ મકાનનું માળખું એવું છે કે તેની ઉપયોગીતામાં વિવિધતા પણ આવી શકે. એમ કહી શકાય કે આ મકાન થકી પર્યાવરણને સૌથી ઓછી હાનિ પહોંચી હશે. કોઈપણ નવું બાંધકામ કુદરતી પરિસ્થિતિમાં ખલેલ રૂપ હોય જ, પણ આ ખલેલની માત્રા જેટલી ઓછી તેટલું સારું - ઈચ્છનીય. ક્યારેક એવું લાગે છે કે આ મકાનની ભૌમિતિક દૃઢતાને કારણે પણ કુદરતની કિંમત વધી જતી હશે.

સ્થાપત્યમાં જ્યારે ભૂમિતિનો ઉપયોગ થાય ત્યારે તેની અભિવ્યક્તિમાં સ્પષ્ટતા આવે, એક પ્રકારની ચોકસાઈ સ્થાપિત થાય, રચના નીર્ધારણમાં લેવાયેલાં વિવિધ નિર્ણયોની ભૂમિકા સમજમાં આવે, એક પ્રકારની સંવાદિતતા સ્થાપિત થાય અને મકાનના વિવિધ ભાગ વચ્ચેનું સમીકરણ સરળતાથી સ્વીકૃત બને. આ બધાં જ ફાયદા આ મકાનને મળેલાં છે. તે ઉપરાંત અહીં ભૂમિતિ સાર્થક પણ રહી છે. ■



## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# થાય તે કરી લ્યો, સારા ફોટા નહીં પાડીએ...!

ચુનિયો હાંફતો હાંફતો મારા ફળિયાની ડેલી ખૂલે તેની પણ રાહ જોયા વગર વંડી ઠેકી અને કોઈ ચોર મધરાતે ખાતર પાડવા કોઈના ઘરમાં ઘૂસે એમ ઘૂસ્યો.

મેં કહ્યુંઃ 'ભાઈ, બહાર બેલ પણ મૂકી છે અને હમણાં જ નવી ''ભલે પધાર્યા''... ''ભલે પધાર્યા''ની બેલ ટોન પણ ફીડ કરી છે. વગાડ્યા વગર અંદર આવ તો મારા ખર્ચેલા રૂપિયાનું શું? '

ચુનોયો મને કહે : 'અહીં રાષ્ટ્રીય સમસ્યા છે અને તમને તમારી પાંચસો રૂપિયાની ઘંટડી મગજમાં આવે છે?'

ચુનિયાનો તપેલો પારો જોઈ અને હું ફ્રીઝમાંથી કાઢેલા ટમેટા જેવો ટાઢો થઈ ગયો. પડખે બેસાડી પાણી પાયા પછી મેં પૂછ્યું : 'શું થયું?'

મને કહેઃ 'મતદાન કાર્ડ કઢાવવા ગયો હતો ત્યાં ભેજાનું દહીં કરી નાખ્યું.'

'તારી પાસે તો કાર્ડ હતું.' તો મને કહે :

'મને એમ થયું કે સારો ફોટો આવતો હોય તો નવું કાર્ડ કઢાવું. હું ઑફિસ પર ગયો તો મને નામ પૂછ્યું મેં ચુનીલાલ કહ્યું તો લગભગ ૨૦ ચુનીલાલ નીકળ્યા. આખું નામ ચુનીલાલ ઘરછોડદાસ ચંચુપાતી કીધું એટલે હું એકલો બચ્યો, પણ લોચો એવો થયો કે મારા સસરા ગયા વખતે કાર્ડ કઢાવવા આવ્યા હતા તો એમણે જમાઈને માનભેર જ બોલાવાય આવું મનમાં ધારી મારું નામ 'ચુનીલાલકુમાર ઘરછોડદાસ ચંચુપાતી' એવું લખાવેલું. હવે આધાર કાર્ડમાં મારું નામ ખાલી ચુનીલાલ છે. અધિકારી મારી ઉપર ભડક્યા. મને કહેઃ તમારું નામ મતદાર યાદીમાં છે જ નહીં. મેં મતદાતા લિસ્ટ પર આંગળી મૂકીને કહ્યું કે 'આ હું ' તો મને કહેઃ

'એ તો કોઈ ચુનીલાલ કુમાર છે.' મેં કહ્યું 'એ પણ હું.'

'પછી શું થયું ?' મેં ઉત્સુકતા સાથે પૂછ્યું.

'સવાર સવારમાં ₹૨૦૦ નો ખર્ચો કર્યો ત્યારે ચુનીલાલ કુમાર અને ચુનીલાલ બંને એક થયા.'

મેં કહ્યુંઃ 'ચાલો, કામ તો પતી ગયું તો ચુનિયો ગિન્નાયોઃ

'તંબુરો કામ પત્યું... કાર્ડમાં ફોટાની જગ્યાએ કાળુ ધાબુ દેખાય છે.'

મારા શબ્દો હોઠ પર આવતા આવતા અટકી ગયા કે

'તારા કલર પ્રમાણે તું કાગડા સાથે બથોબથ આવ તો ઉજળા કલરવાળા જતું કરે તેવી ભાવનાથી કાગડો તને માફ કરે... બાકી ગમે તેટલી ફ્લેશ મારે તો પણ કલરમાં ફેરફાર ન થાય એટલે મતદાર કાર્ડના કૅમેરામાં કાળુ ધાબુ આવે તેમાં કોઈનો વાંક નથી,' પરંતુ મેં એને કહ્યું કે 'ચાલ, આપણે ઑફિસ પર જઈએ અને ફરીથી ફોટો પડાવી દઉં.'

સાહેબને મારી ઓળખાણ આપી અને નવો ફોટો પડાવવા રાજી કર્યા. ફોટો પાડે તે પહેલાં આજુબાજુમાં ચાર પાંચ મિત્રને મોબાઇલની ફ્લેશલાઇટ ચાલુ રાખી ઊભા રાખ્યા અને ચુનીલાલને જગમગાટ કરી દીધો. આ વખતે ખરેખર સરસ ફોટો પડ્યો એટલે અધિકારીએ તરત જ કહ્યું કે 'મેરેજ બ્યૂરોમાં ફોટો દેવાનો છે? આવા ફોટા તો પાસપોર્ટ પર પણ નથી આવતા! '

વાત ચૂંટણી કાર્ડની તો પતી ગઈ, પરંતુ ચુનિયો ગઈકાલે અમારા વિસ્તારના નવા ધારાસભ્યને ચૂંટવા ગયો અને જેવો મતદાન કરવાનો વારો આવ્યો ત્યાં પોલિંગ ઓફિસરે કહ્યું : 'તમારું નામ મતદાર યાદીમાં નથી' ચુનીલાલે કાર્ડ દેખાડ્યું તો કહે 'આ કાર્ડ ડુપ્લિકેટ છે.. આવા સારા ફોટા વાળા કાર્ડ અમારા નો હોય!'

બાજુમાં એક કાકા એ ઑફિસરને પૂછતા હતા કે 'તારી કાકી મતદાન કરી ગઈ?' અધિકારીએ મતદાન યાદી જોઈ અને કહ્યું કે 'હા, અડધી કલાક પહેલાં કરી ગયાં.'

કાકા નિરાશ થઈ ગયા અને નિસાસો નાખતા કહે : 'આઠ વર્ષ પહેલાં મને છોડી અને સ્વર્ગે સિધાવી, પણ દર વર્ષે કોઈને કોઈ ચૂંટણીમાં મતદાન કરવા અચૂક આવે છે અને મને મળતી નથી.'

ચુનિયો બધી વાત સમજી ગયો . અધિકારીને કહ્યું કે 'કાંઈ વાંધો નહીં સાંજે સુધીમાં કોઈ ચુનીલાલ અદૃશ્ય સ્વરૂપે આવી મતદાન કરી જશે.'

મારો છોકરો તો પહેલીવાર ચૂંટણી કાર્ડ કઢાવવા ગયો ત્યારે કેટલી તૈયારી સાથે ગયો હતો. મને આખી નિયમાવલી ગોખાવી : ફોટો પડાવતી વખતે દાઢી કરાવીને જવું વાળ વ્યવસ્થિત ઓળીને જવું, તેલ નાખીને ના જવું, જેથી કરી અને વાળ ચમકે નહીં અને સફેદ ન લાગે. ચશ્મા હોય તો ચશ્મા પહેરીને ફોટો પડાવવો.

ફોટો પડાવતી વખતે પ્લેન અને ઉજળા કલરનું શર્ટ પહેરવું.

શર્ટનું ઉપલું બટન બંધ રાખવું... ફોટો પડાવતી વખતે મનના ભાવ સ્થિર રાખવા જેથી કરીને અને કોઈ હાવ ભાવ ચહેરા પર આવે નહીં... ચહેરા પર કોઈ નિશાની હોય તો તેને મેકઅપથી છુપાવવી નહીં...

આવાં ઘણાં નિયમો મને સમજાવતો સમજાવતો ફોટો પડાવવા ગયો હતો. આવ્યો ત્યારે તેના ચહેરા પર નૂર અદૃશ્ય થઈ ગયું હતું. ટેબલ પર કાર્ડનો ઘા કર્યો.

મેં કહ્યું કે 'ગમે તેના કાર્ડ મને ના દેખાડ. કોક તડીપાર અને રીઢો ગુનેગાર હોય એવું કાર્ડને તું શું કામ લઈ આવ્યો?'

મને કહેઃ 'મારા દસમાંથી આઠ ભાઈબંધો મને આ કાર્ડમાં ન ઓળખી શક્યા, પરંતુ મેં તમને આવા નહોતા ધાર્યા.'

પછી મેં ધ્યાનથી કાર્ડ જોયું ત્યારે ખબર પડી કે આ તો મારા વંશનો અંશ છે. મને મારા દીકરાના ફોટા પડાવવાના હરખનું બારમું થયાનું દુઃખ સ્પષ્ટ દેખાતું હતું. મેં એના ખભ્ભે હાથ મૂકી અને મારું આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ દેખાડ્યા ત્યારે એને પોતાનું દુઃખ હળવું લાગવા માંડ્યું.

ખરેખર તો આપણા ઓળખ કાર્ડના ફોટા એક જ કામમાં આવે છે. અને તે દિલાસો દેવા માટે કે 'બેટા, સોશ્યલ મીડિયામાં અપલોડ થતા ફોટા જોઈ અને રાજી થઈ તું સગપણ કરવા દોડ્યો હતો અને પછી નાસીપાસ થાય તેના કરતાં દીકરા, આપણે સકારાત્મકતા રાખવી જોઈએ અને વિચારવું જોઈએ કે એના આધાર કાર્ડ કે મતદાન કાર્ડ કરતાં તો સારી જ હતી ને?!'

ભૂતકાળમાં મેં કહ્યું જ છે કે નામમાં શું રાખ્યું છે? આજે એ પણ કહું છું કે ફોટામાં શું રાખ્યું છે?! ■

**વિચારવાયુઃ**

*ચૂંટણી કાર્ડમાં હસતા ફોટાની એટલે મનાઈ છે કે તમે ગંભીર મતદાતા લાગવા જોઈએ...*

વાર-તહેવાર
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@bombaysamachar.com



# ...ત્યારથી અત્યાર સુધી જુગાર

**શૂન્યમાંથી અઢળક પામવાની અને અઢળકમાંથી શૂન્ય થઈ જવાની ખતરુ રમત એટલે ગેમ્બલિંગ !**

આ પુરાતન રમત જુગાર એટલે જૂગટું, કૈતવ, દ્યૂત , સટ્ટો, વગેરે એમ અલગ અલગ નામથી ઓળખાય છે. કોઈ શોખ ખાતર તો કોઈ ઉત્તેજના માટે તો કોઈ ટૂંકા સમયમાં જથ્થાબંધ કમાઈ જવા માત્ર લાલચને વશ થઈને રમે છે. આ રમતનું નામ ગમે તે હોય, પણ એનો અતિરેક એટલે બરબાદીનો હાઈ-વે !

પાનાની રમત વર્ષોથી ચાલતી આવી છે. જ્યારે કરન્સી-નોટ ચલણમાં નહોતી ત્યારે પણ કિંમતી ચીજ-વસ્તુઓ દાવમાં મૂકીને એની હાર-જીત થતી. જુગાર એટલે એક રીતે નસીબની રમત, જેમાં વ્યક્તિ પોતાની સંપત્તિ, મિલકત અથવા અન્ય કોઈ મૂલ્યવાન વસ્તુ પર દાવ લગાવે છે.જો એ જીતે તો મૂલ્ય વધે છે અને હારે તો બધું ગુમાવવાનું હોય છે.

આ રમત જૂની છે, પણ સમય સાથે તેનું રૂપ બદલાયું છે. હવે જુગારની ગેમ માત્ર કસિનોમાં નહીં, પણ તમારા મોબાઈલ અને લેપટોપ સુધી પણ એ પહોંચી ગઈ છે.

પાનાં પત્તામાં તીન પત્તી અને રમી ખૂબ કોમન છે. આ એક બેઝ-પ્રારંભિક રમત કહેવાય પછી એ વિવિધ રીતે રમાય. દરેક ગ્રૂપ પોત પોતાની રીતે નવાં નવા નામ આપે, જેમ કે, ૧,૨,૩,૪ સિક્વન્સ, અ ઊં ૪૭, ખાંચા, ૯-૨-૧૧, ચટાઈ,રાજા રાની ઝીરો, કાનો બાડો, ૨-૩-૫, મેરી ગો રાઉન્ડ, આકાશ-પાતાળ, ઉડતા પંજાબ, પંખા અને ડોક્ટર ગેમ વગેરે વગેરે.

### ગેમ્બલિંગનો ઈતિહાસ

ગેમ્બલિંગ-જૂગટું તો પૌરાણિક સમયથી ચાલતું આવ્યું છે, જેમકે શંકર- પાર્વતી પણ ચોપાટ રમતાં હતાં અને શિવજી પોતાનો ચન્દ્રમા, નાગ અને નંદીને દાવ પર લગાવી હારી ગયા હતા. દ્વાપરયુગ-મહાભારતમાં પણ ચોપાટ રમાતી. આવી એક રમતમાં પાંડવો પોતાનું સર્વસ્વ હારી બેઠા હતા. આ તો થઇ ૫૦૦૦ વર્ષ પહેલાંની વાત.

આમ તો ગેમ્બલિંગ ચીનથી ચાલુ થયું હતું. ચીનાઓ બે વાતથી બહુ બદનામ હતા. એક તો અફીણના નશા માટે અને બે : જુગાર માટે.. પહેલાં તો ચીનાઓ વુડન બ્લોક્સ લાકડાના ટુકડાથી જુગાર રમતા. જ્યારથી કરન્સી ચલણમાં આવી છે ત્યારથી લેવડદેવડ રોકડમાં થવા લાગી... જુગાર એક એવો નશો છે, જેનો આખો ખેલ તમારા નસીબ પર ચાલે છે. એક પળમાં જીતાડે તો બીજી જ પળમાં હરાવી દે.

જુગાર માત્ર પુરુષો જ નથી રમતા. મહિલાઓ એમનાં નસીબ આ રમતમાં અજમાવે છે ખાસ કરીને શ્રાવણ મહિનામાં સાતમ આઠમના દિવસે અને રાતે ઘરના પરિવારના મિત્રો સૌ સાથે પાનાં રમે છે.

મધ્યકાલીન સમયમાં જુગાર રાજવીઓની અને બજારના વ્યાવસાયિકોની રમત હતી. પછી



## અહીં જન્માષ્ટમીમાં જુગારનો જબરો જુગાડ થાય છે ...

સૌરાષ્ટ્રમાં જુગાર રમવો એ સામાન્ય વાત છે. એમાં ય જન્માષ્ટમી આવે એટલે જુગારની મોસમ બરાબરની ખીલે. આમે ય સૌરાષ્ટ્રના લોકો જુગાડુ છે. અહી વાહનોનાં નંબર પર અને ક્રિકેટમાં બોલ-રન ને વિકેટ પર જુગાર ખેલાય છે, પણ જન્માષ્ટમીના તહેવારોમાં તીન પત્તીનો જુગાર જ રમાય છે. આ દિવસોમાં ઘેર ઘેર જુગાર રમાય છે અને જુગારની ક્લબ પૂર બહારમાં જામે છે.

તીન પત્તીનાં જુગારમાં કેટલાક નિયમો હોય છે. ઘરમાં ડબો રાખવામાં આવે છે. એમાં નક્કી કરેલી અમુક રકમ દરેકે વારાફરતી ભરવી પડે છે. મોટા પાયે જુગાર રમાય ત્યાં આ ડબો મોટો હોય છે એટલે કે રકમ વધી જાય છે. મોટી જુગાર ક્લબમાં તો બેંક પદ્ધતિ હોય છે. રમવા આવનારે અમુક હજાર કે લાખ જમા કરાવવા પડે છે અને હવે તો જુગારમાં ટેકનોલોજી પણ આવી ગઈ છે. હમણાં રાજકોટમાં એક હોટેલમાં પોલીસનો દરોડો પડ્યો તો ચીપવાળાં પત્તાં મળ્યાં, જે બ્લુટુથથી કનેક્ટ થાય , જે જુગાર રમાડે એને ખ્યાલ આવી જાય કે કોની પાસે ક્યાં પત્તાં છે. અગાઉ પત્તાં પર નિશાન રખાતાં અને એ પ્રમાણે સામેવાળા પાસે ક્યાં પત્તાં છે એની ખબર રખાતી. સૌરાષ્ટ્રમાં તો મહિલાઓ પણ ધૂમ જુગાર રમે છે. ગામડામાં પાટલા મંડાય છે. પાટલા પર પત્તા બટાય!

આવા જુગારમાં ક્યારેક ડખો પણ થાય છે. રાજકોટમાં બે રાજકારણી વચ્ચે આવો ડખો થયો હતો, એક નેતાજી બે કરોડથી વધુ રકમ હારી ગયા ત્યારે સામેવાળાએ તાત્કાલિક ચુકવણી માટે આગ્રહ રાખ્યો એમાંથી બોલાચાલી થઇ હતી. જો કે, પાછળથી સામેવાળો પણ મોટી રકમ હારી ગયો એમાં હિસાબ ચૂકતે!

અહીં જન્માષ્ટમી-જુગારની સાઈડ ઈફેક્ટ પણ હોય છે. આ તહેવાર પૂરો થાય એ પછી સૌરાષ્ટ્રમાં મારામારીના કિસ્સામાં ઉછાળો આવે, જેમાં મોટાભાગે જુગારના અધૂરા હિસાબ-કિતાબ જવાબદાર હોય છે. આ તહેવારોમાં પોલીસના દરોડા પણ બહુ પડે છે અને પોલીસને 'કમાણી' પણ સારી થઇ જાય !

અરે હા, જુગારને લોકો કૃષ્ણ અને મહાભારતનાં જૂગટા સાથે સરખાવે છે. આ સાવ ખોટી વાત છે. મૂળ તો લોકોને જુગાર રમવો હોય છે અને આવા તહેવાર વખતે એક સામટા બે-ત્રણ દિવસની સળંગ નવરાશ મળતા એ ગમે ત્યાંથી આવા આધાર કે બહાના શોધી કાઢે ને બેસી જાય જૂગટું રમયા... બોલો, જય કનૈયાલાલ કી !

■ રશ્મિકાન્ત શુકલ



ટેક્નોલોજી અને ઈન્ટરનેટના યુગમાં જુગારે એક નવી દિશા લીધી, જે ઓનલાઈન ગેમ્બલિંગ તરીકે ઓળખાય છે.

### ક્યાં સૌથી વધુ રમાય ?

ગેમ્બલિંગની સૌથી મોટી માર્કેટ છે ચીનનું મકાઉ. અહીં ૧૮૫૦ના દાયકામાં જ્યારે તે પોર્ટુગીઝ વસાહત હતું, તે સમયથી અહીં ગેમ્બલિંગ કાયદેસર છે. આ પ્રદેશમાં પરંપરાગત ચાઇનીઝ રમતો પર જુગાર રમવાનો ઇતિહાસ છે. મકાઉમાં જુગાર હવે મુખ્યત્વે પશ્ચિમી શૈલીના કસિનોમાં રમાય છે. મકાઉએ ગેમિંગ આવકમાં લાસ વેગાસના સંખ્યાબંધ કસિનોને પણ પછાડી દીધું છે. મકાઉમાં આજે ૪૧થી વધુ કસિનો કાર્યરત છે અને કોવિડ પછી આ જુગારખાનાઓની આજે આવક વધીને ૨.૬ બિલિયન યુ.એસ ડૉલર સુધી પહોંચી ગઈ છે! (આજે ૧ ડૉલર = ૮૮ રૂપિયા ! )

### ઓનલાઈન ગેમ્બલિંગનું દૂષણ...

ઓનલાઈન જુગારના શોખિનો છેતરપિંડીના વધુ ભોગ બને એવી શકયતા ભારોભાર રહે છે. 'ચપટી વગાડતા લખોપતિ થઈ જાવ!' એવી અમુક તમુક સેલિબ્રિટીઓની ભ્રામક જાહેરખબરોથી ભરમાઈને અનેક લોકો મોટી રકમના દાવ લગાડીને પૈસા ગુમાવે છે.

ઓનલાઈન પ્લેટફોર્મની વધતી જતી લોકપ્રિયતા સાથે ઓનલાઈન ઓફ્ફ લાઈન જુગાર રમાડતા અનેક લે-ભાગુ પ્લેટફોર્મ્સ-નકલી વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ ફૂટી નીકળી છે.

ભારતમાં કુલ જુગાર બજાર એટલે કે જેમાં લોટરી, કસિનો ગેમ, સ્પોર્ટ્સ બેટિંગ અને અન્ય પ્રકાર સામેલ છે એ બધાની આવક મળીને લગભગ રૂપિયા ૧૮,૦૦૦ કરોડ સુધી પહોંચી છે. આથી ભારત સરકારને ઓનલાઇન જુગાર પર ૨૮% જી.એસ.ટી દ્વારા છેલ્લા છ મહિનામાં લગભગ રૂ.૬૯૦૯ કરોડની આવક રળી છે! ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ભ્રામક માન્યતાઓથી ભરપુર છે આ જગત...!

## માન્યતા અને હકીકત વચ્ચે અટવાતી સાચાં-ખોટાં જેવી અનેક ભ્રામક કથાઓનો રસપ્રદ એક્સ-રે

વડીલો પાસે સાંભળેલી કે વાંચેલી અમુક વાત પહેલી નજરે તદ્દન સાચી લાગે,પણ હકીક્તમાં એ કાં તો સાવ ભ્રામક હોય કે પછી અર્ધ-સત્ય.

આના માટે એક બહુ પ્રચલિત એક અંગ્રેજી શબ્દ છેઃ Myth-rd' આપણી ભાષામાં એનો સીધો-સાદો-સરળ અર્થ છે : માનવું કે માની લેવું તે ખોટી માન્યતા.

આ ઉપરાંત, બીજાં પણ અર્થ છે, જેમકે માની લીધેલી પૌરાણિક કથાઓ - જેને મોટાભાગના લોકોએ સ્વીકારી લીધી છે-જે હકીકતમાં કાલ્પનિક વાત-દ્દતકથા પણ હોઈ શકે.

આપણા રોજિંદા જીવનની કેટલીક વાત એવી છે, જે આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ. એ વાત આપણા મા-બાપે કહી હોય, જેનો ભાગ્યે જ કોઈ વિરોધ કરે કે પડકારે,કારણ કે એ 'આગુસે ચલી આતી હૈ.'

બસ, આ જ આપણી મનોવૃતિને લીધે ઘણી ભ્રામક વાત સત્ય તરીકે સ્વીકારી લેવામાં આવે છે અને એ વિષચક્ર ચાલતું જ રહે છે, જ્યાં સુધી પેલી વાતનું સામાજિક કે વૈજ્ઞાનિક રીતે ખંડન ન થાય

આમ છતાં અનેકવિધ ક્ષેત્ર એવાં છે, જ્યાં આજેય પણ Myth- ખોટી માન્યતાનું સામ્રાજય ફેલાયેલું છે. એમાંથી અગત્યની કહી શકાય એવી જૂટ્ટી માન્યતાને તોડી પાડતી સાચી વાત વિશે જાણી લેવું રસપ્રદ છે-જરૂરી પણ છે.

શરૂઆત આપણે એક સર્વ સામાન્ય માન્યતાથી કરીએ કે એ વિશ્વના એક યા બીજા કારણોસર સફળ થયેલા જાણીતા લોકો દિવસભર બહુ જ વ્યસ્ત રહે છે, જેમકે જગતના સૌથી શ્રીમંત એવા ઈલોન મસ્ક -'માઈક્રોસોફ્ટ' ના બીલ ગેટસ - સૌથી સફળ રોકાણકાર વોરેન બફેટ-નામાંકિત ટેલિવિઝન -શો સંચાલક ઑપ્રા વિનફ્રે કે પછી હમણાં જ વૈભવી મેરેજ (બીજીવારના!) કરીને સમાચારોમાં છવાઈ ગયેલા 'એમેઝોન' ના સર્વેસર્વા જેફ બેઝોસ કે પછી આપણા દેશના અને એશિયાના સૌથી શ્રીમંત એવા મુકેશ અંબાણી સુધ્ધાં એમનાં વ્યવસાયનાં કામમાં અતિ વ્યસ્ત રહે છે.

આ બધા જરૂર બીઝી રહેતા હશે, પણ એમની રોજિંદી કામગીરી બહુ જ વ્યવસ્થિત ગોઠવાયેલી હોય છે. એમની કાર્યનીતિ-રીતિમાં પ્રત્યેક કે પરોક્ષ એક 'ફાઈવ અવર' રુલ સંકળાયેલો છે. આ 'ફાઈવ અવર રૂલ' એટલે રોજનો એક એવા અઠવાડિયાના પાંચ કલાક દરમિયાન આ બધી ફેમશ વ્યક્તિ એક નિશ્ચિત-અગાઉથી નક્કી કરેલાં કાર્યમાં જ ઓતપ્રોત રહે છે. અહીં જેમનો ઉલ્લેખ કર્યો છે એમાંના મોટાભાગના રોજ એક ક્લાક વાંચન અચૂક કરે છે. મુકેશભાઈ તો દિવસભરના કામકાજનો ભાર હળવો કરવા વાંચન ઉપરાંત મોડી રાતે ઘરના અફલાતૂન અતિ આધુનિક હોમ થિયેટરમાં લેટેસ્ટ ફિલ્મ્સ પણ ચૂકયા વગર જોઈ લે છે!

હવે કેટલીક જાણીતી માન્યતાઓ ખરેખર દંતકથાઓ છે એના વિશે પણ જાણો, જેમકે ...

માન્યતા :

સમ્રાટ નેપોલિયન 'ઠીંગણો' હતો...



ઘોડેસ્વાર નેપોલિયન



આખલા યુદ્ધ સ્પેન

હકીકત :

ના, નેપોલિયન એક યોદ્ધાને છાજે એવી ૫ ફૂટ ૬ ઈંચની ઊંચાઈ ધરાવતો હતો!

**• અવકાશમાંથી દેખાતી મહાન દીવાલ...**

ચીનની મહાન દીવાલને ઘણીવાર અવકાશમાંથી દેખાતી એકમાત્ર માનવસર્જિત રચના તરીકે ટાંકવામાં આવે છે, પરંતુ આ સાચું નથી. આ ચીની દીવાલ પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાંથી ય નરી આંખે દેખાતી નથી. એને અંતરિક્ષમાંથી પાવરફૂલ દૂરબીનથી ઝૂમ કરી મોટી કરીને પણ જૂવો તો એ દીવાલને ધરતી પરની અન્ય વસ્તુઓથી પણ અલગ તારવી શકાતી નથી!

**• બળદો લાલ રંગથી ભુરાયો થાય છે...**

બળદ લાલ કે કોઈ પણ રંગ પ્રત્યે કલર બ્લાઈન્ડ -અંધ હોય છે. તેથી તેની પ્રતિક્રિયા રંગ પ્રત્યે નહીં, પણ એને ઉશ્કેરનારા 'મેટાડોર' યોદ્ધા તરફ હોય છે!

**• વીજળી ક્યારેય બે વાર ત્રાટકતી નથી...**

વીજળી પડવાની શક્યતા ઓછી હોવા છતાં તે જ જગ્યાએ એક કરતાં વધુ વાર ત્રાટકે પણ છે !

**• કામસૂત્ર સેક્સ વિશે ...**

'કામસૂત્ર' માત્ર સેક્સને જ લગતો ગ્રંથ નથી. એ તો તેનો એક ભાગ છે. 'કામસૂત્ર' માં જાતીય સંબંધનાં આસન ઉપરાંત પ્રેમથી લઈને અને સામાજિક આચરણ વિશે પણ છે.

આવી બીજી અનેક ભ્રામક માન્યતાઓ છે આપણા ખોરાકને લઈને, જેમકે....

માન્યતાઃ

વધુ ખોરાક લેવાથી આપણા શરીરનું મેટાબોલિઝમ (ચયાપચયની ક્રિયા) ઝડપી બને છે.

હકીકતઃ


વધુ ખોરાક લેવાથી ચયપચયની ક્રિયા દ્વારા એ ખોરાકને પચાવવાની 'થર્મિક ઈફેક્ટ ઓફ ફૂડ (TEF)' એટલે કે ઊર્જા વધે છે,નહીં કે મેટાબોલિઝમ ટૂંકમાં વધુ ખાવ ને એને પચાવવાની ઊર્જા વધારો.પરિણામે, તમે અજાણતાં જ નિયમિત કરતાં વધુ ખાવાનું પેટમાં પધરાવો છો.



મુકેશ અંબાણી



બીલ ગેટસ-વોરેન બફેટ



ઑપ્રા વિનફ્રે



જેફ બેઝોસના

માન્યતાઃ

બ્રેકફાસ્ટ-સવારનો નાસ્તો ન લો તો શરીરમાં ફેટ-ચરબી વધી જાય..

હકીકત :

કોઈ વાર બ્રેકફાસ્ટ ન લો તો એટલી કેલરી ઓછી એટલું જ પણ એનાથી શરીરમાં ચરબી વધી જાય-વજન વધે એ વાત ભ્રામક છે.એકાદ વાર અપવાદરૂપે સવારનો નાસ્તો ચૂકી જાવ કે જતો કરો તો એનાથી તમારા શરીરની મેટાબોલિઝમની ક્રિયા-પ્રક્રિયામાં ખાસ ફરક પડતો નથી. હા, તમે કલાકો સુધી ન ખાવ ને પછી આરોગો પાછા ઉપવાસ કરો ને ફરી ખાવ તો વજનમાં ફેરફાર નોંધાય પણ ખરો.

માન્યતાઃ

વારંવાર કંઈને કંઈ ખાતા રહેવાથી બ્લડ શુગરનું પ્રમાણ યથાવત્ રહે છે.

હકીક્તઃ

એક વાત સમજી લો કે એકસાથે ભરપેટ ખાવાને બદલે અમુક સમયના અંતરે થોડું થોડું ખાવું એ પાચન માટે અલબત્ત, સારું છે. એનાથી ઓચિંતી ભૂખ ઓછી લાગે છે અને શક્તિ ઊર્જાનું પ્રમાણ પણ યથાવત્ રહે છે. જોકે, તમે એકંદરે સ્વસ્થ રહેતા હો તો તમારું બ્લડ શુગર કુદરતી રીતે પણ સ્થિર જ રહે છે. એને યથાવત્ રાખવાને ખાતર અકરાંતિયાની જેમ વારંવાર ખાવાની જરૂર નથી.

માન્યતાઃ

નિયમિત ગાજરના સેવનથી આંખની દ્રષ્ટિ તેજ થાય છે-સુધરે છે

હકીકત :

આ વાત મૂળ તો પ્રથમ વિશ્વયુદ્ધ વખતે લશ્કરી વિમાનના પાઈલટ માટે પ્રસરી હતી,જેને આજે પણ લોકો ખરી માને છે. હા, એ ખરું કે ગાજરમાં વિટામિન 'એ' નું પ્રમાણ વધુ હોય છે,પણ ગાજરને માનવીની આંખ સાથે કશું લાગતું-વળગતું નથી. મૂળ વાત એ છે કે તાજાં શાકભાજી હંમેશાં બધી રીતે આરોગ્યવર્ધક છે.

આવી જ કેટલીક તબીબી માન્યતા પણ છે, જે તથ્ય કરતાં સાવ વેગળી છે. ઉદાહરણ તરીકે

માન્યતાઃ

આપણે રોજિંદા ઓછામાં ઓછા ૮ ગ્લાસ પાણી તો પીવું જ જોઈએ

હકીકતઃ

આ પ્રકારની માન્યતા કે વાતને સમર્થન આપે એવા કોઈ જ વૈજ્ઞાનિક કે તબીબી પુરાવા મળ્યાં નથી. આ માન્યતાથી વિરુદ્ધ વધુ પડતું પાણી પીવું એ આરોગ્ય માટે જોખમી છે. તરસ લાગે અને એ છીપાય એટલું પાણી પીવો તો ભયોભયો!

માન્યતાઃ

આપણે બ્રેન મગજનો માત્ર ૧૦% જ ઉપયોગ કરીએ છીએ.

હકીકત :

આપણું ૯૦ % મગજ વપરાયા વગરનું રહે છે એવી વાત- માન્યતાના પણ કોઈ વિજ્ઞાનિક પુરાવા કે કારણ જાણવા મળ્યાં નથી. મગજના સ્કેન દર્શાવે છે કે આપણે મગજના લગભગ બધા જ ભાગોનો ઉપયોગ કરીએ છીએ.!

આ બધા વચ્ચે અમુક વાત માન્યતા ખાસ્સી જાણીતી છે. એ છે જગતના કેટલાક શ્રીમંતો વિશે, જેમકે

માન્યતાઃ

પોતાને ત્યાં કામ કરનારા- કર્મચારીઓના શ્રમ-સખત જહેમતને લીધે જ માલિકો શ્રીમંત થતા હોય છે



વીજળી ત્રાટકે ત્યારે...

હકીકત :

દરેક નિયમમાં અપવાદ હોય તેમ અહીં પણ કેટલાંક અપવાદ છે. 'રીચ હેબિટ્સ' પુસ્તકના જાણીતા અમેરિકન પત્રકાર-લેખક થોમસ સી. કોર્લેનાં અનેકવિધ સર્વેનાં તારણ મુજબ આજે ધનવાન બનનારી ૮૬ % થી વધુ વ્યક્તિઓ ખુદ દર અઠવાડિયે(પાંચ દિવસ) ઓછામાં ઓછા ૫૦થી વધુ કલાક સતત કામ કરે છે.કોઈ પણ કંપનીની સફળતા પાછળ સ્ટાફની કાર્યનિષ્ઠા જરૂર હોય છે, પણ માલિકે પણ વધુ સખત જહેમત કરવી પડે.

માન્યતાઃ

મોટાભાગના જાણીતા શ્રીમંતો એમની વારસાગત સંપત્તિને લીધે વધુ ધનિક થયા છે

હકીકતઃ

ના,એવું નથી. ૮૦% ટકા લોકો પોતાની જાતમહેનત અને કૌશ્યલને લીધે જગતના પ્રથમ ૧૦ શ્રીમંતોની યાદીમાં આવ્યા છે.બાકીના ૨૦% એ પોતાને વારસામાં મળેલી સંપત્તિનો ગુણાકાર કર્યો છે.

માન્યતાઃ

મોટાભાગના શ્રીમંતો બહુ સાદી- સરળ જીવનશૈલી જીવે છે

હકીકત :

તમે ભલે વાંચ્યું હશે કે વિશ્વના એક નામેરી ધનવાન વોરેન બફેટ આજે પણ ૧૯૫૮માં ૩૧,૫૦૦ ડૉલરમાં ખરીદેલા ઘરમાં રહે છે. જો કે એમાં બધા જ પ્રકારની આધુનિક સુવિધા ધરાવતા પાંચ બેડરૂમ છે અને એ ખુદ આજે પોતાના પ્રાઈવેટ જેટમાં ઊડે છે... આજે જગતના સૌથી પાંચ ધનાઢ્ય વ્યક્તિમાં જેની ગણતા થાય છે એવા 'એમેઝોન'ના જેફ બેઝોસ પણ આજે પણ એવી વર્ષો પૂર્વે ખરીદેલી 'હોન્ડા અકોર્ડ' કારમાં પ્રવાસ કરે છે. અલબત્ત, એમનો પણ પ્રાઈવેટ જેટનો કાફલો છે. એટલું જ નહીં, એ પોતાના સ્પેસક્રાફટમાં અવકાશયાત્રા પણ કરી આવ્યા છે...

આપણા મુકેશ અંબાણીનું આશરે રૂપિયા ૧૫ હજાર કરોડના ૨૭ માળના અતિ વૈભવી ઘર 'એન્ટિલા' તો જગવિખ્યાત છે !

ટૂંકમાં, માન્યતા કે હકીકત એ છે આવા નામી શ્રીમંતો એમનાં ગમતાં કામ અને શોખ પાછળ પણ ધારે એટલું ધન વેરી શકે છે, કારણ કે આમાંથી મોટાભાગના પોતાની આવકનું ૫૦ % રકમનું બુદ્ધિપૂર્વક આયોજન કરી-બચત કરી સામાજિક કાર્યોમાં યથાયોગ્ય વાપરે પણ છે! ■

# ભ્રષ્ટાચાર-વિરોધી કાયદો પ્રામાણિક અધિકારીઓને સુરક્ષિત રાખશેઃ સરકાર

નવી દિલ્હીઃ કેન્દ્રએ બુધવારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે લાંચરિશ્વત (ભ્રષ્ટાચાર)-વિરોધી કાયદાની જોગવાઇ મુજબ ભ્રષ્ટાચારના કેસમાં સરકારી કર્મચારી સામે તપાસ શરૂ કરતા પહેલા સંબંધિત સત્તાવાળાની મંજૂરી મેળવવી જરૂરી હોવાથી પ્રામાણિક સરકારી અધિકારીઓ ડર્યા વિના કામ કરી શકશે. આ કાયદો પ્રામાણિક અધિકારીઓને સુરક્ષિત રાખશે.

સરકારે ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથનની બૅન્ચને જણાવ્યું હતું કે કોઇ પણ દેશના બંધારણીય વહીવટીતંત્રમાં પ્રામાણિક સરકારી કર્મચારીઓ 'ડર્યા વિના' કામ કરતા રહે એ જરૂરી છે.

બૅન્ચે ભ્રષ્ટાચારવિરોધી કાયદા ( પ્રિવેન્શન ઑફ કરપ્શન એક્ટ)ની કલમ ૧૭એની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીઓના કેસમાં ચુકાદો મુલતવી રાખ્યો હતો. આ કાયદાની સંબંધિત જોગવાઇ મુજબ કોઇ પણ સરકારી કર્મચારી સામેના ભ્રષ્ટાચારના કેસની તપાસ શરૂ કરતા પહેલા સંબંધિત સત્તાવાળાની મંજૂરી મેળવવી જરૂરી છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે આ કાયદાને લીધે પ્રામાણિક સરકારી અધિકારીઓ ડર રાખ્યા વિના કામ કરી શકશે, જ્યારે અપ્રામાણિક કર્મચારીઓને નહિ છોડાય. બૅન્ચે સવાલ કર્યો હતો કે ભ્રષ્ટાચારવિરોધ કાયદાની કલમ ૧૭એમાં સુધારા કર્યા બાદ લાંચરિશ્વતની કેટલી ફરિયાદ મળી હતી? અને તેમાંની કેટલીમાં તપાસ શરૂ કરવા બહાલી આપી હતી?

મહેતાએ જણાવ્યું હતું કે સીબીઆઇને કરાયેલી સંબંધિત ફરિયાદના આંકડા મુજબ ૬૦ ટકા ફરિયાદમાં તપાસ શરૂ કરવા પરવાનગી અપાઇ હતી. (એજન્સી)■

# કેબીસીમાં સોફિયા અને વ્યોમિકાઃ મોટો ટ્રોલ-વિવાદ ફાટી નીકળ્યો

નવી દિલ્હીઃ અમિતાભ બચ્ચને 'કૌન બનેગા કરોડપતિ' (કેબીસી)ની ૧૭મી મોસમના સ્વાતંત્ર્ય દિનના ખાસ એપિસોડમાં ભારતનાં સશસ્ત્ર દળોના ડેકોરેટેડ ઑફિસરને બોલાવ્યા છે. ચેનલે શૅર કરેલા પ્રોમોમાં અમિતાભ બચ્ચન કર્નલ સોફિયા કુરેશી (ભારતીય લશ્કર) વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ (ભારતીય હવાઈ દળ) અને કમાન્ડર પ્રેરણા દેવસ્થળી (ભારતીય નૌકાદળ)ને આવકારી રહ્યા છે. આ ખાસ એપિસોડમાં ઑફિસરો ૨૨ એપ્રિલે પહલગામ ટેરર અટેકને પગલે ભારતે ઑપરેશન સિંદૂરમાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અને પાકિસ્તાનમાં રહેલા આતંકવાદી શિબિરો નાબૂદ કર્યા એના ચાવીરૂપ સંભારણાને યાદ કરે છે. આ અધિકારીઓએ તેમના લાગતાવળગતા ડિપાર્ટમેન્ટની પરવાનગી લીધી હશે, પરંતુ તેમના એપિરન્સથી વિવાદ ઊભો થયો છે. ઘણા નેટિઝન્સે આને રાજકીય માઈલેજ મેળવવાનો પીઆર સ્ટંટ ગણાવ્યો છે.

જ્યારે ઑપરેશન ચાલુ હતું ત્યારે કર્નલ સોફિયા અને વિંગ કમાન્ડર વ્યોમિકાએ લશ્કર વતી પત્રકારોને માહિતી આપવાની ફરજ બજાવી હતી.

આ એપિસોડ ૧૫ ઑગસ્ટે બતાવવામાં આવશે અને સર્જકે આનો ટીઝર રિલીઝ કર્યો છે જેમાં કેબીસીના હોસ્ટ અમિતાભ બચ્ચન ઑફિસરોનું ભવ્ય સ્વાગત કરે છે.

એક યુઝરે એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે આ અકલ્પનીય છે. ઑપરેશન સિંદૂરના હીરોને નેશનલ ટીવી શો કેબીસીમાં એટલા માટે લાવવામાં આવ્યા છે જેથી એક રાષ્ટ્રીય પાર્ટી વોટ ટટોળી શકે. તમે કોઈ પણ ગંભીર દેશમાં આવું જોયું છે? જે લોકો સર્વિસમાં ચાલુ છે એને મંજૂરી કેવી રીતે આપી શકાય? હાલનું શાસન આપણા લશ્કરનો નિમ્ન કક્ષાના રાજકારણ અને ઉદામ રાષ્ટ્રવાદ માટે ઉપયોગ કરી રહ્યું છે. આપણું લશ્કર રાજકારણ અને પીઆરથી પર છે. મોદી સરકાર પોતાની પ્રતિભાનું ઘડતર કરવા સેવામાં ચાલુ ઑફિસરોની કેબીસી જેવા શોમાં પરેડ કરાવે છે. આપણાં લશ્કરી દળોને દેશની રક્ષા કરવાની હોય છે નહીં કે રાજકારણીની બ્રાન્ડની. ■

# મત ચોરીનો બૉમ્બ ટૂંકમાં ફૂટશેઃ રાહુલ

નવી દિલ્હીઃ વિપક્ષ દરેક ભારતીય માટે મતદાન કરવાના અધિકારની માગ કરી રહ્યું હોવાનું કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે જણાવ્યું હતું. તેમજ તેમણે યોગ્ય મતદાર યાદીની માગ પણ કરી હતી.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે તેમના દ્વારા ઉઠાવવામાં આવેલો કથિત અનિયમિતતાઓનો મુદ્દો ટૂંક સમયમાં ધડાકાભેર ફૂટશે. કારણ કે તે કોઇ એક મતવિસ્તાર સાથે નહીં પરંતુ સમગ્ર દેશ સાથે સંબંધિત છે. ચૂંટણી પંચ દ્વારા માંગવામાં આવેલું સહી કરેલું સોગંદનામું રજૂ નહીં કરવાનો સંકેત આપતા ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે કોંગ્રેસ દ્વારા મત ચોરીના 'પુરાવા' પૂરા પાડવા માટે વિશ્લેષણ કરાયેલ ડેટા ચૂંટણી પંચની વેબસાઇટ પરથી લેવામાં આવ્યો છે.

તેમણે પત્રકારોને જણાવ્યું કે આ તેમનો ડેટા છે. આ મારો ડેટા નથી કે જેના પર મારે સહી કરવી જોઇએ. આ ફક્ત તેમનો ડેટા છે અને તે તેમની વેબસાઇટ પરથી લેવામાં આવ્યો છે. આ માત્ર ધ્યાન ભટકાવવા માટેનું એક કાવતરું છે. તેમણે કહ્યું કે ચૂટણી પંચ મૌન છે કારણ કે સત્ય સમગ્ર દેશ સામે છે. તેમણે આરોપ લગાવ્યો કે તેમની પાર્ટી દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં કર્ણાકટના એક વિધાનસભા મતવિસ્તારમાં એક લાખથી વધુ મતો ખોટા હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીએ પત્રકારોને જણાવ્યું કે હું હજુ એક વાત કહેવા માગુ છું કે આ માત્ર બેંગલુરુમાં જ નહીં પરંતુ દેશભરના વિવિધ મતવિસ્તારોમાં બન્યું છે અને ચૂંટણી પંચ આ જાણે છે. ચૂંટણી પંચ જાણે છે કે આ આંકડો બહાર આવશે. પંચ જેને નિયંત્રિત કરવાનો અને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે તેને અમે બહાર લાવીશું અને તે બહાર આવશે. ચૂંટણી પંચ આ વાત જાણે છે. ■

# ડિવોર્સ મહિલા માટે નોકરીમાં અનામતનો લાભ લેવા રાજસ્થાનમાં વધી રહ્યા છે છૂટાછેડા

જયપુરઃ રાજસ્થાનમાં સરકારી નોકરી મેળવવા માટે એક ચોંકાવનારો ખેલ ખેલાતો હોવાની વાત સામે આવી છે, જેમાં ઉમેદવારો તલાકશુદા મહિલાઓ માટે મળતા બે ટકા આરક્ષણનો લાભ લેવા ફરજી તલાકના કાગળો બનાવે છે. નોકરી મળ્યા બાદ તેઓ ફરીથી લગ્ન કરી લે છે, જેનાથી અસલી હકદારોનો હક છીનવાય છે. આ ગેરરીતિ સામે રાજસ્થાન કર્મચારી ચયન બોર્ડ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ એસઓજી કડક કાર્યવાહીની તૈયારીમાં છે. બોર્ડના અધ્યક્ષ મેજર જનરલ આલોક રાજે સ્પષ્ટ કહ્યું છે કે આવા ફરજીવાડા સામે કોઈ ઢીલ નહીં રાખવામાં આવે.

મીડિયા અહેવાલો અનુસાર, જયપુરમાં થોડા સમય પહેલાં એક કોન્સ્ટેબલના પતિએ ફરિયાદ નોંધાવી હતી કે, તેની પત્નીએ ફરજી તલાકના કાગળો બનાવીને નોકરી મેળવી, જોકે તે સમયે તે લગ્નજીવન જીવતી હતી. ઘણી મહિલાઓ ભરતી પરીક્ષા પહેલા પતિથી દેખાડા માટે તલાક લઈને તલાકશુદા કેટેગરીનો લાભ લે છે. નોકરી મળ્યા બાદ તેઓ ફરીથી લગ્ન કરી લે છે. આનાથી ખરેખર તલાકશુદા મહિલાઓનો હક મારવામાં આવે છે. રાજસ્થાન કર્મચારી ચયન બોર્ડને આવા ૧૨થી વધુ નક્કર કેસની ફરિયાદો મળી છે. આવા કેસની તપાસ માટે બોર્ડે એસઓજી અને કાનૂની નિષ્ણાતો સાથે મળીને વ્યાપક તપાસની યોજના બનાવી છે.

તલાકશુદા કેટેગરીની કટ-ઓફફ સામાન્ય અને અન્ય શ્રેણીઓની તુલનામાં ઘણી ઓછી હોય છે, જેના કારણે ઉમેદવારો ફરજી તલાકના કાગળો બનાવીને આ કોટામાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે. ઘણા કેસમાં એવું પણ જાણવા મળ્યું છે કે, તલાકશુદા હોવાનો દાવો કરનારી મહિલાઓ વાસ્તવમાં લગ્નજીવન જીવતી હતી. આવી ગેરરીતિઓએ ભરતી પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલ ઉભા કર્યા છે, અને આવા ઉમેદવારો હવે એસઓજીના રડાર પર છે. ■

# પરિવાર સાથે ફોન પર વાત કરવાની તહવ્વૂર રાણાને મંજૂરી

નવી દિલ્હીઃ દિલ્હીની એક કોર્ટે ૨૬/૧૧ મુંબઇ હુમલાના આરોપી તહવ્વૂર હુસૈન રાણાને બુધવારે આ મહિનામાં ત્રણ વખત તેના ભાઇ સાથે ફોન પર વાત કરવાની મંજૂરી આપી છે. જેથી તે ખાનગી વકીલ સાથે વાત કરી શકે. આ જાણકારી કોર્ટના સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપી વર્ચ્યુઅલી હાજર થયા બાદ વિશેષ ન્યાયાધીશ ચંદર જીત સિંહે રાણાની ન્યાયિક કસ્ટડી આઠ સપ્ટેમ્બર સુધી લંબાવી હતી. ન્યાયાધીશે બંધ બારણે થયેલી સુનાવણી દરમિયાન જણાવ્યું કે રાણાના ફોન કોલ રેકોર્ડ કરવામાં આવશે. તેમજ વાતચીત જેલ અધિકારીઓની હાજરીમાં અંગ્રેજી અથવા હિન્દીમાં જ થવી જોઇએ.

કાનૂની સહાયક વકીલ પીયુષ સચદેવાએ ચાર્જશીટ અને પૂરજ ચાર્જશીટમાં અમુક દસ્તાવેજોની ચકાસણી માટે કોર્ટ પાસેથી સમય માંગ્યો હોવાનું કહેવામાં આવ્યું હતું. રાણા કથિત રીતે ૨૬/૧૧ના માસ્ટરમાઇન્ડ ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો નજીકનો સાથી હોવાનું કહેવાય છે. તે એક અમેરિકન નાગરિક છે. ૪ એપ્રિલના રોજ યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા ભારત પ્રત્યાર્પણ સામેની તેમની સમીક્ષા અરજી ફગાવી દીધા બાદ તેને ભારત લાવવામાં આવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓના એક જૂથે દરિયાઇ માર્ગે મુંબઇમાં પ્રવેશ કરીને એક રેલવે સ્ટેશન, બે લક્ઝરી હોટલ અને એક યહૂદી કેન્દ્ર પર હુમલા કર્યા હતા. લગભગ ૬૦ કલાક સુધી ચાલેલા આ હુમલામાં કુલ ૧૬૬ લોકો મૃત્યુ પામ્યા હતા. ■

# કાશ્મીર અધૂરો આંતરરાષ્ટ્રીય એજન્ડાઃ મુનિર

ન્યૂ યોર્કઃ પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનિરે ફરી એકવાર ભારત વિરોધી ટિપ્પણી કરી હતી. જેમાં તેમણે કાશ્મીરને પાકિસ્તાનના 'ગરદનની નસ' ગણાવી હતી. મુનિરે ફ્લોરિડાના ટૅમ્પામાં પાકિસ્તાની સમુદાયને સંબોધિત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. તેઓ હાલમાં અમેરિકાની મુલાકાતે છે.

ભારતે મુનિરના નિવેદનની ભારે ટીકા કરી હતી. ભારતના વિદેશમંત્રાલયે કહ્યું હતું કે કોઈપણ વિદેશી વસ્તુ 'ગરદનની નસ' કેવી રીતે હોઈ શકે છે? આ ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ છે. પાકિસ્તાન સાથે તેનો એકમાત્ર સંબંધ તે દેશ દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા પ્રદેશોને ખાલી કરવાનો છે. શનિવારે પોતાના સંબોધનમાં મુનીરે કહ્યું હતું કે ભારત સાથેના તાજેતરના સંઘર્ષ દરમિયાન પાકિસ્તાને "દૃઢતાપૂર્વક અને બળપૂર્વક પ્રતિક્રિયા આપી હતી અને ઇસ્લામાબાદે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ ભારતીય આક્રમણનો "યોગ્ય જવાબ આપવામાં આવશે. પાકિસ્તાની સેનાએ એક નિવેદનમાં કહ્યું હતું કે મુનિર અમેરિકાની સત્તાવાર મુલાકાત પર છે અને તેમણે વરિષ્ઠ રાજકીય અને લશ્કરી નેતૃત્વ તેમજ પાકિસ્તાની સમુદાયના સભ્યો સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત કરી છે.

પાકિસ્તાની સમુદાયને સંબોધતા મુનીરે કહ્યું હતું કે કાશ્મીર "ભારતનો આંતરિક મામલો નથી પરંતુ એક અધૂરો આંતરરાષ્ટ્રીય એજન્ડા છે. જેમ કાયદે-આઝમે કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનની 'ગળાની નસ' છે." મુનીરે કહ્યું હતું કે દોઢ મહિનાના સમયગાળા પછી અમેરિકાની તેમની બીજી મુલાકાત પાકિસ્તાન-અમેરિકા સંબંધોમાં એક નવો પરિમાણ દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે આ મુલાકાતોનો હેતુ સંબંધોને રચનાત્મક, ટકાઉ અને સકારાત્મક માર્ગ પર લઈ જવાનો છે. પાકિસ્તાન ટ્રમ્પનો ખૂબ આભાર માને છે, જેમના વ્યૂહાત્મક નેતૃત્વએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને અટકાવ્યું છે તેમજ વિશ્વભરના અન્ય ઘણા યુદ્ધોને અટકાવ્યા છે. ■

# બ્રિટનમાં ગેરકાયદે રહેતા સેંકડો ભારતીયો સામે કાર્યવાહી

લંડનઃ બ્રિટિશ અધિકારીઓએ દેશભરમાં ડિલિવરી કંપનીઓ માટે ગેરકાયદે કામ કરનારા ટૂ-વ્હિલર ડ્રાઇવરો સામે એક અઠવાડિયા સુધી કડક કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત અધિકારીઓએ ભારતીયો સહિત સેંકડો લોકોની ધરપકડ કરી હતી.

બ્રિટનના ગૃહ ખાતાના કાર્યાલયે આ અઠવાડિયે ખુલાસો કર્યો હતો કે તેની ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ ટીમોએ તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી ગતિવિધિ સઘન સપ્તાહની પ્રવૃતિના ભાગરૂપે ઓપરેશન ઇક્વલાઇઝ હાથ ધર્યું હતું. જેનો હેતુ ગેરકાયદે કામ કરતાં હોટસ્પોટને લક્ષ્ય બનાવવાનો હતો. જેમાં ડિલિવરી રાઇડર્સ તરીકે કામ કરતાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ગૃહ કાર્યાલયે જણાવ્યું કે ૨૦થી ૨૭ જુલાઇ વચ્ચે કુલ ૧,૭૮૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. જેના પરિણામે ૨૮૦ પ્રવાસીઓ અને આશરો શોધનારાઓની ધરપકડ કરવામાં આવી હતી. જેઓ જરૂરી દસ્તાવેજો વિના કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. આવા જ એક દરોડા દરમિયાન અધિકારીઓએ પશ્ચિમ લંડનના હિલિંગ્ડનમાં સાત ભારતીય નાગરિકોની ધરપકડ કરી હતી. આમાંથી પાંચની ગેરકાયદે કામ કરવાના આરોપસર અટકાયત કરવામાં આવી હતી.

આ ઓપરેશન ગયા મહિને ગૃહ કાર્યાલય દ્વારા આપવામાં આવેલી ચેતવણી બાદ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે ફૂડ ડિલિવરી વ્યવસાયમાં જે લોકો ઇમિગ્રેશન સિસ્ટમનો દૂરુપયોગ કરતાં પકડાયા છે તેમની આશ્રય સહાય બંધ કરવામાં આવી શકે છે. તેમજ જે લોકો ગેરકાયદે કામ કરતાં પકડાયા છે તેમને બ્રિટનમાંથી દેશનિકાલ કરવામાં આવી શકે છે. આ પગલું ગેરકાયદે પ્રવાસન સંબંધિત કાયદાને કડક બનાવવાના શ્રેણીબદ્ધ પગલાંના ભાગરૂપે લેવામાં આવ્યું છે. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દખલ | ગરીબી |
| દગડ | હસ્તક્ષેપ |
| દચક | કાળજી |
| દરકાર | હડસેલો |
| દળદર | પથ્થર |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે ઓસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલેન્ડમાં જોવા મળતી ૪૫ કરોડ વર્ષ જૂની આ વિશિષ્ટ માછલીની ઓળખાણ પડી?

અ) Cat Fish બ) Elephant Shark ક) Sting Ray ડ) Lung Fish

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નોં | ધ | ૨ પા | ૩ ત્ર | ■ | ૪ વિ | ૫ વા | ૬ દા | સ્પ | ૭ દ |
| ધ | ■ | ૮ ધ | સ | ૯ ડ | ■ | ૧૦ મ | દ | ■ | ર |
| ૧૧ પો | ત | ■ | ■ | ૧૨ મ | ૧૩ ગ | ન | ■ | ૧૪ ત | વા |
| થી | ■ | ૧૫ પા | ૧૬ ર | ણિ | યું | ■ | ૧૭ પૂ | ર | જો |
| ■ | ૧૮ પ | ર | ખા | યું | ■ | ૧૯ આં | ગ | ણું | ■ |
| ૨૦ પ | ■ | ■ | ત | ■ | ૨૧ તા | ક | વું | ■ | ૨૨ ચો |
| ૨૩ ર | ત | ૨૪ ન | ■ | ૨૫ ઓ | ર | ડો | ■ | ૨૬ બા | પા |
| સા | ■ | ૨૭ મુ | ૨૮ ચ | ર | કો | ■ | ૨૯ આં | ગ | ળી |
| ળ | ■ | ■ | ૩૦ ર | સિ | ■ | ૩૧ મ | ■ | ડો | ■ |
| ■ | ૩૨ ગ | રા | સી | યો | ■ | ૩૩ જા | ગ | ર | ણ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | | ■ | ૪ |
| | ■ | | ■ | ૫ | | ■ | ■ | ૬ | |
| ૭ | | | ■ | | ■ | ૮ | | | |
| | ■ | ૯ | ૧૦ | | | | ■ | | ■ |
| ■ | ૧૧ | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ■ | ૧૬ | | | |
| | ■ | ૧૭ | | ૧૮ | | ■ | | ■ | |
| ૧૯ | | ■ | ■ | | | ૨૦ | ■ | ૨૧ | ■ |
| | ■ | ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | ૨૫ | | ■ |
| ■ | ૨૬ | | | ■ | | ■ | ૨૭ | | |

**આડી ચાવી**

૧. કૃષ્ણની પટરાણી (૪)
૩. કૃષ્ણની પહેલી પટરાણી (૩)
૫. યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછનાર (૨)
૬. પીડા, ઉપાધિ, બલા (૨)
૭. શક, સંદેહ, ભ્રમ (૩)
૮. વરકન્યા સાત પગલાં સાથે ચાલે (૪)
૯. જમીન ખોદવાનું ઓજાર (૩)
૧૨. પતિવ્રતાપણું (૩)
૧૩. અમીરની --- સૌ આવે (૩)
૧૫. દુર્યોધનની --- ભીમે તોડી (૨)
૧૬. પંખીઓનો અવાજ (૪)
૧૭. એકદમ થોડું (૪)
૧૯. શ્રેષ્ઠ (૨)
૨૨. ભડકી, રાબ (૨) જો. છૂ. (૨)
૨૪. ભીષ્મે---નું અપહરણ કર્યું (૪)
૨૬. કૃષ્ણને --- એ શાપ આપ્યો (૩)
૨૭. કર્ણના પિતા (૩)

**ઊભી ચાવી**

૧. પિતામહ ભીષ્મની માતા (૪)
૨. દુર્યોધનની પત્ની (૪)
૩. શુષ્ક (૨)
૪. કૃષ્ણની સખી (૩)
૫. કૃષ્ણની પાલક માતા (૪)
૬. નકામી લાંબી વાત (૫)
૮. ના જેવું (૨)
૧૦. બલરામનું શરીર --- હતું (૪)
૧૧. એક જંગલી હિંસક પ્રાણી (૨)
૧૩. ઘા ઉપર લગાવો (૩)
૧૪. કૃષ્ણની માતા (૩)
૧૫. જાંબુવતીની દીકરી ને કૃષ્ણની પત્ની (૪)
૧૮. સ્ત્રી (૨)
૨૦. દીર્ઘ (૨)
૨૧. ના પાડવી તે (૩)
૨૨. અમૃત, ચૂનો (૨)
૨૩. બાળકથાનું પાત્ર (૨)
૨૪. ભીષ્મની દુશ્મન સ્ત્રી (૨)
૨૫. સ્નિગ્ધ (૨)

### ગુજરાત મોરી મોરી રે

પ્રવીણ જોશી સાથે 'કદમ મિલાકે ચલો' નાટકમાં કામ કલાકારનું નામ જણાવો જેણે પછી 'શાલીમાર' નામની હિન્દી ફિલ્મ બનાવી?

અ) રમેશ જમીનદાર બ) કૃષ્ણ શાહ
ક) ભરત દવે ડ) જસવંત ઠાકર

### જાણવા જેવું

માછલી એટલે કંઠ નજીક રહેલી ઝાલરો વડે શ્વસન ક્રિયા કરનાર પગ વગરનું પ્રાણી. પાણીમાં વસતાં ઘણાં પ્રાણી 'માછલી' તરીકે ઓળખાય આવે છે. દાખલા તરીકે, જેલી ફિશ, સ્ટાર ફિશ, જિંગા, સીલ અને વહેલ જેવાં પ્રાણીઓ પણ માછલી તરીકે ઓળખાય છે.

### સુડોકુ-૯૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | | | | | | ૮ | ૩ |
| | | ૮ | | | | ૧ | | |
| ૬ | | ૨ | | | | ૫ | | ૪ |
| | | ૩ | ૧ | ૨ | ૫ | ૪ | | |
| | | | ૬ | | ૮ | | | |
| | | ૫ | ૯ | ૩ | ૪ | ૬ | | |
| ૩ | | ૧ | | | | ૨ | | ૬ |
| | | ૭ | | | | ૯ | | |
| ૨ | ૪ | | | | | | ૩ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૨ | ૧ |
| ૧ | ૪ | ૯ | ૨ | ૬ | ૭ | ૫ | ૩ | ૮ |
| ૩ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૪ | ૬ | ૭ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૧ | ૯ | ૨ | ૭ | ૩ |
| ૭ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ | ૧ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૫ | ૩ | ૧ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ | ૨ |
| ૯ | ૨ | ૬ | ૧ | ૭ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૩ | ૧ | ૬ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વિશ્વનું કયું શહેર 'સિટી ઓફ બિગ એપલ' તરીકે ખ્યાતિ ધરાવે છે? આ શહેર અન્ય ઉપમાઓથી પણ નવાજવામાં આવ્યું છે.

અ) ન્યૂ યોર્ક બ) મોસ્કો
ક) મ્યુનિક ડ) એમ્સ્ટર્ડમ

### નોંધી રાખો

વિચાર કેવા જોઈએ? વિચાર એવા કરો કે તમારા વિચારો જાણ્યા પછી અન્ય લોકોને એના પર વિચાર કરવાનું મન થાય.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૬, ૧૮, ૫૪, ૧૬૨, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૬૨ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૯૦ બ) ૩૬૨
ક) ૪૮૬ ડ) ૫૧૪

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ધખારો | ગરમી |
| ધગશ | ઉત્સાહ |
| ધડો | પાઠ |
| ધણ | ટોળું |
| ધપ્પો | થાપટ |

ઓળખાણ પડી: Gibbon

માઈન્ડ ગેમ: ૪૪૫

ચતુર આપો જવાબ — માથું ખંજવાળો: હૈદરાબાદ

ગુજરાત મોરી મોરી રે: સવિતા દામોદર પરાંજપે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરિહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નુતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જવલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) કિશોર સંઘરાજકા (૫૦) અરવિંદ કામદાર (૫૧) નિતિન જયંતિલાલ બજરિયા







**મોસમ તહેવારોની...:** ૧૫મી ઓગસ્ટે આઝાદી દિન અને પારસી ન્યૂ યર (નવા વર્ષ)ની ઉજવણી કરાઈ હતી, જ્યારે જાહેર રજાનો દિવસ હોવાથી આગામી ગણેશોત્સવ માટેની તૈયારીઓ શરૂ હોવાનું જણાયું હતું. પારસી નવા વર્ષ નિમિત્તે વડાલાના અગિયારીમાં પ્રાર્થના કરવા ભેગા થયેલા પારસી લોકોમાંથી એક બાળકી અને તેની માતાએ બહાર ઊભેલી ગાયને ઘાસ ખવડાવીને આનંદ માણ્યો હતો. આ દરમિયાન ત્રિરંગાના રંગો શરીરે લગાવીને આવેલો એક નાગરિક લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો, જ્યારે વિવિધ ગણેશોત્સવ મંડળોએ બાપ્પાની પંડાલમાં વહેલી પધરામણી કરીને સજાવટની તૈયારીઓ શરૂ કરી હતી. આ રીતે રજાના દિવસે પણ મુંબઈમાં થયેલી ગિરદી વચ્ચે તહેવારોની મોસમ શરૂ થઈ ગઈ હોવાનો અનુભવ થયો હતો. (અમય ખરાડે)

## લાડકી બહેન યોજનાનો બોજ

# કૉન્ટ્રેક્ટરોના ૮૯,૦૦૦ કરોડ રૂપિયા સરકાર આપી શકતી નથી

**વિધાનસભાની ચૂંટણી પહેલાં નિર્ધારિત બજેટ કરતાં ચારગણા વધુ કામ આપવામાં આવ્યા હતા અને હવે તેના બિલની ચૂકવણી અટકી પડી છે**

### ૧૯મી ઑગસ્ટના ૪,૦૦,૦૦૦ કૉન્ટ્રેક્ટર્સ આંદોલન કરવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જાહેર બાંધકામ વિભાગ, જળજીવન મિશન હેઠળ જાહેર બાંધકામ વિભાગ, ગ્રામીણ વિકાસ વિભાગ, જિલ્લા પરિષદ પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવેલા કામો અને અન્ય ઘણા વિભાગોમાંથી અંદાજે ૮૯ હજાર કરોડ રૂપિયાનાં લેણાં બાકી છે અને તેને કારણે રાજ્યના ચાર લાખ કૉન્ટ્રેક્ટરો અને તેમની સાથે સંકળાયેલા કર્મચારી-અધિકારીઓ મળીને અંદાજે સાત -સાડા સાત કરોડ લોકો આના અસરગ્રસ્તો છે. આ બધાને ન્યાય મળે એ માટે ૧૯ ઑગસ્ટે રાજ્યના બધા જ ૩૫ જિલ્લાના જિલ્લાધિકારીની કચેરીની બહાર ચાર લાખ કૉન્ટ્રેક્ટરો અને તેમની સાથે સંકળાયેલા કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરશે.

મહારાષ્ટ્ર રાજ્ય કોન્ટ્રાક્ટર ફેડરેશન અને રાજ્ય એન્જિનિયર્સ અને મહારાષ્ટ્ર રાજ્ય પાણી પુરવઠા કોન્ટ્રાક્ટર એસોસિએશન છેલ્લા ૧૦ મહિનાથી વિવિધ લોકશાહી માર્ગો દ્વારા સતત પ્રયાસ કરી રહ્યા છે. આ મુદ્દે સંગઠનના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજવા માટે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનને

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં બે દિવસ ઓરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ, થાણે અને પાલઘરમાં વીકએન્ડમાં ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. શુક્રવારે હવામાન વિભાગે મુંબઈ માટે બે દિવસ ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી હતી. તો થાણે અને પાલઘર માટે મંગળવાર ૧૯ ઑગસ્ટ સુધી ઓરેન્જ અલર્ટ રહેશે. રાયગઢ જિલ્લામાં શનિવારે રેડ અલર્ટ રહેશે.

ઑગસ્ટ મહિનાનું પહેલું પખવાડિયામાં લગભગ નહીંવત વરસાદ રહ્યો હતો. વરસાદની ખાધ વચ્ચે બુધવારથી શહેરમાં ચોમાસું ફરી સક્રિય થઈને વરસાદ શરૂ થયો છે. ગુરુવારથી શુક્રવાર સવાર સુધીમાં કોલાબામાં ૪૫ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન

(જુઓ પાનું ૪) ▸▸

# પ્રધાનોને પાણીચું પકડાવવામાં ફડણવીસની લાચારી કે ગણતરી?

### એકનાથ શિંદેને દિલ્હીનું રક્ષણ હોવાની અટકળો સાચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના વિવાદાસ્પદ પ્રધાનો સામે કાર્યવાહી કરવા માટે વિપક્ષો ભારે દબાણ લાવી રહ્યા હોવા છતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી રહી તેને મુખ્ય પ્રધાનની લાચારી તરીકે વર્ણવવામાં આવી રહી છે, પરંતુ ભાજપના કેટલાક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ બધા જ પ્રધાનો સામે કાર્યવાહી ચોક્કસ કરવામાં આવશે, પરંતુ તેનો સમય મુખ્ય પ્રધાન ફડણવીસ પોતે જ નક્કી કરશે. અત્યારે કેટલીક ગણતરીઓને ધ્યાનમાં રાખીને આ વિવાદાસ્પદ નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવતી નથી.

રાજ્યના વિવાદાસ્પદ પ્રધાનોમાં એકનાથ શિંદેની પાર્ટીના ચાર, એનસીપીના એક અને ભાજપના ત્રણ પ્રધાનોના નામ વારંવાર આવી રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસુ સત્ર બાદ માણિકરાવ કોકાટે (એનસીપી), યોગેશ કદમ, સંજય શિરસાટ, ભરત ગોગાવલે, સંજય રાઠોડ (ચારેય શિંદે સેના), નિતેશ રાણે, જયકુમાર ગોરે અને ગિરીષ મહાજન (ત્રણેય ભાજપ) વિવિધ વિવાદમાં સપડાયા હોવાથી તેમના રાજીનામા લઈ લેવામાં આવશે એવો દાવો ઉદ્ધવ સેનાના સંજય રાઉત દ્વારા કરવામાં આવ્યો હતો. આમાંથી ફક્ત કોકાટેનું ખાતું બદલવામાં આવ્યું હતું આ સિવાય અન્ય કોઈ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.

છેલ્લા કેટલાક દિવસથી શિવસેના

(જુઓ પાનું ૪) ▸▸

# સ્વાતંત્ર્ય દિને રેલવેમાં રવિવારના શેડ્યૂલ પ્રમાણે ટ્રેનો દોડી, ૩૫૦થી વધુ લોકલ રદ

**ભીડ અપરંપાર, પ્રવાસીઓ હેરાન**

**રજાના દિવસે અમારી પાસે પણ સ્ટાફ ઓછો હોય છે, તેથી ઓછી ટ્રેનો દોડાવાય છે, એમ રેલવેનું કહેવું છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તહેવારના દિવસોમાં જાહેર રજા હોવાથી રેલવે લોકલ ટ્રેનોને 'રવિવાર'ની રજાના શેડયૂલની માફક દોડાવવાની જાહેરાત કરે છે. સ્વતંત્રતા દિવસ નિમિત્તે મધ્ય અને પશ્ચિમ રેલવેમાં રવિવારના માફક ઓછી ટ્રેન દોડાવતા લાખો પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. મધ્ય રેલવેમાં રવિવારના ટાઈમટેબલ પ્રમાણે લોકલ ટ્રેનો સવારથી લઈને રાત સુધી દોડાવી હતી, પરંતુ ઓછી ટ્રેનોની સર્વિસને કારણે પ્રવાસીઓની ભયાનક ભીડ જોવા મળી હતી. આ મુદ્દે ડોંબિવલીના પ્રવાસીએ કહ્યું હતું કે રજાને કારણે ટ્રેનો રદ કરવાનું કારણ સમજાતું નથી. હવે રેલવેનું ગણિત

(જુઓ પાનું ૪) ▸▸

# ગોરેગામની પૉશ ઈમારતમાં ૨૩મા માળેથી ગુજરાતી બિલ્ડરની પુત્રીએ ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડિપ્રેશનથી પીડાતી ગુજરાતી બિલ્ડરની એકમાત્ર દીકરીએ ઈમારતના ૨૩મા માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

ગોરેગામ પૂર્વની ઑબેરોય સ્કવેર સોસાયટીના ૨૩મા માળે પરિવાર સાથે રહેતી ૧૭ વર્ષની સગીરાએ ગુરુવારે બપોરે સાડાત્રણ વાગ્યાની આસપાસ કથિત આપઘાત કર્યો હતો. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી ન હોવાથી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. આ પ્રકરણે એડીઆર નોંધવામાં આવ્યો હોવાના અહેવાલને આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રવીન્દ્ર પાટીલે સમર્થન આપ્યું હતું.

સગીરા પ્રતિષ્ઠિત કૉલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. તે ગુજરાતી બિલ્ડરની

(જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈમાં રિવોલ્વર અને કારતૂસો સાથે ત્રણ પકડાયા

થાણે: નવી મુંબઈના કોપરખૈરાણે વિસ્તારમાંથી પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી દેશી બનાવટની એક રિવોલ્વર અને છ કારતૂસ જપ્ત કરી હતી.

સ્વતંત્રતા દિનની પૂર્વસંધ્યાએ નવી મુંબઈ પોલીસ દ્વારા સુરક્ષાવ્યવસ્થાના કારણોસર પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હતું. કોપરખૈરાણેમાં સેક્ટર ૨૩ ખાતેના શાંતિદૂત મહાવીર ઉદ્યાન નજીક ત્રણ શખસ શંકાસ્પદ રીતે આંટા મારતા હોવાની માહિતી પોલીસને મળી હતી.

માહિતીને આધારે પોલીસની ટીમે ત્રણેયને તાબામાં લીધા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી એક રિવાલ્વર અને છ કારતૂસ મળી આવી હતી. રિવોલ્વર અને કારતૂસો એક વ્યક્તિને આપવા માટે ત્રણેય આવ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું. પકડાયેલા આરોપીઓની ઓળખ સૌતમરતન પ્રકાશ સિંહ (૨૪), અભય બોબી રાજપૂત (૨૪) અને પીન્ટુ સોમપાલ કુમાર (૨૨) તરીકે થઈ હતી. સિંહ અને રાજપૂત ડ્રાઈવર છે, જ્યારે કુમાર ખેડૂત હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીઓ રિવોલ્વર અને કારતૂસો ક્યાંથી લાવ્યા તેની તપાસ કરવામાં આવી રહી છે. આ પ્રકરણે પોલીસે આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

# મધ્ય રેલવેમાં આજે નાઈટ બ્લૉક, પશ્ચિમ રેલવેમાં સન્ડે બ્લૉક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તહેવારોના દિવસોમાં અઠવાડિયાના અંતમાં લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં મુશ્કેલી પડી શકે છે, કારણ કે રેલવે નાઈટ અને સન્ડે બ્લોક હાથ ધરશે. રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણા માટે મુંબઈ સબર્બન રેલવેમાં સ્પેશિયલ બ્લોક હાથ ધરવામાં આવશે. રેલવે ટ્રેકના મેઈન્ટેનન્સ માટે પશ્ચિમમાં

(જુઓ પાનું ૪) ▸▸

# અવિવાહિત, વિધવા કે છૂટાછેડા લીધેલી દીકરીઓનો પણ પિતાની મિલકત પર અધિકાર

### હાઈ કોર્ટે નીચલી અદાલતનો નિર્ણય રદ કરતા ત્રણેય દીકરીઓને આપ્યો ન્યાય

મુંબઈ: અવિવાહિત, વિધવા કે ત્યજી દેવાયેલી દીકરીઓનો પણ ૧૯૫૬ પહેલાં મૃત્યુ પામેલા તેમના પિતાની સંપત્તિ પર અધિકાર છે અને તે હિંદુ કાયદા દ્વારા સંરક્ષિત છે એવો આદેશ હાઈ કોર્ટે તાજેતરમાં આપ્યો છે. સાથે સાથે પિતાના મૃત્યુ બાદ ત્રણેય પુત્રીઓને પિતાનું ઘર છોડી દેવા નીચલી અદાલતે આપેલો આદેશ હાઈ કોર્ટે રદબાતલ ઠેરવી પિતાની સંપત્તિ પરના દીકરીઓના અધિકારને માન્ય રાખ્યો હતો.

અરજદારના પિતાનું ૧૯૫૬ પહેલાં અવસાન થયું હતું. એ પૂર્વે એક અરજદાર તેના પતિનું અવસાન થયા બાદ માતાના ઘરે રહેવા આવી ગઈ હતી. અન્ય બે દીકરીના પતિએ તેમનો ત્યાગ કર્યા પછી તેઓ પણ પિતાના ઘરે પાછી ફરી હતી. અરજદારોને બે ભાઈ હતા. પિતાના અવસાન બાદ બંને ભાઈઓએ તેમની સંપત્તિ અંદરોઅંદર વહેંચી લીધી હતી.

બહેનોને મિલકતમાં કોઈ હિસ્સો આપવામાં આવ્યો ન હતો. જોકે ત્રણેયને ઘરમાં રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. પછી એક ભાઈનું મૃત્યુ થતા તેમની પત્નીએ ત્રણેય અરજદારોને ઘર છોડી જવા કહ્યું હતું. ત્રણેયે નીચલી કોર્ટમાં અરજી કરી

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં ગણેશોત્સવ અને નવરાત્રી માટે મંડપ ફીમાં માફી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ગણેશોત્સવ તથા નવરાત્રોત્સવ માટે મંડપ બાંધવા માટેની ફીને માફ કરવાનો નિર્ણય થાણે મહાનગરપાલિકાએ લીધો હોવાની જાહેરાત સ્થાનિક વિધાનસભ્ય નરેશ મહસ્કેએ સ્વતંત્રતાદિનની ઊજવણી પ્રસંગે કરી હતી. નરેશ મહસ્કેના જણાવ્યા મુજબ તેમણે થાણે પાલિકા પાસે સાર્વજનિક મંડળો દ્વારા ગણેશોત્સવ તથા નવરાત્રીના તહેવારમાં સાર્વજનિક સ્થળે તથા રસ્તા પર મંડપ બાંધવા માટે વસૂલ કરવામાં આવતી ફીને માફ કરવાની માગણી કરી હતી. તેમની માગણીને થાણે પાલિકાએ માન્ય રાખી હતી. ■

# ડોમ્બિવલી-કલ્યાણમાં મંગળવારે સાત કલાક પાણી પુરવઠો બંધ

કલ્યાણ: કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ના પાણી પુરવઠા વિભાગે ડોમ્બિવલી પૂર્વ અને પશ્ચિમ અને કલ્યાણ શહેરના કેટલાક ભાગોમાં મંગળવારે સાત કલાક માટે પાણી પુરવઠો સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. એમએસઇડીસીએલ કલ્યાણ મુરબાડ રોડ પર કામ્બા ખાતેના વીજ પુરવઠા પ્લાન્ટમાં તાત્કાલિક દેખભાળ અને સમારકામના કામ કરવા ધારે છે.

મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની મોહિલી ખાતેના ૧૫૦ મિલિયન લિટરની ક્ષમતાવાળા લિફ્ટ સ્ટેશનને અને કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ઉલ્હાસ નદીના કાંઠે મોહિલી ખાતેના ૧૦૦ મિલિયન લિટર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને વીજળી પૂરી પાડે છે. આ વીજ પુરવઠો કલ્યાણ મુરબાડ રોડ પર ઉલ્હાસનગર શહેર નજીક ટાટા પાવરના કામ્બા સબ-સ્ટેશનથી પૂરો પાડવામાં આવે છે. એમએસઇડીસીએલે ટાટા પાવર કમ્બા સબ-સ્ટેશન પર એનઆરસી-૨ ફીડરની જાળવણી અને સમારકામનું કામ તાત્કાલિક હાથ ધરવું પડશે. આ હેતુ માટે એમએસઇડીસીએલ મંગળવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના લિફ્ટ સ્ટેશન અને મોહિલી ખાતેના જળ શુદ્ધિકરણ પ્લાન્ટમાં વીજ પુરવઠો સ્થગિત કરશે. ■

# વિક્રોલીમાં બેસ્ટની સીએનજી બસમાં આગ, મહિનામાં બીજો બનાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની સીએનજી સંચાલિત બસમાં શુક્રવારે બપોરના આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ બસમાં આગ લાગી ત્યારે તેમાં કોઈ પ્રવાસ હાજર નહોતું, તેથી મોટી જાનહાનિ ટળી હતી. ચાલુ મહિનામાં બેસ્ટની બસમાં આગ લાગવાનો આ બીજો બનાવ છે.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ વિક્રોલીમાં બેસ્ટની બસમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. લીઝ પર રહેલી આ બસ મારુતી ટ્રાવેલ કંપનીની હતી. શુક્રવારે બપોરના ૩.૨૫ વાગે આ બસ વિક્રોલી સ્ટેશનથી કન્મવાર નગર જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરની કેબિનમાં વાયર બળી જવાને કારણે ધુમાડો ફેલાઈ ગયો હતો.

ડ્રાઈવર અને કંડકટરે બસમાં રહેલા ઍક્સિન્ટીગ્યુશરથી મદદથી આગ બુઝાવી દીધી હતી. બસમાં આગ લાગી હોવાની જાણ ફાયરબ્રિગેડને કર્યા બાદ તે પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પણ તેમના આવવા પહેલા જ આગ બુઝાઈ ગઈ હતી. બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ બસમાં આગ લાગી એ સાથે જ બસના ડ્રાઈવર

(જુઓ પાનું ૪) ▸▸




**નારાજગી:** રખડતા શ્વાનો અંગેના સુપ્રીમ કોર્ટના આદેશ બાદ નારાજ પશુપ્રેમીઓએ આઝાદ મેદાન ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. (અમય ખરાડે)

# દિવા-સીએસએમટી લોકલની માગણી હાઈ કોર્ટે કેમ ફગાવી?

મુંબઈ: ભીડને કારણે ટ્રેનમાં ચડવા ઉતરવામાં દિવાના નાગરિકોને થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને દિવા -

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) વચ્ચે લોકલ ટ્રેનો શરૂ કરવાની માગ કરતી જાહેર હિતની અરજી (પીઆઇએલ) દાખલ કરવામાં આવી હતી. કોર્ટે અરજીને ફગાવી દેતા ટિપ્પણી કરી કે કોર્ટ આ વિષયની નિષ્ણાત નથી કે ન તો તે ભારતીય રેલવે કેવી રીતે ચલાવવી તે નક્કી કરી શકે છે. આ સાથે જ કોર્ટે અરજદારને તેમની માગણી માટે રેલવે પ્રશાસનને રજૂઆત સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

નવી લોકલ ટ્રેન સેવા શરૂ કરવા માટે કોઈ માપદંડ છે? અરજદારોએ આનો અભ્યાસ કરવો જોઈએ. તે પછી લોકલ સેવાઓ શરૂ કરવા માટે રેલવે પ્રશાસનને વિગતવાર રજૂઆત કરવી જોઈએ, એવી સૂચના પણ મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ સંદીપ મારણેની ખંડપીઠે અરજદારોને આપી હતી.

દિવા સ્ટેશન મધ્ય રેલવેના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશનોમાંનું એક છે, છતાં મધ્ય રેલ્વે વહીવટીતંત્ર હંમેશા આ સ્ટેશનની અવગણના કરે છે. દિવા સ્ટેશનમાં મૂળભૂત

(જુઓ પાનું ૪) ▸▸

# સુપર પાવર બનવા ભારતે દરેક ક્ષેત્રમાં પાવરફુલ બનવું જરૂરી: ગડકરી


નાગપુર: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ગુરુવારે ભારતને સુપર પાવર અને 'વિશ્વગુરુ' બનાવવાની હિમાયત કરતાં કહ્યું હતું કે, જો દરેક ક્ષેત્રમાં ભારત મજબૂત બનશે તો દુનિયા ચોક્કસપણે ભારતની વાત કાને ધરશે.

નાગપુરમાં રાષ્ટ્ર નિર્માણ સમિતિ દ્વારા આયોજિત 'અખંડ ભારત સંકલ્પ દિન' નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન એક સભાને સંબોધન કરી રહ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે ૧૫ ઓગસ્ટને યાદ કરીએ છીએ કારણ કે ૧૯૪૭માં આ દિવસે દેશના ભારત અને પાકિસ્તાન એવા ભાગલા પડ્યા હતા. એક મિશન તરીકે આપણે સૌ સ્વીકારીએ છીએ કે આપણા દેશનું વિભાજન સ્વાભાવિક નહોતું અને એક દિવસ આપણો દેશ 'અખંડ' બની જશે. આજે આ કાર્યક્રમમાં આપણે આ સંકલ્પ લઈએ છીએ.' (પીટીઆઈ)■

# આઝાદી દિન નિમિત્તે દેશવાસીઓને ક્રિકેટરોની હાર્દિક શુભકામના

## હાર્દિક, તિલક, ઈરફાન અને લક્ષ્મણની દેશને આઝાદી દિનની શુભેચ્છા








આઝાદી દિનના અવસરે સોશ્યલ મીડિયા પર (ડાબેથી) ઈરફાન, બીસીસીઆઈ અને હાર્દિકે ફોટો શૅર કર્યો હતો.

નવી દિલ્હીઃ હાર્દિક પંડ્યા, તિલક વર્મા, ઈરફાન પઠાણ તેમ જ વીવીએસ લક્ષ્મણ સહિત અનેક ક્રિકેટરોએ સોશ્યલ મીડિયા પર ૭૯મા આઝાદી દિન નિમિત્તે દેશની જનતાને શુભેચ્છા પાઠવી છે. બીસીસીઆઈએ પણ 'એક્સ' પર પોતાના હેન્ડલ પર રાષ્ટ્રને સ્વાતંત્ર્ય દિનની શુભકામના આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે આઝાદી દિન પ્રસંગે આપેલા પ્રવચનમાં ભારતીય ખેલક્ષેત્રના યોગદાનને અને વિકાસને બિરદાવ્યા હતા. પીએમ મોદીએ વિકસિત ભારતના ઘડતર પર ખાસ ભાર આપ્યો હતો અને એમાં દેશના રમતગમત ક્ષેત્રનો પણ સમાવેશ કર્યો હતો.

વડોદરામાં રહેતા ભારતના ટોચના ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેમ જ આ વર્ષની વન-ડે ફૉર્મેટની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે એક્સ પર 'હેપ્પી ઇન્ડિપેન્ડન્સ ડે, ઇન્ડિયા' એવો સંદેશ આપ્યો છે. તેણે આ સંદેશ સાથે ભારતીય તિરંગા સાથેનો પોતાનો ફોટો પોસ્ટ કર્યો છે.

ભારત વતી ૨૫ ટી-૨૦ મૅચ અને ચાર વન-ડે રમી ચૂકેલા બૅટ્સમેન તિલક વર્માએ ચાહકો અને સમગ્ર રાષ્ટ્ર માટેના સંદેશમાં લખ્યું છે કે 'ભારત વતી મને રમવા મળ્યું એ મારા માટે સૌથી મોટી પ્રેરણા અને પ્રોત્સાહન છે. હું જાગતિક ફલક પર ભારત વતી રમું છું એ મારા માટે સૌથી મોટું ગૌરવ છે. તમામ દેશવાસીઓને આઝાદી દિનની શુભેચ્છા.'

વડોદરામાં જ રહેતા ભૂતપૂર્વ ઑલરાઉન્ડર અને ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ તેમ જ ૨૦૧૩ની ચૅમ્પિયન્સ ટ્રોફીના ખેલાડી ઈરફાન પઠાણે એક્સ પર દેશ માટેના સંદેશમાં લખ્યું છે કે 'પ્રત્યેક ભારતીયને આઝાદી દિન નિમિત્તે મારી શુભેચ્છા. આપણને આઝાદી મહામહેનતે મળી હતી અને એને જીવંત રાખવાની આપણા સૌની ફરજ છે. એ ફરજ આપણે સૌએ અરસપરસની ભાવના સાથે અને એકતા જાળવીને અદા કરવાની છે.'

વીવીએસ લક્ષ્મણે સ્વાતંત્ર દિનની શુભેચ્છા આપતા લખ્યું છે કે 'આપણને અગણિત બલિદાનોથી ભેટ રૂપે આઝાદી મળી હતી. હવે આપણી ફરજ છે કે આપણે ઉજ્જવળ અને મજબૂત દેશ નિર્માણ કરવા માટે પ્રત્યેક દિન મહેનત કરવાની છે કે જેથી આપણી ભવિષ્યની પેઢીની જનતા ગર્વ અનુભવે. જય હિન્દ.' ■

## સેહવાગે લખી કવિતા, રોહિતે હૃદયસ્પર્શી ફોટો શૅર કર્યોઃ સચિનની પણ સુંદર તસવીર, કોહલીની ભાવુક પોસ્ટ

નવી દિલ્હીઃ ૭૯મો સ્વાતંત્ર્ય દિવસ દેશભરમાં હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો અને આ અવસરે નામાંકિત ક્રિકેટરોએ અલગ સ્ટાઇલમાં સોશ્યલ મીડિયા પર દેશવાસીઓને શુભકામના આપી. ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરે તિરંગા સાથેની સુંદર તસવીર 'એક્સ' પર પોસ્ટ કરી હતી, સેહવાગે સુંદર કવિતાના રૂપમાં આઝાદી દિનની શુભેચ્છા આપી હતી, જ્યારે રોહિત શર્માએ ગયા વર્ષે જીતેલા ટી-૨૦ વર્લ્ડ કપ સમયની રાષ્ટ્રધ્વજ સાથેની તસવીર શૅર કરી હતી અને વિરાટ કોહલીએ ભાવુક પોસ્ટ મૂકીને દેશના વીર-જવાનોને નમન કર્યાં હતા. તાજેતરમાં જ વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લેજન્ડ્સ (ડબ્લ્યૂસીએલ)માં પાકિસ્તાન સામેની બે મૅચનો બહિષ્કાર કરવામાં આગેવાની લેનાર શિખર ધવને 'મેરા ભારત, મેરી શાન...આ ધરતીનો પુત્ર હોવાનો મને ગર્વ છે' એવા સંદેશવાળી પોસ્ટ લખી હતી.





વર્ષ ૨૦૧૩ સુધીની ૨૪ વર્ષની શાનદાર કરીઅર માણ્યા પછી પણ કરોડો ચાહકોના દિલમાં પહેલાંની જેમ જ વસેલા સચિન તેન્ડુલકરે 'એક્સ' પર રાષ્ટ્રધ્વજ સાથેની તસવીરની કૅપ્શનમાં 'સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા! જય હિંદ' લખીને તિરંગાનું ઇમોજી પણ જોડ્યું હતું.

વીરેન્દર સેહવાગ હંમેશાં સોશ્યલ મીડિયામાં અનોખી સ્ટાઇલમાં સંદેશ આપતો હોય છે. તેણે ' એક્સ' પર કવિતા લખીને આઝાદી દિનના પાવન અવસરે શુભેચ્છા પાઠવી હતી. તેણે હિન્દીમાં આ કવિતા લખી છે, 'કુછ નશા તિરંગે કી આન કા હૈ, કુછ નશા માતૃભૂમિ કી શાન કા હૈ...હમ લહરાએંગે હર જગહ યે તિરંગા, નશા યે હિન્દુસ્તાં કે સમ્માન કા હૈ...સ્વતંત્રતા દિવસ કી હાર્દિક શુભકામનાએં'

રોહિત શર્માના સુકાનમાં ભારત ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બન્યું હતું. ત્યારે (૨૯મી જૂને) બ્રિજટાઉનમાં ભારતે ફાઇનલમાં સાઉથ આફ્રિકાને સાત રનથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી અને હર્ષોલ્લાસ વચ્ચે રોહિતે બ્રિજટાઉનના મેદાનની જમીનમાં તિરંગો ખોસી દીધો હતો જેની તસવીર ખુદ રોહિતે સોશ્યલ મીડિયામાં આઝાદી દિનની શુભેચ્છારૂપે પોસ્ટ કરી છે.

ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ રોહિત અને રવીન્દ્ર જાડેજા ઉપરાંત વિરાટ કોહલીએ પણ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. કોહલીએ આઝાદી દિન નિમિત્તે 'એક્સ' પર એક ક્લિપ શૅર કરી હતી જેમાં લખ્યું હતું, 'આજે આપણે આઝાદીમાં ખુશાખુશાલ છીએ, કારણકે તેમણે (સ્વાતંત્ર્ય વીરોએ) અતૂટ સાહસ સાથે આપણને સ્વતંત્રતા અપાવી હતી. ચાલો, આપણે હર્ષોલ્લાસથી ભરપૂર સ્વાતંત્ર્ય દિને આપણા વીર જવાનોના બલિદાનોને સલામ કરીએ અને તેમનું હાર્દિક સમ્માન કરીએ. ભારતીય હોવાનો મને ગર્વ છે. જય હિંદ. સ્વતંત્રતા દિવસની શુભકામના.' ■

## મેસીના ભારત-પ્રવાસનું શેડ્યૂલ જાહેર

કોલકાતાઃ ફિફા વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાનો ફૂટબૉલ સુપરસ્ટાર લિયોનેલ મેસી આગામી ડિસેમ્બર મહિનામાં ભારતના પ્રવાસે આવવાનો છે જેનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. ભારતના ચાર શહેરનો તેનો પ્રવાસ ૧૨મી ડિસેમ્બરે શરૂ થશે. તે સૌથી પહેલાં કોલકાતા આવશે અને ત્યાર પછી અમદાવાદ, મુંબઈ તથા દિલ્હી જશે. મેસી ૧૫મી ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને જશે અને એ મુલાકાત બાદ કરોડો ચાહકોના આ લાડલા ફૂટબોલરની ભારતની ટૂર પૂરી થશે. ■

## દેશને મહિલા ક્રિકેટરોની સ્વાતંત્ર્ય દિનની ભેટ, ઑસ્ટ્રેલિયામાં ભારત જીત્યું સિરીઝ

બ્રિસ્બેનઃ ભારતની મહિલા ક્રિકેટરોની ઇન્ડિયા 'એ' ટીમે અહીં ઇયાન હિલી ઓવલ મેદાન પર ફક્ત એક બૉલ બાકી રાખીને યજમાન ઑસ્ટ્રેલિયા 'એ' ટીમને સતત બીજી વન-ડેના રોમાંચક મુકાબલામાં હરાવીને ત્રણ મૅચની સિરીઝમાં ૨-૦થી વિજયી-સરસાઈ મેળવી લીધી હતી. ભારતીય ટીમે મૅચના સેકન્ડ-લાસ્ટ બૉલ પર વિજય મેળવ્યો હતો.

ભારત વતી ઑફ-સ્પિનર મીનુ મનીએ ૪૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી અને ત્યાર બાદ ત્રણ બૅટર્સે હાફ સેન્ચુરી ફટકારીને ભારતને ભારે રસાકસી વચ્ચે વિજય અપાવ્યો હતો. ઑસ્ટ્રેલિયાની કૅપ્ટન તાહલિયા મૅકગ્રાએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી. તેની ટીમે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૬૫ રન કર્યા હતા. ભારતીય ટીમે જવાબમાં ૪૯.૫ ઓવરમાં આઠ વિકેટે ૨૬૬ રન કરીને દિલધડક મુકાબલો જીતી લીધો હતો.

ભારતીય ઇનિંગ્સની શરૂઆત નબળી હતી, પણ ઓપનર-વિકેટકીપર યાસ્તિકા ભાટિયા (૬૬ રન, ૭૧ બૉલ, નવ ફોર)એ જીતનો પાયો નાખ્યો હતો. તેના ઉપરાંત ખુદ કૅપ્ટન રાધા યાદવે (૬૦ રન, ૭૮ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) અને તનુજા કંવરે (૫૦ રન, ૫૭ બૉલ, ત્રણ ફોર) પણ હાફ સેન્ચુરી ફટકારી હતી. ■

### અલીઝા તેના કાકાનાં નામવાળા મેદાન પર સેન્ચુરી ચૂકી

ઑસ્ટ્રેલિયાની ૩૫ વર્ષીય વિકેટકીપર-ઓપનર અલીઝા હિલી (૯૧ રન, ૮૭ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) સદી ચૂકી ગઈ હતી. આ મૅચ તેના કાકા અને મહાન વિકેટકીપર-બૅટ્સમૅન ઇયાન હિલીના નામવાળા મેદાન પર રમાઈ હતી અને એના પર તેને સેન્ચુરી ફટકારવાની સારી તક હતી, પરંતુ કૅપ્ટન રાધા યાદવના બૉલમાં તે ભારતીય વિકેટકીપર યાસ્તિકા ભાટિયાના હાથમાં કૅચઆઉટ થઈ ગઈ હતી. ■

## એશિયા કપ માટેની ટીમની જાહેરાત મંગળવારેઃ એક અહેવાલ

મુંબઈઃ યુએઈમાં આગામી ૯મી સપ્ટેમ્બરે શરૂ થનારા ટી-૨૦ ફૉર્મેટના મેન્સ એશિયા કપ માટેની ભારતીય ટીમની જાહેરાત મંગળવાર, ૧૯મી ઓગસ્ટે મુંબઈમાં કરવામાં આવશે એવી સંભાવના છે. આ મીટિંગમાં ટી-૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ હાજર રહેશે. તેણે તાજેતરમાં જ સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી હતી. ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખતાં ભારત માટે એશિયા કપ ખૂબ જરૂરી છે. એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતની ૧૪મી સપ્ટેમ્બરે લીગ મેચ રમાશે અને ત્યાર પછી ૨૧મી સપ્ટેમ્બર તથા ૨૮મી સપ્ટેમ્બરે પણ બંને દેશ વચ્ચે મુકાબલો થવાની શક્યતા છે. ■

# દેશ - વિદેશ

## લાલ કિલ્લા પરથી ૧૨મી વખત સંબોધનઃ નરેન્દ્ર મોદીએ ઈન્દિરાનો વિક્રમ તોડ્યો



નરેન્દ્ર મોદીએ ૧૨ વર્ષ લાલ ક્લ્લિા પરથી કરેલા સંબોધનની આ કૉલાજ તસવીર. (એજન્સી)

નવી દિલ્લીઃ આજે ભારત માટે ગૌરવવંતી ક્ષણ છે. આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી ૧૨મી વખત પોતાનું ભાષણ આપ્યું છે. ૧૨મી વખત લાલ કિલ્લા પરથી ભાષણ આપીને ઇન્દિરા ગાંધીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સ્વતંત્રતા દિવસ પર સતત ૧૨મી વખત ભાષણ આપનારા પીએમ મોદી ભારતના બીજા વડા પ્રધાન છે. લાલ કિલ્લા પર ત્રિરંગો ફરકાવવાના રેકોર્ડની વાત કરવામાં આવે તો, જવાહરલાલ નેહરુના ૧૭ વખત અને ઇન્દિરા ગાંધીના ૧૬ વખત ત્રિરંગો ફરકાવ્યો છે, જ્યારે આ યાદીમાં પીએમ મોદી ત્રીજા સ્થાને છે.

ઇન્દિરા ગાંધીની વાત કરવામાં આવે તો, જાન્યુઆરી ૧૯૬૬થી માર્ચ ૧૯૭૭ સુધી લગાતાર ૧૧ વખત લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવ્યો હતો. ત્યાર બાદ ૧૯૮૦થી ૧૯૮૪માં પણ તેઓ વડાપ્રધાન રહ્યાં એટલે કુલ મળીને ૧૬ વખત ઇન્દિરા ગાંધીએ તિરંગો ફરકાવ્યો હતો. ભાષણની વાત કરવામાં આવે તો, પીએમ મોદી તેમના ૧૨મા સ્વતંત્રતા દિવસના ભાષણ સાથે ઇન્દિરા ગાંધીને પાછળ છોડી દીધા છે. ■

## ખેડૂતો માટે હું ઢાલ બનીને ઊભો છુંઃ મોદી

નવી દિલ્હીઃ અમેરિકા સાથેના પ્રસ્તાવિત વેપારી કરાર અંગેની વાટાઘાટના ભાવિ રાઉન્ડની અનિશ્ચિતતા વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે દેશના હિતો સાથે કોઈ સમાધાન કરવામાં નહીં આવે અને ખેડૂતો, માછીમારો તેમ જ પશુધનના હિતોના રક્ષણ માટે હું અડીખમ દીવાલ બનીને ઊભો રહીશ.

બંને દેશ વચ્ચેના પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપારી કરારમાં અમેરિકા ભારતમાં કૃષિ અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે રાહતની માગણી કરી રહ્યું હોવા વચ્ચે મોદીએ કરેલા આ નિવેદનને મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે. હાલને તબક્કે અમેરિકા દ્વારા આયાત કરવામાં આવતા ભારતીય સામાન પર પચીસ ટકા ટૅરિફ વસૂલવામાં આવી રહ્યો છે.

ખેડૂતો, માછીમારો અને પશુધન સંબંધિત હાનિકારક નીતિઓ વિરુદ્ધ મોદી દિવાલ બનીને ઊભા છે. (એજન્સી) ■

## ઘૂસણખોરોની સમસ્યાનો અંત લાવવા ડેમોગ્રાફી મિશન

નવી દિલ્હીઃ ગેરકાયદે ઘૂસણખોરીની મદદથી દેશની ડેમોગ્રાફી બદલવાનું કાવતરું ઘડી રહેલા લોકોને શુક્રવારે ચેતવણી આપતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે કોઈપણ દેશ ઘૂસણખોરોને સહન ન કરી શકે. ગેરકાયદે ઘૂસણખોરોની સમસ્યાનો ઉકેલ લાવવા મોદીએ ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી હતી.

૭૯મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે દેશને આઝાદ કરવા આપણા પૂર્વજોએ અનેક કુરબાની આપી હતી. ઘૂસણખોરીની પ્રવૃત્તિને સ્વીકૃતિ ન આપવી એ દેશના પ્રત્યેક નાગરિકની ફરજ છે, એમ તેમણે કહ્યું હતું.

યોજનાબદ્ધ રીતે ઘડી કાઢવામાં આવેલા ઘૂસણખોરીનાં કાવતરાં અને પડકારો અંગે તમામ દેશવાસીઓ સાવધ બને એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ઘૂસણખોરોની મદદથી દેશની ડેમોગ્રાફી બદલવામાં આવી રહી છે. (એજન્સી) ■

## ઉસને હી સમય કો મોડા હૈ...

### જ્યારે વડા પ્રધાને સચોટ પંક્તિઓ ટાંકી સૌને ખુશ કરી દીધા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદી દિનના તેમના સંબોધનમાં સ્વાવલંબી બનાવા અને સમૃદ્ધ ભારત માટે કાર્ય કરવાનો આ જ યોગ્ય સમય છે. મોદીએ કહ્યું હતું કે પરિશ્રમ મેં જો તપા હૈં, ઉસને હી ઈતિહાસ રચા હૈ. (જેણે સખત પરિશ્રમ કર્યો છે એને જ ઈતિહાસ રચ્યો છે)

વડા પ્રધાને કહ્યું હતું ફાઈટર જેટ એન્જિનથી લઈને ઈલેક્ટ્રિક વેહિકલ સુધીના વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદન કરીને દેશને આત્મનિર્ભર બનાવો અને આની મદદથી દેશને 'સમૃદ્ધ ભારત ' બનાવો.

તેમણે કહ્યું હતું કે જીસને ફૌલાદી ચટ્ટાનો કો તોડી હૈ, ઉસને હી સમય કો મોડા હૈ (જેણે પોલાદી ખડકોને તોડ્યા છે તેણે જ સમયને ઝુકાવ્યો છે.)

મોદીએ વધુમાં કહ્યું હતું કે વિશ્વમાં આર્થિક સ્વાર્થ વધી રહ્યો છે ત્યારે ભારતે સશક્ત બનવું પડશે.

મોદીએ ૧૦૩ મિનિટના તેમના પ્રવચનને આટોપી દેતા કહ્યું હતું કે સમય કો મોડ દેને કા ભી, યહ સમય હૈ, સહી સમય હૈ, ( સમયને ઝુકાવવાનો આ જ સમય છે, આ જ સમય છે અને આ જ યોગ્ય સમય છે) (એજન્સી) ■

## જીએસટી ૨.૦ મોદીની સમયસરની સિક્સર

### આવો છે મોટાભાગના આર્થિક નિષ્ણાતોનો મત

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતાના દિવસ પર લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા જીએસટીને લઈને મોટી જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આ દિવાળી પર દેશના લોકોને એક મોટી ભેટ મળવા જઈ રહી છે. તેમણે કહ્યું હતું કે દિવાળી પર દેશવાસીઓને મોટી ભેટ આપીશ. દિવાળી પર જીએસટીના દરોમાં મોટો ઘટાડો થશે. જેનાથી લોકોને સીધો ફાયદો થશે. નિષ્ણાતોના મતે વડાપ્રધાન મોદી દ્વારા જીએસટી ૨.૦ના સંબંધમાં કરવામાં આવેલી જાહેરાત એક સ્થિતિસ્થાપક ભારતીય અર્થતંત્રના નિર્માણ તરફ સમયસર અને વ્યૂહાત્મક પગલું છે. મોદીએ જાહેરાત કરી હતી કે દિવાળી સુધીમાં જીએસટી દર ઘટાડવામાં આવશે, જેનાથી રોજિંદા ઉપયોગની વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે, કારણ કે તેમની સરકાર કેસ અને કર ચોરીથી ગ્રસ્ત આઠ વર્ષ જૂની કર વ્યવસ્થામાં સુધારો કરવા માંગે છે.

હવાઈ ઈન્ડિયાના ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે કહ્યું હતું કે ''વડાપ્રધાનનું જીએસટી ૨.૦ માટેનું વિઝન એક લવચિક ભારતીય અર્થતંત્ર બનાવવા માટે સમયસર અને વ્યૂહાત્મક પગલું છે. આ ફક્ત પ્રક્રિયાગત ફેરફારો નથી. તે વૈશ્વિક વેપાર તણાવથી ઉદભવતા જોખમોને ઘટાડવા માટે રચાયેલ આવશ્યક માળખાકીય સુધારા છે. ડ્યુટી માળખાને સંબોધીને અમે મહત્વપૂર્ણ કાર્યકારી મૂડી પ્રાપ્ત કરી રહ્યા છીએ અને વૈશ્વિક સ્તરે આપણી નિકાસને વધુ સ્પર્ધાત્મક બનાવી રહ્યા છીએ. તેની સાથે જ દરોને તર્કસંગત બનાવવાથી સ્થાનિક વપરાશમાં વધારો થશે, જે બાહ્ય આંચકાઓ સામે એક શક્તિશાળી બફર બનાવશે.

ગ્રાન્ટ થોર્નટન ભારતમાં પાર્ટનર-ટેક્સ પ્લાનિંગ અને ઑપ્ટિમાઇઝેશન કૃષ્ણ અરોરાએ જણાવ્યું હતું કે જીએસટી દર માળખાને તર્કસંગત બનાવવાનો વિચાર છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનની જાહેરાત સાથે એવું લાગે છે કે દર ફિટમેન્ટ કાર્ય પૂર્ણ થયું છે અને દૈનિક વપરાશની વસ્તુઓના દરમાં ૧૨ ટકાથી ઘટીને ૫ ટકા થવાની અપેક્ષા રાખી શકાય છે, જે ફક્ત અંતિમ ઉત્પાદનના ભાવ ઘટાડવામાં જ નહીં પરંતુ વપરાશ અને માંગને પણ વધારવામાં મદદ કરી શકે છે, ખાસ કરીને એમએસએમઈ માટે ફાયદાકારક રહેશે.

આઠ વર્ષ જૂની કર વ્યવસ્થા જેમાં એક્સાઇઝ ડ્યૂટી જેવા કેન્દ્રીય કર અને વેટ જેવા રાજ્ય વસૂલાતને એક કરમાં ભેળવી દેવામાં આવ્યા હતા, તેના કારણે પરોક્ષ કર આધાર બમણો થઈને ૧.૫૨ કરોડ થયો છે, પરંતુ કર દરમાં ઘટાડો અને મહામારીની મંદીના કારણે ચોખ્ખી આવક તાજેતરમાં જ જીએસટીના પહેલાના સ્તરે પહોંચી છે.

ટેક્સ કનેક્ટ એડવાઇઝરી સર્વિસીસ એલએલપીના પાર્ટનર વિવેક જાલને જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલની છેલ્લા આઠ મહિનાથી બેઠક થઈ નથી કારણ કે દર તર્કસંગતકરણ માટે એક વિશાળ કવાયત ચાલી રહી છે અને મંત્રીઓના જૂથ વ્યાપક દર તર્કસંગત બનાવવા માટે કાર્યક્રમની સમીક્ષા કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે એવી અપેક્ષા છે કે આ દિવાળીએ સામાન્ય માણસ દ્વારા મોટા પાયે વપરાશની વસ્તુઓને પાંચ ટકા જીએસટીના નીચલા સ્લેબમાં લાવવામાં આવશે. જાલાને કહ્યું કે જીએસટી દર ઓછો હોવાથી સમગ્ર અર્થતંત્ર માટે સારુ રહેશે. સીઆઇઆઈના ડિરેક્ટર જનરલ ચંદ્રજીત બેનર્જીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનનું સ્વતંત્રતા દિવસનું ભાષણ ભારતના યુવાનોને સશક્ત બનાવવા, એમએસએમઈને મજબૂત બનાવવા અને આત્મનિર્ભર ભારત મિશનને વેગ આપવા માટેની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પીએમ-વિકસિત ભારત રોજગાર યોજનાની એક લાખ કરોડ રૂપિયાની યુવા સશક્તિકરણ પહેલનો સીમાચિહ્નરૂપ, પહેલી વાર નોકરી શોધનારાઓ માટે ૧૫,૦૦૦ રૂપિયાની સહાય સાથે, મોટા પાયે રોજગારની તકો ઊભી કરવાની, કૌશલ્ય વધારવાની અને ટકાઉ આજીવિકા માટે માર્ગો ખોલવાની ક્ષમતા ધરાવે છે.

ઈકોનોમિક લોઝ પ્રેક્ટિસના પાર્ટનર હર્ષ શાહે કહ્યું હતુ કે લાંબા સમયથી રાહ જોવાતા જીએસટી ૨.૦ હવે વધુ નજીક લાગે છે. વડાપ્રધાને ભાષણમાં દિવાળીમાં આમ આદમી માટે એક મોટી ભેટનું વચન આપ્યું છે. આ સંદર્ભમાં સપ્ટેમ્બરમાં જીએસટી કાઉન્સિલની બે બેઠકો થવાની શક્યતા છે. સંભવિત સુધારાઓમાં ૧૨ ટકાના સ્લેબને દૂર કરવા, આરોગ્ય અને જીવન વીમા માટે દર તર્કસંગત બનાવવા, કેટલીક આવશ્યક વસ્તુઓ અને બ્લોક્ડ ક્રેડિટ્સ સંબંધિત જોગવાઈઓમાં સ્પષ્ટતાનો સમાવેશ થઈ શકે છે. ■

## સમુદ્રના પેટાળમાંથી ક્રૂડ શોધી કાઢવા મિશન

નવી દિલ્હીઃ સ્થાનિક ઉત્પાદનને વેગ તેમ જ દેશનું અબજો ડૉલરનું આયાત બિલ ઘટાડવા જેવી બાબતોને પ્રોત્સાહન આપવાના પ્રયાસના ભાગરૂપ સમુદ્રમાં તેલ અને ગૅસ શોધી કાઢવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ ડીપ વૉટર એક્સપ્લોરેશન મિશન શરૂ કરવાની શુક્રવારે જાહેરાત કરી હતી. ક્રૂડ તેલની કુલ જરૂરિયાતને પહોંચી વળવા ભારત જરૂરિયાતના ૮૮ ટકા આયાત પર નિર્ભર કરે છે.

ક્રૂડ તેલમાંથી પેટ્રોલ તેમ જ ડીઝલ જેવાં ઈંધણ તૈયાર કરવામાં આવે છે અને ભારતની કુદરતી ગૅસની પચાસ ટકા જરૂરિયાત પણ પૂરી કરવામાં આવે છે.

આ કુદરતી ગૅસનો ઉપયોગ વીજળી પેદા કરવા, ખાતરનું ઉત્પાદન કરવા અને વાહનો માટે વપરાતું સીએનજી બનાવવા માટે કરવામાં આવે છે. ભારત પાસે ક્રૂડ તેલના મર્યાદિત સ્રોત અને અનામત જથ્થો હોવાને કારણે મોટાપાયે આયાત પર નિર્ભર રહેવું પડે છે.

પેટ્રોલ, ડીઝલ, ગૅસ અને અન્ય ઈંધણની આયાત પાછળ બજેટનો મોટો હિસ્સો ખર્ચાઈ જાય છે, એમ મોદીએ કહ્યું હતું.

આ તમામ વસ્તુઓની આયાત માટે આપણે અન્ય દેશ પર નિર્ભર ન હોત તો આ રૂપિયાનો ઉપયોગ ગરીબી દૂર કરવા, ખેડૂતો માટેની કલ્યાણ યોજનાઓ અને ગામડાંઓની સ્થિતિને સુધારવા માટે થઈ શક્યો હોત, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## ગુજરાતના અરુણ નૂરાનીએ શ્રીનગરના લાલ ચોકમાં લહેરાવ્યો તિરંગો




શ્રીનગરઃ આજે દેશના ૭૯મા સ્વાતંત્ર્યપર્વની ધામધૂમપૂર્વક ઉજવણી થઇ રહી છે. જ્યારે એક ગુજરાતી સહિત અન્ય બે રાજસ્થાનના નાગરિકે શ્રીનગરના લાલચોક ખાતે તિરંગો ફરકાવીને દેશવાસીઓને મહત્ત્વનો સંદેશ આપ્યો હતો. શ્રીનગરના લાલ ચોક પર રાષ્ટ્રધ્વજ લહેરાવાનારા ગુજરાતના અરુણ નૂરાનીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે તેઓ દર વર્ષે શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપવા લાલ ચોક આવે છે. તેમણે આશા વ્યક્ત કરી કે અહીં શાંતિ અને ભાઈચારો કાયમ રહેશે. ■

# ઈન્ફ્લેશનના વધારાએ અમેરિકન શૅરબજારને ધક્કો માર્યો અને એશિયાઇ બજારોને માટે તેજીનો પવન ફુંકાયો

મનીલા: એક તરફ ઇન્ફ્લેશનના દરમાં વધારો થયા બાદ અમેરિક્ન શેરબજારોમાં પીછેહઠ નોંધાઇ હતી, ત્યાં બીજી તરફ આ જ કારણસર એશિયન શેરોમાં મોટાભાગે તેજી જોવા મળી હતી. ભારતમાં શુક્રવારે પંદરમી ઓગસ્ટે, સ્વાતંત્ર્ય દિન નિમિત્તે શેરબજાર બંધ રહ્યા હતા.

અમેરિકામાં જારી થયેલા એક નિરાશાજનક અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે, ગયા મહિને અમેરિકાના હોલસેલ સ્તરના ઇન્ફ્લેશનના જે ટેડા આવ્યા છે, તે અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતા ખૂબ જ વધુ ખરાબ છે. આ અહેવાલને કારણે અમેરિકન ઇક્વિટી માર્કેટમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું.

આ તરફ યુએસ ફ્યુચર્સમાં સુધારો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવ ઘટ્યા હતા. ચીને અહેવાલ આપ્યો છે કે જુલાઈમાં અમેરિકન ટેરિફમાં વધારો થવાને કારણે તેનું અર્થતંત્ર દબાણ અનુભવી રહ્યું છે અને એ જ સાથે પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે.

જૂનમાં છૂટક વેચાણ વાર્ષિક ધોરણે ૩.૭૦ ટકા વધ્યું, જે જૂનમાં ૪.૮૦ ચકાના સ્તરે હતું, જ્યારે ફેક્ટરી ઇક્વિપમેન્ટ અને અન્ય સ્થાયી સંપત્તિઓમાં રોકાણમાં ૧.૬૦ ટકાનો નજીવો વધારો થયો છે, જે જાન્યુઆરી-જૂનમાં નોંધાયેલી ૨.૮૦ ટકા વૃદ્ધિ સામે ઘટાડો દર્શાવે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મે મહિનામાં શરૂ થયેલા નેવું દિવસના વિરામ પછી ૯૦ દિવસ માટે આયાત જકાતમાં તીવ્ર વધારો લંબાવ્યા પછી ઉત્પાદકોના માનસ પર યુનાઇટેડ સ્ટેટ્સમાં નિકાસ પરના ટેરિફ અંગે અનિશ્ચિતતા હજુ પણ છવાયેલી છે. એશિયઆઇ બજારોમાં શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૫૦ ટકા વધીને ૩,૬૮૩.૫૮ થયો, પરંતુ હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૧.૨૦ ટકા ઘટીને ૨૫,૨૧૬.૪૫ બોલાયો હતો.

જુલાઈમાં ચીની આર્થિક પ્રવૃત્તિ ધીમી પડી ગઈ, છૂટક વેચાણ, સ્થિર સંપત્તિ રોકાણ અને ઉદ્યોગ વૃદ્ધિમાં મૂલ્યવર્ધનના ડેટા, તમામ વર્ષના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. મજબૂત શરૂઆત પછી, ઘણા મહિનાઓનું કુલીંગ મોમેન્ટમ સૂચવે છે કે અર્થતંત્રને વધુ નીતિ સહાયની આવશ્યકતા પડી શકે છે, આઇએનજી ઇકોનોમિક્સે માર્કેટ કોમેન્ટ્રીમાં જણાવ્યું હતું.

જાપાનમાં, સરકારે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં અર્થતંત્ર એક ટકાના વાર્ષિક ગતિએ વૃદ્ધિ પામ્યું હોવાના અહેવાલ પછી નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૧.૨૦ ટકા વધીને ૪૩,૧૫૨.૫૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. વિશ્લેષકોની અપેક્ષા કરતાં ઉપરોક્ત ડેટા સારા રહ્યા હતા.

એશિયામાં અન્યત્ર, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી ૦.૧૦ ટકા કરતા ઓછો વધીને ૩,૨૨૫.૬૬ પોઇન્ટ સુધી પહોંચ્યો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી-એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૪૦ ટકા વધીને ૮,૯૦૯.૨૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો અને તાઇવાનના તાઇએક્સમાં ૦.૩૦ ટકાનો વધારો થયો હતો.

શુક્રવાર પછી ધ્યાન યુએસ રિટેલ વેચાણ પરના અપડેટ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની બેઠકના પરિણામ અને પ્રત્યાઘાત પર કેન્દ્રિત થવાની સંભાવના છે.

ગુરુવારે, એસએન્ડપી ૫૦૦માં દરેક ૧૦ શેરોમાંથી સાત ઘટ્યા હતા, જોકે ઇન્ડેક્સ ૦.૧૦ ટકા કરતા ઓછો વધ્યો અને બીજી સર્વકાલીન ઉચ્ચતમ સપાટી બનાવી હતી.

ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧૧ પોઇન્ટ અથવા ૦.૧૦ ટકા કરતા ઓછો ઘટ્યો હતો અને નાસ્ડેક કમ્પોઝિટ તેના એક દિવસ પહેલાના રેકોર્ડથી ૦.૧૦ ટકા કરતા ઓછો ઘટ્યો હત. ફુગાવાના અહેવાલમાં જણાવાયું છે કે ગયા મહિને યુએસ હોલસેલ સ્તરે ભાવ એક વર્ષ પહેલા કરતા ૩.૩૦ ટકા વધ્યા હતા.

આ આંકડો અર્થશાસ્ત્રીઓએ જાહેર કરેલી ૨.૫૦ ટકાના દરની આગેહી કરતાં ઘણો વધારે હતો અને તે અમેરિકાના ખરીદદારો માટે મોંઘવારી અને ઊંચા ફુગાવાનો સંકેત આપી શકે છે, કારણ કે ઊંચા ખર્ચ સિસ્ટમમાંથી પસાર થાય છે.



ઉપરોક્ત ડેટાએ ટ્રેડર્સને તેમની વ્યાપક સર્વસંમતિનો બીજો અંદાજ લગાવવા માટે પ્રેર્યા કે ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં તેની આગામી બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરશે. નીચા દરો રોકાણના ભાવ અને અર્થતંત્રને વેગ આપી શકે છે, જેનાથી યુ.એસ. ઘરો અને વ્યવસાયો માટે ઘરો, કાર અથવા સાધનો ખરીદવા માટે ઉધાર લેવાનું સસ્તું થઈ શકે છે, પરંતુ તે ફુગાવા માટે વધુ વકરવાનું જોખમ પણ ધરાવે છે.

ઊંચા વ્યાજ દરો, ઉધાર લેવાનો ખર્ચ ઊંચો રાખીને તમામ પ્રકારની કંપનીઓ પર દબાણ લાવે છે. તેઓ ખાસ કરીને નાની કંપનીઓને નુકસાન પહોંચાડી શકે છે કારણ કે તેમને ઘણીવાર વૃદ્ધિ માટે ઉધાર લેવાની જરૂર પડે છે. અમેરિકાનો સ્મોલ સ્ટોક્સ ઇન્ડેક્સ રસેલ ૨૦૦૦ સૂચકાંકમાં ૧.૨૦ ટકા ઘટાડો થયો હતો. ગુરુવારના નિરાશાજનક ડેટાની જાહેરાત બાદ અઠવાડિયાની શરૂઆતમાં, ગ્રાહક સ્તરે કિંમતો પર એક પ્રોત્સાહક અપડેટ જાહેર થઇ હતી. દરમિયાન, ગુરુવારે એક અલગ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ગયા અઠવાડિયે બેરોજગારી લાભો માટે ઓછા યુ.એસ. કામદારોએ અરજી કરી હતી. બીજા શબ્દોમાં બેરજોગારીમાં સહેજ ઘટાડો થયો એમ કહી શકાય.

અમેરિકાના કામદારો માટે આ સારો સંકેત છે, જે દર્શાવે છે કે જ્યારે નોકરીઓ શોધવાનું વધુ મુશ્કેલ બન્યું છે ત્યારે છટણી પ્રમાણમાં ઓછી રહી છે. પરંતુ એક મજબૂત જોબ માર્કેટ ફેડરલ રિઝર્વને ટૂંકા ગાળામાં વ્યાજ દરો ઘટાડવાનું ઓછું કારણ પણ આપી શકે છે.

બિગ ટેક્નોલોજી શેરોએ વોલ સ્ટ્રીટના નુકસાનને ઘટાડવામાં મદદ કરી હતી. એમેઝોન ૨.૯૦ ટકા વધ્યો હતો, જે તેના આગલા દિવસના સુધારામાં ઉમેરો કરે છે, જ્યારે તેણે ૧,૦૦૦થી વધુ શહેરો અને નગરોમાં તાજી કરિયાણાની ડિલિવરી જાહેર કરી હતી. નોંધવું રહ્યું કે એમેઝોન ખૂબ જ વિશાળ છે, જેનું બજાર મૂલ્ય ૨.૪૫ ટ્રિલિયન ડોલર છે, તેના શેરની હિલચાલ સામાન્ય કંપની કરતા એસએન્ડપી ૫૦૦ પર ઘણું વધારે ભાર મૂકે છે.

શુક્રવારની શરૂઆતમાં અન્ય સોદાઓમાં, યુએસ બેન્ચમાર્ક ક્રૂડ ઓઇલ ૧૬ સેન્ટ ઘટીને ૬૩.૮૦ ડોલર પ્રતિ બેરલ થયું હતું. આંતરરાષ્ટ્રીય ધોરણ બ્રેન્ટ ક્રૂડ ૧૩ સેન્ટ ઘટીને ૬૬.૭૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ડોલર ૧૪૭.૨૦ યેનથી શરૂ થઈને ૧૪૭.૧૪ જાપાનીઝ યેન પર પહોંચી ગયો. યુરો ૧.૧૬૫૪થી વધીને ૧.૧૬૬૫ પર પહોંચી ગયો હતો.

દરમિયાન એસએન્ડપીએ ભારતનું રેટિંગ ૧૯ વર્ષના સમયગાળા બાદ અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું છે. મહત્તવની બાબતમાં આ ગ્લોબલ રેટિંગ એજન્સીએ કહ્યું છે કે ભારત વિશ્વની શ્રેષ્ઠ કામગીરી ધરાવતું અર્થતંત્ર બની રહેશે. અમેરિકાની ટેરિફની અસર ભારત ખમી જશે અને તેના વિકાસને કોઇ નોંધપાત્ર અવરોધ નહીં નડશે.

પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા.

વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડના અને જેમ એરોમેટિક્સ રૂ. ૪૫૧.૨૫ કરોડના ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ફ્રેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે.

સેશાસાઇ ટેકેએ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે. ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. સિંગાપોર ટેક્સ ઓથોરિટીએ ઇન્ફોસિસને જીએસટી પેમેન્ટ સંદર્ભે રૂ. ૬૬ લાખની પેનલ્ટી કરી છે.

ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૨૩૩.૨૫ મિલિયનમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે. કોગ્નીઝન્ટે ૮૦ ટકા પાત્ર કર્મચારીઓને પહેલી નવેમ્બરથી વેતનવૃદ્ધિની આપવાની જાહેરાત કરી છે.

કેપિટલ માર્કેટ નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્રતિબંધિત કર્યા છે. કુલ રૂ. ૧૨૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે અને હવે તેઓ લિસ્ટેડ કંપનીઓમાં મુખ્ય હોદ્દા પર કામ નહીં કરી શકે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે જુલાઈમાં રિટેલ ઇન્ફ્લેશન ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું હોવાને કારણે સ્થાનિક ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. ભારતીય ઇક્વિટીમાં વ્યાપક આશાવાદ જોવા મળ્યો હતો કારણ કે સીપીઆઇ આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેના કારણે ઓટો અને ધાતુઓના નેતૃત્વમાં વિવેકાધીન ખર્ચમાં પુનરુત્થાનની આશા જાગી હતી. ટ્રમ્પના વેપાર વલણ, ટેરિફ અને વૈશ્વિક જોખમોની આસપાસ અનિશ્ચિતતા વધતી રહી હોવાથી બજારના અંડરટોનમાં સાવચેતીનું વલણ જોવા મળે છે.

રોકાણકારોની નજર આજે ૧૫ ઓગસ્ટે અલાસ્કામાં આયોજિત ટ્રમ્પ-પુતિનની મુલાકાત પર મંડાયેલી છે. મંગળવારે જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, રિટેલ ઇન્ફ્લેશન જુલાઈમાં ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું છે, જે જાન્યુઆરી ૨૦૧૯ પછી પહેલી વાર રિઝર્વ બેંકના કમ્ફર્ટ ઝોનથી નીચું સ્તર બતાવે છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિકગાળામાં ૧૦૮.૧ અબજ ડૉલરની નિકાસનો અંદાજ: ઈન્ડિયા એક્ઝિમ બૅન્ક

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ત્રિમાસિકગાળામાં અર્થાત્ જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન દેશની કુલ મર્કન્ડાઈઝ નિકાસ ૪.૫ ટકાના વૃદ્ધિદર સાથે ૧૦૮.૧ અબજ ડૉલરની સપાટીએ રહેવાનો, જ્યારે નોન ઑઈલ નિકાસ ૫.૨ ટકાની વૃદ્ધિ સાથે ૯૨.૧ અબજ ડૉલર રહેવાનો અંદાજ એક્સપોર્ટ ઈમ્પોર્ટ બૅન્ક ઑફ ઈન્ડિયા (ઈન્ડિયા એક્ઝિમ બૅન્ક)એ મૂક્યો છે.

ઈન્ડિયા એક્ઝિમ બૅન્કની યાદી અનુસાર બીજા ત્રિમાસિકગાળામાં નોન ઑઈલ અને નોન જેમ્સ અને જ્વેલરી નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૨.૩ ટકા વધીને ૮૨.૭ અબજ ડૉલર રહેવાની ધારણા મૂકવામાં આવી છે. ભારતની નિકાસમાં જોવા મળનાર વૃદ્ધિ મુખ્યત્વે ગત સાલના નીચા બેઝદર ઉપરાંત ઉત્પાદનમાં સતત તેજી, ક્ષમતાના વપરાશમાં વધારો, સાનુકૂળ નાણાકીય સ્થિતિ, ઘણાં દેશો સાથે થઈ રહેલી દ્વીપક્ષીય વાટાઘાટોમાં સફળતાનો આશાવાદ અને ભારતની વિસ્તરણકારી નાણાં નીતિની મુખ્ય ભૂમિકા રહેવાની શક્યતા બૅન્કે વ્યક્ત કરી હતી. જોકે, ભવિષ્યમાં ખાસ કરીને ઊંચા ટૅરિફ દર અને વૈશ્વિક વેપાર નીતિમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાની માગ પર માઠી અસર પડી શકે છે. તેમ જ વધી રહેલા ભૂ આર્થિક વિભાજનો અને ભૂ રાજકીય તણાવની પણ માગ પર અસર જોવા મળી શકે છે, એમ બૅન્કે યાદીમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે એક્ઝિમ બૅન્ક ત્રિમાસિક ધોરણે દેશની કુલ મર્કન્ડાઈઝ નિકાસ, નોન ઑઈલ નિકાસ અને જ્વેલરીની નિકાસના અંદાજે જાહેર કરે છે. અર્થાત્ એક્સપોર્ટ લિડિંગ ઈન્ડેક્સ મૉડેલને અનુસરીને બૅન્ક મે, ઑગસ્ટ, નવેમ્બર અને ફેબ્રુઆરી મહિનાના પહેલા પખવાડિયામાં અંદાજ જાહેર કરે છે. હવે પછી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં તૃતિય ત્રિમાસિકગાળાનો અંદાજ નવેમ્બર, ૨૦૨૫ના પહેલા પખવાડિયામાં જાહેર કરવામાં આવશે.

## અમેરિકાનો પ્રોડ્યુસર પ્રાઈઝ ઈન્ડેક્સ વધી આવતાં વૈશ્વિક સોનામાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકાનો જુલાઈ મહિનાનો પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ વધીને ત્રણ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં મોટી કપાત કરે તેવી શક્યતા નબળી પડતાં સોનાના હાજર અને વાયદામાં તેમ જ ચાંદીના ભાવમાં પણ ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં સ્વાતંત્ર્ય દિનની જાહેર રજા હોવાથી ઈન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહેતાં સ્થાનિકમાં ભાવની કોઈ જાહેરાત નહોતી થઈ.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૪૦.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૭ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો અને વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૩૩૮૭.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકાના ઘટાડા



સાથે ઔંસદીઠ ૩૭.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૪ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર ઈન્ડેક્સની વધઘટ ઉપરાંત આર્થિક ડેટાઓ, ટૅરિફના અહેવાલો તેમ જ યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધ અંગેના અહેવાલોની સોનાના ભાવ પર અસર જોવા મળે તેવી શક્યતા એક વિશ્લેષક રોસ નોર્મને વ્યક્ત કરી હતી. અમેરિકામાં ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને ગૂડ્સ અને સર્વિસીસના ભાવમાં વધારો થવાથી જુલાઈ મહિનાનો પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ વધીને ત્રણ વર્ષની ઊંચી સપાટીએ રહેતાં ભવિષ્યમાં ફુગાવાલક્ષી દબાણ વધે તેવી ભીતિ સપાટી પર આવી હતી. તેમ જ સાપ્તાહિક ધોરણે જાહેર થતાં બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજદારોની સંખ્યા અંદાજિત ૨,૨૮,૦૦૦ સામે ઘટીને ૨,૨૪,૦૦૦ની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા.

વાસ્તવમાં સપ્તાહના આરંભે અમેરિકી ટ્રેઝરી સચિવ બેસન્ટે આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ ૨૫ બેસિસ પૉઈન્ટ કરતાં વધુ માત્રામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી, પરંતુ ગઈકાલે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના જાહેર થયેલા ડેટાને ધ્યાનમાં લેતાં હવે વ્યાજદરમાં મોટી કપાતની શક્યતા મંદ પડતાં સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં સોનાના ભાવમાં ઓછી માત્રામાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે અમુક અંશે ખરીદીનો ટેકો મળી રહ્યો છે અર્થાત્ અગાઉ ચૂકી ગયેલા ખરીદદારોની લેવાલી રહે છે, એમ યુબીએસ કોમોડિટીના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે રોકાણકારોની નજર મુખ્યત્વે રશિયા અને અમેરિકાના પ્રમુખ વચ્ચે અલાસ્કા ખાતે યોજાનારી યુદ્ધ વિરામ માટેની બેઠક પર સ્થિર થઈ હોવાથી તેઓનો નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો.

## અમેરિકાના ઊંચા ટૅરિફ: નિકાસ વધારવા ચાર પાયાકીય વ્યૂહની દિશામાં કાર્ય કરતી સરકાર

નવી દિલ્હી: અમેરિકા દ્વારા ભારતથી થતી આયાત સામે લાદવામાં આવેલી ઊંચી ટૅરિફને ધ્યાનમાં લેતા નિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર ચાર પાયાકીય વ્યૂહની દિશામાં કાર્ય કરી રહી છે, જેમાં મુખ્યત્વે ફાસ્ટ ટ્રેક ધોરણે વેપાર વાટાઘાટો અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનૅસને પ્રોત્સાહિત કરવાનો સામેવશ થાય છે.

વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે તાજેતરમાં જણાવ્યું હતું કે હાલમાં જ્યારે વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે ત્યારે વાણિજ્ય મંત્રાલય નિકાસ સ્પર્ધાત્મકતા વધારવાનો, નિકાસ પ્રોત્સાહનો મજબૂત કરવા, ઉત્પાદનો અને બજારનું વિકેન્દ્રિકરણ કરવા અને આયાતને વિકેન્દ્રિત કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે.

વધુમાં તેમણે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે ભારતે યુકેને પણ ગત ૨૪મી જુલાઈએ થયેલા કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક ઍન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ)ને ફાસ્ટ ટ્રેક ધોરણે મંજૂર કરવા અનુરોધ કર્યો છે જેથી તેનો શક્ય તેટલી ઝડપથી અમલ થઈ શકે. તેમ જ યુરોપિયન યુનિયન સાથે પણ અમે ફાસ્ટ ટ્રેક ધોરણે વાટાઘાટો કરી રહ્યા છીએ.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરારની દિશામાં બન્ને પક્ષો વચ્ચે વેપાર વાટાઘાટોમાં ઘણી પ્રગતિ થઈ છે અને આ વર્ષના અંત સુધીમાં કરારને અંતિમ ઑપ આપવામાં આવે એવો આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે હવે પછીની બેઠકો વાટાઘાટકર્તા, સચિવ અને મંત્રીય સ્તરે થશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઓમાન સાથેની વાટાઘાટો પૂરી થઈ ગઈ છે અને બન્ને પક્ષોને અનુકૂળતા હશે તે તારીખે વેપાર કરાર પર સહિસિક્કા થઈ જશે. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડ, પેરુ અને ચિલી સાથે પણ વાટાઘાટો થઈ રહી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે ૧૦ દેશોનાં આસિયન બ્લોક સાથે માલ સામાનના મુક્ત વેપાર કરાર માટે સમીક્ષા વાટાઘાટો ચાલી રહી છે અને ગત બુધવારે અમે ભારત અને આસિયન દેશો સાથે વેપાર કેવી રીતે વધે તે માટે ચર્ચા કરી હતી. આ ઉપરાંત મુક્ત વેપાર કરાર થઈ ચૂકેલા દેશો સાથે પણ કરારનો ઉપયોગ કઈ રીતે વધારી શકાય તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ.

અમેરિકાએ ભારતથી થતી આયાત પર ગત સાતમી ઑગસ્ટથી ૨૫ ટકા ટૅરિફ લાદી છે અને આગામી ૨૭મી ઑગસ્ટથી અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ લાદશે આમ કુલ ૫૦ ટકા ટૅરિફ થઈ જશે આથી વ્યૂહ ઘડવા આવશ્યક છે. કેમ કે કેમિકલ, લેધર, ફૂટવૅર, જેમ અને જ્વેલરી તથા ટેક્સ્ટાઈલ જેવાં શ્રમલક્ષી ક્ષેત્રો પર આ ટૅરિફની ઘણી માઠી અસર પડે તેમ છે. આમ એકંદરે ટૅરિફને કારણે અનિશ્ચિતતાઓ સર્જાઈ છે અને હજુ વૈશ્વિક સ્તરે શું થશે તેની કોઈ સ્પષ્ટતા નથી.

આવા અનિશ્ચિતતાના વાતાવરણમાં અમે વિચારીએ છીએ કે એક સ્પષ્ટ વ્યૂહ અપનાવીએ જેથી આપણા નિયંત્રણમાં રહે તે રીતે નિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી શકીએ આથી અમે ચાર પાયા પર વ્યૂહ ઘડ્યા છે.

નિકાસ પ્રોત્સાહન માટે મંત્રાલય પાસે વિવિધ નિકાસ પ્રોત્સાહન સ્કીમો છે, પરંતુ તેને વધુ મજબૂત કરવાની જરૂર છે અને આયાત વિકેન્દ્રિકરણ માટે ગણેલા દેશો પરની આયાત નિર્ભરતા ઘટાડવી અને સ્થાનિકમાં વેચાણ વધારવાનો સમાવેશ થાય છે. વધુમાં મુક્ત વેપાર કરાર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે વાણિજ્ય મંત્રાલય આ કરારનો ફાસ્ટ ટ્રેક ધોરણે ઉપયોગ વધારવાની સાથે અગાઉના ૨૦ દેશ ઉપરાંત વધુ ૩૦ દેશો પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

આમ આ કુલ ૫૦ દેશ ભારતની કુલ નિકાસનો ૯૦ ટકા હિસ્સો ધરાવે તેવી નેમ રાખવામાં આવી છે. આ દેશોમાં મલયેશિયા, ઈન્ડોનેશિયા, મેક્સિકો, ઈટાલી, બેલ્જિયમ, નાઈજીરિયા અને પૉલેન્ડ વગેરેનો સમાવેશ થાય છે. વ્યૂહાત્મક ધોરણે અમે આ દેશો પર ફોકસ કરીશું અને આ દેશોમાં નિકાસ નિકાસ પ્રોત્સાહક પ્રવૃત્તિ વધારીશું, એમ તેમણે ઉમેર્યું હતું.

## આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો

### જુલાઈના પહેલા પખવાડિયામાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૬.૪૭ ટકા વધી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૩૬ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સ્વાતંત્ર્ય દિનની જાહેર રજા અને બૅન્કો પણ બંધ હોવાથી વેપારી વર્તુળોની પાંખી હાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા, જેમાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

ગઈકાલે મોડી સાંજે સરકારે આજથી અથવા તો ૧૫મી ઑગસ્ટથી અમલી બને તેમ આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો કરતાં અસરકારક જકાતમાં વધારો થયો છે. સરકારે ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૧૨ ડૉલર હતી તે વધારીને ૧૦૩૦ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૨૬૩ વધીને રૂ. ૧૫,૦૫૭ના સ્તરે, આરબીડી પામોલિનની ટૅરિફ જે ટનદીઠ ૧૦૪૪ ડૉલર હતી તે વધારીને ૧૦૫૯ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૪૭૫ વધીને રૂ. ૩૩,૫૪૩ના સ્તરે અને સોયાડિગમની ટૅરિફ જે ટનદીઠ ૧૧૨૦ ડૉલર હતી તે વધારીને ૧૧૩૪ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૨૦૪ વધીને રૂ. ૧૬,૫૭૭ના મથાળે રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૫ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના સમાનગાળાના ૬,૨૧,૭૭૦ ટન સામે ૧૬.૪૭ ટકા વધીને ૭,૨૪,૧૯૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે. આજે સ્થાનિકમાં ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં બાયબૅકમાં લેવાલી નીકળી હતી. તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં ઓલામના મેંગ્લોરથી ડિલિવરી શરતે ક્રૂડ પામતેલના રૂ. ૧૦૩૦ અને સોયા ડિગમના જેએનપીટીથી રૂ. ૧૦૪૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, સંજય સોયાના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, ક્રૂડ પામતેલના રૂ. ૧૦૨૦થી ૧૦૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સોયાડિગમના રૂ. ૧૦૩૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સન ક્રૂડના રૂ. ૧૩૨૦, સરસવના રૂ. ૧૬૨૦ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા. જોકે, ગુજરાતની મંડીઓ આજે સાતમ નિમિત્તે બંધ રહી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



પાલિતાણામાં ભાવનગર જિલ્લા કક્ષાના ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર ડો.મનીષ કુમાર બંસલની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી)



દેશના ૭૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાજકોટ શહેરકક્ષાના કાર્યક્રમની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. અધિક કલેક્ટર એ. કે. ગૌતમે રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિજનોનું સૂતરની આંટીથી અભિવાદન અને કર્મયોગીઓને સન્માનિત કરાયા હતા. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી)

## મુંદરામાં ખાનગી કંપનીની બસ હડફેટે વૃદ્ધનો જીવ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરામાં ખાનગી કંપનીની બસ હડફેટે કિશોર સવાભાઈ સથવારા (ઉ.વ. ૬૦)નું ગંભીર ઈજાના પગલે મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, મુંદરાના કરડાઈ કબ્રસ્તાન નજીક બપોરના અરસામાં અરુંધતી કંપનીની બસના ચાલકે બેદરકારીપૂર્વક રિવર્સમાં લેતાં પાછળ પગપાળા જઈ રહેલા હતભાગી કિશોરભાઈ પર બસ ફરી વળી હતી. ગંભીર અવસ્થામાં વૃદ્ધને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મુંદરા પોલીસે અકસ્માત મોત અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

## કચ્છના ભચાઉના માય ગામ નજીક ૧.૦૭ લાખ રોકડની લૂંટથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પરપ્રાંતીય લોકોની સતત વધી રહેલી વસ્તી બાદ અહીં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનારા સેંકડો બનાવો લગભગ દરરોજ બની રહ્યા છે તેવામાં ભચાઉ તાલુકાના માય ગામ નજીક નમકીનની ફેરી કરતા યુવકને છરીની અણીએ ડરાવી, બે લૂંટારાઓ રોકડ રૂ. ૧,૦૭,૨૦૦ની લૂંટ આચરતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી હતી.

રાપરના કુડાજામપરમાં રહેતો અને ભચાઉના મંગમૂર્તિ કોમ્પ્લેક્સમાં સ્થિત ગજાનંદ સેલ્સ એજન્સીમાં નોકરી કરનારા મુસ્તાક સુલ્તાન ખલીફાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે બાલાજી નમકીન વેફરના બોક્સને ટેમ્પોમાં ભરીને જુદાં-જુદાં ગામોમાં ડિલિવર કરીને ઊઘરાણીનું કામ કરે છે. ગત તા. ૧૧-૮ના રોજ તે એજન્સીમાંથી નમકીન્સનો માલ ભરીને કુંજીસર, મેઘપર, લાખાપર, માય,ખારોઈ, મનફરા બાજુના રૂટમાં ગયો હતો. માલ આપી તેની રૂ. ૧,૦૭,૨૦૦ની ઉઘરાણી કરી સાંજે પરત એજન્સીએ જઈ રહ્યો હતો, એ દરમ્યાન એજન્સીના માધવપુર, વામકા, કંથકોટ રૂટવાળા બીજા વાહનમાં પંક્ચર પડયું હોઈ, બોક્સ પાનું લઈને ત્યાં જવા માટે તેના શેઠ કમલેશ ઠક્કરે ફોન કરીને જાણ કરી હતી. ફરિયાદી અને તેનો સાથીદાર રામબાબુ મણકા ત્યાં ગયા હતા, જ્યાં પૈડું ન ખૂલતાં શેઠને જાણ કરાઈ હતી.

બાદમાં મેનેજર ભાવેશ પ્રજાપતિએ ફોન કરી પંક્ચરવાળા વાહનનો માલ ફરિયાદીના વાહનમાં ભરી લેવા કહેતાં ફરિયાદી તથા બીજી ગાડીના અસલમ અને રેહાન માલ શિફ્ટ કરી રહ્યા હતા,તેવામાં રામ મણકા માય ગામમાં પાણી પીવા જવાનું કહીને નીકળી ગયો હતો. થોડીવાર બાદ એક મોટરસાઇકલ ઉપર બે અજાણ્યા બુકાનીધારી શખ્સો ત્યાં આવ્યા હતા અને ફરિયાદીને છરી બતાવી થેલામાં જે કંઈ હોય તે આપી દેવા ધમકી આપી હતી. દરમ્યાન અસલમ,રેહાન દૂર હટી ગયા હતા અને લૂંટારુઓએ ફરિયાદી પાસેથી થેલો આંચકી લઈને માય ગામ બાજુ નાસી ગયા હતા. રૂ. ૧,૦૭,૨૦૦ની ચકચારી લૂંટના આ બનાવ અંગે પોલીસે ગત રાત્રે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

## અજ્ઞાત શખ્સોએ મહિલાના ૧.૮૦ લાખના દાગીના તફડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નખત્રાણા તાલુકાના પાનેલી ગામમાં રહેતા એક પરિવારના ઘરે આમંત્રણ આપવાના બહાને તથા ઘરની તમામ તકલીફો દૂર કરવા માટેની વિધિ કરવાના બહાને ચોર ઈસમો દ્વારા ૧.૮૦ લાખના સોનાના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના બહાર આવતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

દયાપર પોલીસે બનાવ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, વિજયાબેન પટેલના ઘરે રામદેવપીરના આખ્યાનનું આમંત્રણ આપવાના બહાને આવેલા ચોર ઈસમોએ પરિવારની તકલીફો દૂર કરવાની વાત કરી હતી અને વિશ્વાસમાં લઈ વિધિ કરાવવાના બહાને ફરિયાદીના સોનાની ચેન તથા ત્રણ વીંટી મળી કુલ રૂ.૧.૮૦ લાખના દાગીનાની ચોરી કરી નાસી ગયા હતા. આ મામલે વિજયાબેન ભવાનભાઈ પટેલે બે અજ્ઞાત શખ્સ સામે દયાપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે. ■

## મુંદરાના સમાઘોઘામાં સોલવન્ટનું ગેરકાયદે વેચાણ પકડાયુંઃ સવા કરોડનો મુદ્દામાલ કબજે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં વિવિધ પેટ્રોલિંગ પદાર્થો, માદક દ્રવ્યોની હેરાફેરી ચિંતાજનક સ્તરે વધવા પામી છે તેવામાં બંદરીય મુંદરા તાલુકાના સમાઘોઘા ખાતે આવેલા એક ખાનગી યાર્ડમાં સુરક્ષાને નેવે મૂકીને અત્યંત જ્વલનશીલ પેટ્રોલિયમ પ્રવાહીને સંગ્રહ કરીને તેનું ગેરકાયદેસર વેચાણ કરવાના કૌભાંડને સ્થાનિક પોલીસે ઉજાગર કરીને રૂ. ૯૬,૩૩,૧૯૯ના મૂલ્યનું ૧,૬૭,૧૮૫. કિલોગ્રામ પેટ્રોલિયમ સોલવન્ટ પ્રવાહી સહિત અન્ય મુદામાલ જપ્ત કરી લીધો હતો. અલબત્ત, વ્યવસ્થિત રીતે ચાલતા આ કૌભાંડમાં સંડોવાયેલો સુશીલ નાથાલાલ શર્મા નામનો આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. મુંદરા પોલીસના જણાવ્યા અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વબાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં સમાઘોઘામાં આવેલી સર્વે નંબર ૯૦માં કન્ટેનર રાખવાના શિવ કન્ટેનર યાર્ડમાંથી આઈએસઓના નવ જેટલાં ટેન્કોમાં લોકોના જીવ જોખમાય એ રીતે જ્વલનશીલ પેટ્રોલિયમ પ્રવાહી મળી આવ્યું હતું તેમજ બે ટેન્કરમાં પેટ્રોલિયમ જ્વલનશીલ પ્રવાહી દરોડા વખતે ભરવામાં આવી રહ્યું હતું.

સ્થળ પર હાજર અમિત રાજેન્દ્રપ્રસાદ પાઠક નામના સુપરવાઈઝરને આ જ્વલનશીલ પ્રવાહી સંગ્રહ કરવા અંગે આધાર પુરાવા મગાતાં તે આપી શક્યો નહોતો, તેમજ સુરક્ષા અંગેના સાધનો પણ રખાયાં નહોતાં. આ મામલે પોલીસે યાર્ડમાં પડેલા નવ આઈએસઓ ટેન્ક કિં. રૂ. ૯,૦૦,૦૦૦ તથા ટેન્કરમાં ભરેલા પેટ્રોલિયમ સોલવન્ટ પ્રવાહીનો ૧,૬૭,૨૪૫ કિલોગ્રામ જથ્થો જેની કિં. રૂ.૯૬,૩૭,૯૪૦ મળીને કુલ રૂ. ૧,૨૫,૮૩,૧૯૯ના મૂલ્યનો મુદ્દામાલ કબજે કર્યો હતો. મુંદરા પોલીસે આ મામલે વિધિવત ગુનો નોંધી આ કૌભાંડમાં સંડોવાયેલા આરોપી સુશીલ શર્મા ઉપરાંત અન્ય આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. ■

## તમારા ખાતામાં ક્યુઆર કોડ વડે પૈસા મોકલાવ્યા છે અંતરજાળના યુવાન સાથે રૂપિયા ૯૫,૦૦૦ની ઓનલાઇન છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઝડપી ઈન્ટરનેટના આજના યુગમાં નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધીનાઓ ઓનલાઇન ઠગીના શિકાર બનવાના સતત બહાર આવી રહેલા કિસ્સાઓ વચ્ચે આદિપુરના અંતરજાળમાં રહેતા એક યુવાનને 'તમને પૈસા મોકલાવ્યા છે' તેમ કહીને યુવાનના ખાતામાંથી ઠગબાજે બારોબાર રૂ. ૯૫,૦૦૦ પડાવી લીધા હતા.

મળતી વિગત મુજબ, અંતરજાળની મહાવીર સોસાયટીમાં રહેતા અને ફેબ્રિકેશનનું કામ કરનાર હેમંત સુરેશ મોતાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, ગત તા. ૧૨-૮ના બપોરે એક અજાણ્યા નંબર પરથી તેને ફોન આવ્યો હતો જેમાં પોતે રાજુ બોલતો હોવાનું કહ્યું હતું. આ ફરિયાદી સાથે બે વર્ષ પહેલાં ઉત્તર પ્રદેશનો રાજુ યાદવ ભેડિયા પણ કામ કરતો હતો અને ભોગ બનનારને આ અજાણ્યો શખ્સ રાજુ હોવાનું લાગ્યું હતું. આ દરમ્યાન, આ ઠગબાજે પોતાની માતાને પૂનાની હોસ્પિટલમાં દાખલ કર્યા છે. મારા મોબાઇલથી પૈસા ત્યાં જતા નથી એટલે તારા ખાતામાં ઓનલાઇન પૈસા મોકલું છું, તું હોસ્પિટલના નંબર પર પૈસા મોકલી આપજે તેમ કહ્યું હતું. બાદમાં ભોગ બનનારને આ શખ્સે પૈસા મોકલાવ્યાના સ્ક્રીનશોટ મોકલાવ્યા હતા અને તેને પૈસા જમા થયાના સાદા મેસેજ પણ આપ્યા હતા. આ ઠગ કહેતો ગયો તેમ ફરિયાદી અન્ય નંબર પર પૈસા મોકલાવતો હતો. બાદમાં ક્યુઆર સ્કેનર પર પણ પૈસા મોકલ્યા હતા. બીજા દિવસે ૭૫,૦૦૦ મોકલવાનું કહી પૈસા જમા કરાવવાનું કહ્યું હતું. ફરિયાદીએ પોતાનું ખાતું તપાસ કરતાં એકેય રૂપિયો આવ્યો ન હોવાનું બહાર આવ્યું હતું જેથી ભોગ બનનાર યુવાન બેંકમાં જઇ તપાસ કરતાં ગઇકાલે તેને ખાતામાં કોઇ જ પૈસા ન આવ્યા હોવાનું સપાટી પર આવતાં પોતાની સાથે છેતરપિંડી થઇ હોવાનું ધ્યાને આવ્યું હતું. રૂ. ૯૫,૦૦૦ની ઓનલાઇન છેતરપિંડી અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

## કચ્છના અબડાસાના કમડ, સુથરી, ખુવડાના કાંઠે ત્રણ કન્ટેઈનર ટેન્ક તણાઈ આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની સંવેદનશીલ જળસીમાને અડકીને આવેલા સમુદ્રકાંઠેથી પાછલા એક સપ્તાહથી મહાકાય કન્ટેઇનરો તણાઈ આવ્યા હોવાની સતત પાંચમી રહસ્યમયી ઘટના દેશના સ્વાતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ બહાર આવી હતી. મળતી વિગત મુજબ અબડાસાના કમડ, સુથરી અને ખુવડાના સાગર તટે એકસાથે ત્રણ જેટલા મહાકાય કન્ટેઇનર ટેન્ક તણાઈ આવતાં કસ્ટમ, કોસ્ટગાર્ડ, મરીન પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ તપાસમાં જોતરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા એક સપ્તાહમાં પશ્ચિમ કચ્છના સાગર કિનારે તણાઈને આવેલા મહાકાય સાત કન્ટેઇનર ટેન્ક હજુ રફ બનેલા દરિયાઈ પાણીમાં જ તરી રહ્યા છે, કારણ કે અહીં મોટી ક્રેન જેવી હેવી મશીનરી પહોંચી શકે તેમ ન હોવાથી જેને કાંઠા પર લાવવા માટે સુરક્ષા એજન્સીઓ મથામણ કરી રહી છે. અલબત્ત આ કન્ટેઇનરોની સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

અત્રે એ નોંધનીય છે કે, ગત જૂન મહિનામાં ઓમાન પાસે એક જહાજે દરિયામાં જળસમાધિ લીધી હતી, શક્ય છે કે એ જહાજના કન્ટઇનરો ભારતીય જળસીમામાં તણાઈ આવતા હોય તેવું શક્ય હોઈ શકે છે. ■

## પ્રથમ વખત અમરેલીની શેત્રુંજી નદીમાં પૂર

### ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોના મેઘવિરામ બાદ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં વરસાદ ખેંચી લાવે તેવી એક સાથે ચાર સિસ્ટમ સક્રિય થઇ છે, જેના કારણે રાજ્યમાં વરસાદી માહોલ છવાયો છે. આજે ૧૫ ઓગસ્ટને સાતમના દિવસે જૂનાગઢ, અમરેલી, ગોંડલ, બનાસકાંઠા, અંબાજી બાદ અમદાવાદમાં વરસાદ શરૂ થયો હતો. અમરેલીના ધારી પંથકમાં ધોધમાર વરસાદને પગલે ગોવિંદપુર અને સુખપુર ગામની શેરીઓમાં નદી વહેતી થઈ હોય એવા દશ્યો સામે આવ્યા હતાં. તો અમરેલી જિલ્લાની સૌથી મોટી શેત્રુંજી નદીમાં પહેલીવાર પૂર આવતા લોકો જોવા માટે ઊમટી પડ્યા હતાં. મુરઝાતા ઊભા પાક પર સોના રોપી વરસાદ પડતા મગફળી, કપાસ સહિત પાકને જીવનદાન મળ્યું છે. લાંબા વિરામ બાદ ખાંભા ગીર પંથકમાં વરસાદ શરૂ થતા જગતના તાતમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ■

## રાજકોટમાં ફૂડ વિભાગે ૧૬૦ કિલો સડેલા બટાટા અને ૭૦ કિલો દાઝીયું તેલનો નાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણી-પીણીની દુકાનો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન અખાદ્ય ચીજવસ્તુઓ અને વાસી ખોરાકનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો, જેને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

ફૂડ વિભાગની ટીમે ૧૬૦ કિલોગ્રામ સડેલા અને બિનઆરોગ્યપ્રદ બટેટા જપ્ત કરી તેનો નાશ કર્યો હતો. આ ઉપરાંત, દુર્ગંધ મારતી અને કલરયુક્ત ચટણી પણ મળી આવી હતી, જે માનવ વપરાશ માટે અયોગ્ય હોવાથી તેનો પણ નાશ કરવામાં આવ્યો હતો. ચેકિંગ દરમિયાન ૭૦ કિલો દાઝીયું અને ફરીથી ઉપયોગમાં લેવાયેલું તેલ પણ મળી આવ્યું હતું, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી તેનો પણ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

ફૂડ વિભાગની ટીમે ગરમ ખાદ્યતેલનું ટીપીસી લેવલ પણ ચેક કર્યું હતું. આ સાથે, જે વેપારીઓ પાસે લાયસન્સ નહોતું અથવા તો જેમના લાયસન્સની મુદત પૂરી થઈ ગઈ હતી તેમને ટેમ્પરરી લાયસન્સ મેળવવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. મનપાના ફૂડ વિભાગે જણાવ્યું હતું કે, ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને આગામી દિવસોમાં પણ આ પ્રકારનું ચેકિંગ ચાલુ રાખવામાં આવશે. ■

## સુરેન્દ્રનગરમાં પરિણીતા પર ગેંગરેપ બાદ હત્યાથી ચકચારઃ સીસીટીવીથી આરોપી ઓળખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર શહેરમાં છેલ્લા થોડા દિવસથી ગુનાખોરીએ માથું ઊંચક્યું છે. ૭મી ઑગસ્ટે, ૨૪ કલાકમાં ચાર શંકાસ્પદ મૃતદેહો મળ્યા હતા, જેમાંથી એક ઘટનાએ આખા શહેરમાં હલચલ મચાવી દીધી હતી. એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે એક કોમ્પ્લેક્સના ધાબા પરથી એક પરણિત મહિલાની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. તપાસ કરતા આ ઘટના ગેંગરેપ અને હત્યાની હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે મૃતક મહિલાના પરિવારની શંકાના આધારે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. આસપાસની દુકાનોના સીસીટીવી ફૂટેજ ચકાસતા એક યુવક રાત્રે મહિલાને ધાબા પર લઈ જતો જોવા મળ્યો. બાતમીદારોની મદદથી આ યુવકની ઓળખ પ્રકાશ પરમાર તરીકે થઈ હતી.

પોલીસે પ્રકાશની કડક પૂછપરછ કરતાં તેણે કબૂલ્યું કે જુમ્મા ભાદાણી અને અન્ય ત્રણ લોકો સહિત કુલ પાંચ ઈસમે સાથે મળીને મહિલા પર ગેંગરેપ કર્યો અને ત્યારબાદ તેની હત્યા કરી હતી. આ ઘટના બાદ તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

બસ સ્ટેન્ડ જેવી ભરચક જગ્યાએ રાત્રે આ પ્રકારની ઘટના બનવાથી પોલીસના પેટ્રોલિંગ પર પણ સવાલો ઊભા થયા હતા. આ ગુનાને કારણે લોકોમાં ભારે ગુસ્સો પણ જોવા મળ્યો હતો.

ડીવાયએસપી નિકુંજ પટેલે જણાવ્યું કે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે એક આરોપીને પકડી પાડ્યો હતો અને તેની પૂછપરછમાં અન્ય આરોપીઓના નામ ખુલ્યા હતા. હાલમાં ફરાર આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ■

## કેશોદના રંગપુર ગામે પ્રેમલગ્ન કરનાર યુવક પર યુવતીના પરિવાર દ્વારા જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના રંગપુર ગામે ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પ્રેમલગ્ન કરનાર યુવક પર યુવતીના પરિવાર દ્વારા લોખંડના પાઈપ અને લાકડીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ મહિલા સહિત ૧૦ જેટલા લોકોએ યુવકને ઘરમાં પૂરીને માર મારી પીઠ લાલ કરી નાખ્યાનો આક્ષેપ કર્યો હતો. આ ઘટનામાં યુવકને બચાવવા ગયેલા અને તેનો વીડિયો ઉતારવાનો પ્રયાસ કરનાર એક સગીરને પણ માર મારવામાં આવ્યો હતો. બંને ઈજાગ્રસ્તોને હાલ સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડાયા હતા. મળતી વિગત પ્રમાણે, યુવકે રંગપુરની એક પટેલ યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા છે. સાતમ-આઠમના તહેવાર નિમિત્તે તે રાજકોટથી પોતાના ગામ રંગપુર આવ્યો હતો. જ્યારે તે બપોરના સમયે પોતાના બાળકો માટે બજારમાંથી આઈસ્ક્રીમ લઈને પાછો ફરી રહ્યો હતો, ત્યારે યુવતીના પરિવારજનોએ તેને રસ્તામાં રોક્યો હતો. પહેલા ત્રણ લોકોએ લોખંડના પાઈપથી તેના પર હુમલો કર્યો અને તેને નીચે પછાડી દીધો હતો.

ત્યારબાદ લગભગ ૮થી ૧૦ લોકો જેમાં બે મોટી ઉંમરના વ્યક્તિ, સાત-આઠ યુવક અને ત્રણ મહિલાએ મળીને તેને ઘરમાં પૂરીને ઢોર માર મારવા લાગ્યા હતાં. માર માર્યા બાદ તેને બહાર કાઢી મૂકવામાં આવ્યો હતો. આ સાથે ધમકી આપવામાં આવી હતી કે, જ્યારે ફરી ભેગો થશે, ત્યારે ફરી માર મારશે.

આ ઘટના સમયે નજીકથી પસાર થતો એક સગીર ત્યાં રોકાયો હતો અને તેણે ૬થી ૭ લોકોને એક યુવકને મારતા જોઈ ઘટનાનો વીડિયો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે હુમલાખોરો લાકડી લઈને તેની પાછળ પણ દોડ્યા હતા. બાદમાં જ્યારે તે પોતાની ગાડીની ચાવી લેવા ફરી ત્યાં ગયો ત્યારે તેને અને તેના કાકાને પણ માર મારવામાં આવ્યો હતો. ■

## જૂનાગઢના ઘોઘમ ધોધમાં ડૂબી જવાથી ૧૮ વર્ષીય યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકામાં આવેલા પ્રખ્યાત ઘોઘમ ધોધમાં એક કરૂણ દુર્ઘટના બની હતી, જેમાં પાણીમાં ડૂબી જવાથી ૧૮ વર્ષીય યુવકનું મોત થયું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

મળતી વિગતો અનુસાર, કેશોદ તાલુકાના ડેરવાણ ગામનો રહેવાસી જયરાજકુમાર રામભાઈ બકોત્રા (ઉ.વ. ૧૮) તેના મિત્રો સાથે ઘોઘમ ધોધની મજા માણવા ગયો હતો. ધોધના પાણીમાં નાહતી વખતે તે અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આસપાસ હાજર લોકોએ જયરાજને ડૂબતો જોતાં તેને બચાવવા માટે તાત્કાલિક પ્રયાસો કર્યા હતા. ભારે જહેમત બાદ તેને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. યુવક બેભાન અવસ્થામાં હતો અને તેણે શ્વાસ લેવાનું બંધ કરી દીધું હતું. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મેડિકલ ટીમે જયરાજને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ■

## રાજકોટમાં ભવ્યતાપૂર્વક યોજાશે રામનાથ મહાદેવની ૧૦૫મી વરણાગી

અમદાવાદઃ રાજકોટના ગ્રામ્ય દેવતા અને આજી નદીના કિનારે બિરાજતા સ્વયંભૂ રામનાથ મહાદેવની પરંપરાગત ૧૦૫મી વરણાગી (ફુલેકું) ૧૮મી ઑગસ્ટ, સોમવારે ધામધૂમપૂર્વક નીકળશે. આ વર્ષે પણ દાદાની નગરયાત્રામાં જોડાવા માટે શહેરીજનોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો અનુસાર બપોરે ૨.૩૦ કલાકે રામનાથ મંદિરે ષોશોપચાર પૂજન સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાશે. ત્યારબાદ, બપોરે ૩.૦૦ કલાકે ''જય રામનાથ'' ના નાદ સાથે વરણાગીની શરૂઆત થશે. આ નગરયાત્રા રામનાથ મંદિરથી નીકળીને રામનાથપરા રોડ, કોઠારિયા નાકા, પેલેસ રોડ, આશાપુરા મંદિર પાછળ, કરણપરા ચોક, કિશોરસિંહજી રોડ, જયરાજ પ્લોટ અને હાથીખાના થઈને ફરી રામનાથ મંદિરે પરત ફરશે. વરણાગી દરમિયાન રાસ-ગરબાની જમાવટ થશે અને ભક્તો ઉત્સાહભેર મહાદેવને વધાવશે. વરણાગીના સમાપન બાદ મંદિરે મહાઆરતી કરવામાં આવશે અને ત્યારબાદ મહાપ્રસાદનું વિતરણ પણ થશે.

આ વરણાગીનું એક ખાસ ઐતિહાસિક મહત્ત્વ છે. લોકવાયકા મુજબ, આજથી ૧૦૧ વર્ષ પહેલાં, જ્યારે રાજકોટમાં પ્લેગની મહામારી ફેલાઈ હતી ત્યારે રાજવી લાખાજીરાજ બાપુએ આજી નદીના કાંઠે બિરાજતા રામનાથદાદાને પ્રાર્થના કરી હતી. તેમણે દાદાને મહામારી દૂર કરવા વિનંતી કરી અને નગરયાત્રા કાઢવાની માનતા રાખી હતી. દાદાની કૃપાથી મહામારી દૂર થતા ત્યારથી આ પરંપરા દર વર્ષે શ્રાવણ માસના છેલ્લા સોમવારે જળવાઈ રહી છે. ■